RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

JAMNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭


● સંવત ૨૦૮૨ આસો વદ -૧ | સોમવાર તા.૨૬-૧૦-૨૦૨૬ | અંક : ૨૫૩ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

બંગાળની ખાડીમાં વાવાઝોડાનું સંકટ, ૧૪ રાજ્યોમાં વરસાદનું એલર્ટ

જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાંવેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે બરફવર્ષા શરૂ

નવીદિલ્હી,

બંગાળની ખાડીમાં સર્જાયેલું ઊંડું દબાણ હવે વિધિવત રીતે તીવ્ર વાવાઝોડી તોફાન 'અર્નબ' માં ફેરવાઈ ગયું છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વાવાઝોડું ઝડપથી ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે, જેના કારણે ૧૪ રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. તટીય વિસ્તારોમાં ૬૦ થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાની પવનો ફૂંકાઈ રહ્યા છે.



આ વાવાઝોડાની સીધી અસર ઓડિશા, આંધ્ર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં જોવા મળી રહી છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સંબંધિત રાજ્ય સરકારોએ દ્રઢઈઢ અને જીઢઈઢની ટીમો તૈનાત કરી દીધી છે તથા માછીમારોને દરિયો ન ખેડવાની કડક સૂચના આપવામાં આવી છે.

વાવાઝોડા 'અર્નબ' ના કારણે દક્ષિણ ભારત અને પૂર્વીય રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છેઃ રેડ અને ઓરેન્જ એલર્ટઃ તામિલનાડુ, કેરળ, પુડુચેરી, આંધ્ર પ્રદેશ અને કર્ણાટકમાં ભારેથી અતિભારે વરસાદનું રેડ એલર્ટ જારી કરાયું છે. જ્યારે ઓડિશા, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે.

અન્ય અસરગ્રસ્ત રાજ્યોઃ આ ઉપરાંત ઝારખંડ, બિહાર અને દિલ્હીના કેટલાક વિસ્તારોમાં પણ વાવાઝોડાના પ્રભાવ હેઠળ આગામી ૨૬ થી ૨૯ ઓક્ટોબર દરમિયાન વાદળછાયું વાતાવરણ અને હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. એક તરફ દક્ષિણ ભારત વાવાઝોડા સામે ઝઝૂમી રહ્યું છે, તો બીજી તરફ ઉત્તર અને મધ્ય ભારતમાં ગુલાબી ઠંડીનો પ્રારંભ થઈ ચૂક્યો છેઃ જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઊંચા પહાડી વિસ્તારોમાં નવા સક્રિય થયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે બરફવર્ષા શરૂ થઈ છે. પહાડોમાંથી આવતા બર્ફીલા પવનોને કારણે દિલ્હી-દ્રઝઈ, ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં સવાર-સાંજ ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ઉત્તરાખંડના ઊંચા વિસ્તારોમાં તાપમાન શૂન્ય નજીક પહોંચી ગયું છે.

ઈરાન પરએક-બે દિવસમાં હુમલો કરીશું : ટ્રમ્પ

વોશિંગ્ટન,

અમેરિકા અને ઈઝરાયેલમાં એકાદ સપ્તાહમાં ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે બંને દેશોમાં ઈરાન યુદ્ધનો મુદ્દો સળગ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે મતદાન કર્યા પછી ચેતવણી આપી કે અમેરિકા અને ઈઝરાયેલ આજ-કાલમાં જ ઈરાન પર મોટો હુમલો કરી શકે છે. બીજીબાજુ ઈરાને વળતા જવાબમાં કહ્યું કે, આ હુમલાના એક કલાકમાં જ ઈઝરાયેલને ખેદાન-મેદાન કરી નાંખીશું. પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન યુદ્ધની આગ ઠંડી પડવાના બદલે સતત ભડકી રહી છે. એટલું જ નહીં નવા નવા વિસ્તારો આ યુદ્ધની ઝપેટમાં આવી રહ્યા છે. બીજીબાજુ હુથી બળવાખોરોએ મક્કા-મદીના પર હુમલો કર્યાનો સાઉદી અરબે આક્ષેપ કર્યો છે જ્યારે ઈઝરાયેલે પહેલી વખત ઈરાકમાં ચીનના હથિયારોના બે ગોદામનો નાશ કરી દીધા છે.

પશ્ચિમ એશિયામાં ઓઈલ ટેન્કરો પર હુમલા વધી રહ્યા છે ત્યારે અમેરિકન પ્રમુખ ટ્રમ્પે શનિવારે ફ્લોરિડામાં મિડટર્મ ચૂંટણીમાં મતદાન કર્યા પછી કહ્યું કે, ઈરાન પર ટૂંક સમયમાં જ મોટો સૈન્ય હુમલો થઈ શકે છે. ઈરાન સાથે ડીલ થશે અથવા હું તે દેશને ખતમ કરી નાંખીશ. ઈરાન હજુ પણ અમેરિકા સાથે સમજૂતી કરીને મોટી સૈન્ય કાર્યવાહીથી બચી શકે છે. અમેરિકાનો આશય ઈરાનને પરમાણુ હથિયાર બનાવતા રોકવાનો છે. અમે ઈરાનના ૨૫૯ જહાજ સમુદ્રના તળીયે પહોંચાડી દીધા છે.

મિઝોરમ, મણિપુર અને આસામમાં કેન્દ્રીય એજન્સીના મોટા દરોડાઃ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ-હવાલા રેકેટ પર્દાફાશ

ભારત-મ્યાંમાર સરહદે ચાલતા કોસ બોર્ડર રેકેટમાં ૧૮ આરોપીઓની ધરપકડ; ૧,૪૨૪ બેન્ક ખાતા ફ્રીઝ અને ૧૭.૮૨ કરોડ જપ્ત

નવીદિલ્હી,

કેન્દ્રીય એજન્સીઓ અને સ્થાનિક પોલીસ દ્વારા મિઝોરમ, મણિપુર અને આસામમાં ૩૮ સ્થળોએ સંયુક્ત દરોડા પાડીને એક મોટા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ અને હવાલા રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ કાર્યવાહી દરમિયાન ૧૮ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, ૧,૪૨૪ શંકાસ્પદ બેન્ક ખાતા ફ્રીઝ કરવામાં આવ્યા છે અને ૧૭.૮૨ કરોડ રૂપિયા જપ્ત કરવા સાથે કુલ ૨૬ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લેવામાં આવી છે. આ નેટવર્ક ભારત-મ્યાંમાર સરહદ સાથે જોડાયેલું છે. મ્યાંમારથી હેરોઈન, બ્રાઉન શુગર અને મેથાફેટામાઈન જેવી નશીલી ટેબલેટ્સની ગેરકાયદે તસ્કરી કરી તેને મિઝોરમ અને મણિપુર થઈને ભારતના અન્ય ભાગો તેમજ બાંગ્લાદેશમાં પહોંચાડવામાં આવતી હતી, જ્યારે ભારતમાંથી મ્યાંમાર કેમિલક્સ મોકલવામાં આવતું હતું.

રાહુલ ગાંધી ૨૦૧૮ના માનહાનિ કેસમાં નિર્દોષ જાહેર

લખનૌના સુલ્તાનપુરની MP-MLA કોર્ટે આજે સવારે નિર્ણય સંભળાવ્યો

લખનૌ,

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીને અમિત શાહ સાથે જોડાયેલા માનહાનિના કેસમાં નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે. સુલ્તાનપુરની સ્ંસ્ન્છ કોર્ટે સોમવારે આ નિર્ણય સંભળાવ્યો છે.

ચુકાદા બાદ કોર્ટની બહાર કોંગ્રેસ કાર્યકર્તાઓએ ઢોલ પર ડાન્સ કર્યો. ફટાકડા ફોડ્યા. 'રાહુલ ગાંધી ઝિંદાબાદ'ના નારા લગાવ્યા. રાહુલ સવારે ૧૧.૧૨ વાગ્યે કોર્ટરૂમમાં દાખલ થયા હતા. ૧૧.૩૫ વાગ્યે કોર્ટે તેમને નિર્દોષ જાહેર કરી દીધા.

ભાજપ નેતા વિજય મિશ્રાએ ઓગસ્ટ ૨૦૧૮માં રાહુલ ગાંધી વિરુદ્ધ કેસ નોંધાવ્યો હતો. આરોપ છે કે રાહુલે ૮ મે ૨૦૧૮ના રોજ બેંગલુરુમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કહ્યું હતું, 'જે પાર્ટી ઈમાનદારીની વાત કરે છે, તેના અધ્યક્ષ પર હત્યાનો આરોપ છે.'આ પહેલાં, રાહુલના કાફલાની ગાડીઓ સોમવારે સવારે સુલ્તાનપુરમાં પૂર્વાંચલ એક્સપ્રેસ-વે પર એકબીજા સાથે અથડાઈ ગઈ હતી. જણાવવામાં આવી રહ્યું છે કે વધુ ઝડપે અચાનક બ્રેક લગાવવાને કારણે કાફલાની એક એમ્બ્યુલન્સ સહિત ૫ ગાડીઓ અથડાઈ હતી. રાહુલ ગાંધી સુરક્ષિત છે.

પૂર્વાંચલ એક્સપ્રેસવે પર રાહુલ ગાંધીના કાફલાની ગાડીઓ વચ્ચે અકસ્માત

કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી લખનઉથી સુલતાનપુર કોર્ટમાં હાજરી આપવા માટે જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં એક મોટી ઘટના સામે આવી છે. પૂર્વાંચલ એક્સપ્રેસવે પર રાહુલ ગાંધીના કાફલામાં સામેલ અનેક વાહનો એકબીજા સાથે ધડાકાભેર અથડાયા હતા. આ દુર્ઘટનામાં કેટલાક સુરક્ષાકર્મીઓ અને પાર્ટી કાર્યકર્તાઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. જોકે, રાહુલ ગાંધી સંપૂર્ણપણે સુરક્ષિત છે અને તેમને કોઈ ઈજા થઈ નથી. આ અકસ્માત પૂર્વાંચલ એક્સપ્રેસવે પર ૯૧ કિમી માઈલસ્ટોનની પાસે સર્જાયો છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે રાહુલ ગાંધીના કાફલાની ૫ ગાડીઓ અને એમ્બ્યુલન્સ એકબીજા સાથે અથડાઈહતી અકસ્માતમાં પાર્ટીના કાર્યકર્તા, પદાધિકારી અને સુરક્ષા સાથે જોડાયેલા કેટલાક લોકો ઘાયલ થયાં છે. રાહુલ ગાંધી લખનઉથી સુલતાનપુર જઈ રહ્યાં હતા, ત્યારે રસ્તામાં આ અકસ્માત સર્જાયો હતોજો કે, અકસ્માતમાં રાહુલ ગાંધીને કોઈ ઈજા પહોંચી નથી, તેઓ સંપૂર્ણ રીતે સુરક્ષિત છે તેવું સૂત્રોએ જણાવ્યું છે.

ગુજરાતમાં ફાયર સેફ્ટીના નિયમો અત્યંત કડકઃ નવા સુધારા નિયમો-૨૦૨૬ને મંજૂરી

શૈક્ષણિક સંસ્થાઓ અને પંડાલો માટે એન.ઓ.સી. ફરજિયાત

અમદાવાદ,

નાગરિકોની સુરક્ષા અને ઈમારતોની સલામતી સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા ૨૩ ઓક્ટોબરે 'ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ સુધારા નિયમો ૨૦૨૬'ને મંજૂરી આપવામાં આવી છે. નવા કાયદા હેઠળ રાજ્યમાં જાહેર અવરજવર ધરાવતા કાયમી અને હંગામી તમામ સ્થળો માટે ફાયર સેફ્ટીના નિયમો અત્યંત કડક બનાવવામાં આવ્યા છે.

નવા નિયમો મુજબ, રાજ્યમાં ૧૫ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી તમામ ઈમારતો અને ૯ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓ (શાળાઓ-કોલેજો) માટે ફાયર એન.ઓ.સી. લેવું કે રિન્યુ કરાવવું ફરજિયાત બન્યું છે. આ ઉપરાંત તમામ હોસ્પિટલો, હોટલો, પેટ્રોલ પંપો, મલ્ટિપ્લેક્સ, મલ્ટીલેવલ કાર પાર્કિંગ તેમજ ૫૦૦ ચોરસ મીટરથી વધુ બાંધકામ ધરાવતી કોમર્શિયલ ઈમારતોને પણ આ દાયરામાં આવરી લેવાયા છે.ગરબા, પ્રદર્શનો કે અન્ય જાહેર કાર્યક્રમો માટે ઊભા થતા હંગામી પંડાલો અને સ્ટ્રક્ચર્સ માટે પણ ફાયર સર્ટિફિકેટ મેળવવું અનિવાર્ય કરાયું છે. ૫૦ કે તેથી વધુ લોકો એકઠા થતા હોય તેવા સ્થળો પર ૨ થી ૩ ટ્રેન્ડ સિક્યોરિટી ગાર્ડ ૨૪ કલાક તૈનાત રાખવા પડશે અને એન્ટ્રી-એક્ઝિટ ગેટ ઓછામાં ઓછા ૫ ફૂટ સર્ટિફિકેટના રિન્યુઅલ માટે મુદત પૂરી થવાના ઓછામાં ઓછા ૬૦ દિવસ અગાઉ અરજી કરવાની રહેશે તેમજ ફાયર સિસ્ટમની ચકાસણી અંગેનું સેલ્ફ-ડેકલેરેશન ગુજરાત ફાયરબ્રિગેડના પોર્ટલ પર નિયમિત અપલોડ કરવાનું રહેશે.

જમ્મુ રેલવે સ્ટેશન સામે શિવ માર્કેટમાં ભીષણ આગ, ૩૫થી વધુ દુકાનો સ્વાહા

શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની આશંકા, કરોડો રૂપિયાનું નુકસાન

જમ્મુ,

જમ્મુઃ જમ્મુ રેલવે સ્ટેશન નજીક આવેલા પ્રખ્યાત શિવ માર્કેટમાં રવિવારે મોડી રાત્રે અચાનક ભયાનક આગ ફાટી નીકળવાની ઘટના સામે આવી છે. જોતજોતામાં આગની જ્વાળાઓએ સમગ્ર બજારને પોતાની લપેટમાં લઈ લીધું હતું. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. આગ ઝડપથી ફેલાઈ ગઈ અને ૩૫થી ૪૦ દુકાનોને પોતાની ઝપેટમાં લઈ લીધી હતી. આગના કારણે લાખો કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાનો અંદાજ છે.

બનાવની ગંભીરતાને જોતાં સ્થાનિક ભાજપ વિધાયક વિક્રમ રંધાવા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે માહિતી આપતાં જણાવ્યું હતું કે, શિવ માર્કેટ એ જમ્મુ રેલવે સ્ટેશન નજીકનો એક અતિ મહત્વપૂર્ણ અને વ્યસ્ત વેપારી વિસ્તાર છે. આ માર્કેટમાં મુખ્યત્વે ડ્રાયફ્રૂટ્સ, ગરમ ધાબળા, ખાણી-પીણીના સ્ટોલ અને વિવિધ હોટેલ-ઢાબા આવેલા છે. સૂત્રોના જાણવ્યાં પ્રમાણે, કોઈ એક દુકાનમાં શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગી હતી. ફાયર બ્રિગેડના વાહનો પહોંચે તે પહેલાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આસપાસની દુકાનોમાં ઝડપથી ફેલાઈ ગઈ હતી.વિધાયક વિક્રમ રંધાવાના પ્રાથમિક અંદાજ પ્રમાણે, આ આગમાં લગભગ ૩૫થી ૪૦ જેટલી દુકાનો સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગઈ છે.

પટનામાં કોંગ્રેસ પ્રમુખ ખડગેનું વિવાદાસ્પદ નિવેદનમોદીનો બાપ પણ જશે', ભાજપ દ્વારા કરાઈ આકરી ટીકા

બિહાર કોંગ્રેસમાં હોબાળો અને આંતરિક વિવાદ વચ્ચે ખડગેના પીએમ પર પ્રહાર; બેલેટ પેપરથી ચૂંટણી અને 'એસઆઈઆર' રદ કરવાની માગ



પટના,

પટનામાં બિહારના પહેલા મુખ્યમંત્રી ડો. કૃષ્ણ સિંહની ૧૩૯મી જયંતી પ્રસંગે યોજાયેલા કોંગ્રેસના કાર્યક્રમમાં ભારે આંતરિક વિખવાદ અને હોબાળો જોવા મળ્યો હતો. આ દરમિયાન કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ વિવાદાસ્પદ ટિપ્પણી કરતા કહ્યું હતું કે, 'મોદીનો બાપ પણ જશે.' કાર્યક્રમની અંદર અને બહાર બિહાર કોંગ્રેસના સ્થાનિક નેતાઓને હટાવવાની માગને લઈને વિરોધ પ્રદર્શનો થયા હતા અને એક યુવકે ટોકતા ખડગેએ આ આક્રમક નિવેદન આપ્યું હતું.

ખડગેએ દેશમાં છેલ્લા બે વર્ષમાં યોજાયેલી ચૂંટણીઓ રદ કરીને આગામી તમામ ચૂંટણીઓ બેલેટ પેપરથી કરાવવાની માગ કરી હતી. તેમણે ચૂંટણી પંચની મતદાર યાદી સુધારા માટેની 'એસઆઈઆર' કાર્યવાહીને ગેરરીતિ ગણાવી તેને તાત્કાલિક રોકવાની માગ કરી હતી અને આ વિરોધને આઝાદીની બીજી લડાઈ સાથે સરખાવ્યો હતો. વધુમાં, તેમણે આરએસએસ અને ભાજપને ભાગલાવાદી ગણાવતા દાવો કર્યો હતો કે જ્યાં સુધી આરએસએસ નાબૂદ નહીં થાય ત્યાં સુધી દેશમાં શાંતિ નહીં સ્થપાય.ખડગેના આ નિવેદનથી રાજકારણ ગરમાયું છે. કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીએ આકરી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે વડાપ્રધાન અને તેમના દિવંગત પિતા વિરુદ્ધ અસભ્ય ભાષાનો ઉપયોગ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. ચૂંટણીઓમાં સતત પરાજયથી હતાશ કોંગ્રેસ પક્ષ હવે ગાળાગાળીનું રાજકારણ રમી રહ્યો છે અને દેશની જનતા આ પ્રકારનું વર્તન ક્યારેય સાંખી નહીં લે.

ફ્રાંસમાં મોંઘવારી,આર્થિક અસમાનતા સામે ભીષણ રમખાણોઃ ૭૦,૦૦૦ પોલીસ તૈનાત કરાઈ

શૈક્ષણિક પ્રશ્નો અને મોંઘવારીથી ભભૂકેલો જનઆક્રોશ હિંસક બન્યો; 'બ્લેક શર્ટ્સ' અને 'યલો શર્ટ્સ' વચ્ચે રાજકીય સંઘર્ષ



પેરિસ,

પેરિસ સહિત ફ્રાંસનાં અનેક શહેરોમાં જીવનજરૂરિયાતની ચીજોના સતત વધતા ભાવ, ગેસ-વીજળીના ઊંચા દર, શાળાઓની જર્જરિત હાલત અને આર્થિક અસમાનતા સામે જનતા રણે ચઢી છે. વિદ્યાર્થીઓ દ્વારા શરૂ થયેલું આ આંદોલન વિશાળ જનઆક્રોશમાં પરિવર્તિત થતાં પેરિસ, માર્સીલે, લીયોન, બોર્ડોક્સ અને નાન્તેઝ સહિતના શહેરોમાં તોફાનો ફાટી નીકળ્યાં છે.

સ્થિતિ નિયંત્રિત કરવા દેશભરમાં ૭૦,૦૦૦ પોલીસ જવાનો તૈનાત કરવા પડ્યા છે. પ્રદર્શન દરમિયાન મોટાપાયે પથ્થરબાજી, સાર્વજનિક મકાનોની તોડફોડ, મોલ્સ અને દુકાનોની લૂંટ તેમજ વાહનોને આગ ચાંપવાની અરાજક ઘટનાઓ બની છે. પોલીસે ભીડને કાબૂમાં લેવા લાઠીચાર્જ, ટીયર ગેસ અને બખ્તરિયા ગાડીઓ સાથે વોટર કેનનનો ઉપયોગ કર્યો હતો, જેમાં અનેક લોકોને ઈજાઓ થઈ છે.સત્તાવાળાઓના મતે આ રમખાણો ડાબેરી વલણ ધરાવતા 'બ્લેક શર્ટ્સ' દ્વારા ચગાવવામાં આવી રહ્યા છે, જેની સામે મરીન પેનની ફાર-રાઈટ પાર્ટીના 'યલો શર્ટ્સ' મેદાને પડ્યા છે. આમ, મૂળભૂત જરૂરિયાતો અને અસમાનતાથી શરૂ થયેલી આ અશાંતિ હવે રાજકીય રંગ પકડી રહી છે. ફ્રાંસની આ કટોકટી હવે ઈટાલી, સ્પેન, આલ્બેનિયા, પોર્તુગલ અને આર્જેન્ટીના સુધી પ્રસરતી જોવા મળી રહી છે, જે 'હેવ્સ અને હેવનોટ્સ' (સંપન્ન અને વિહોણા વર્ગ) વચ્ચેના ગંભીર સંઘર્ષ તરફ ઈશારો કરે છે.



જામનગરમાં સ્થાનકવાસી જૈન સંઘમાં આસો માસની આયંબિલની ઓળીની તપશ્ચર્યા

સ્થાનકવાસી જૈન સંઘ ચાંદીબજારની આયંબિલ ઓળી નિશ્રા અજરામર સંપ્રદાયના સુહાસીનીબાઈ સ્વામી તેમજ ગોંડલ સંપ્રદાયના જશ-ઝવેર સમય પ્રભા દિવ્ય ગુરુણીના શિષ્ય પરમ પૂજ્ય કુંદનબાઈસ્વામી દાતા પરિવાર અલ્પાબેન જીતુભાઈ મહેતા અને હંસાબેન નવીનભાઈ મહેતા દ્વારા કરાવવામાં આવી રહી છે આજ આઠમા દિવસે સ્થાનકવાસી સંઘના આમંત્રણથી જામનગર દક્ષિણના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી મેયર મોનિકાબેન વ્યાસ, શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેનભાઈ મોનાણી, કોર્પોરેટર દર્શન શેઠ, કિરીટભાઈ મહેતા ચેતન પેપર માર્ટવાળા ઉપસ્થિત રહ્યા હતા. ચાંદીબજાર સંઘના ટ્રસ્ટી દીપકભાઈ શાહ, વિજયભાઈ શેઠ, અજય શેઠ, મયુરભાઈ શાહ, વીરેન્દ્ર વસા, કિરીટભાઈ ઠક્કર, ચેતુભાઈ શાહ, રાજુભાઈ શાહ, રવિભાઈ, શેઠ જયેશભાઈ, ઘડિયાલી સુભાષભાઈ મહેતા, વિમલભાઈ શાહ, દિલીપભાઈ શાહ, સુબોધભાઈ વારીયા, પરેશભાઈ વારીયા ઉપસ્થિત રહ્યા હતા.





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગરમાં મંજૂરી વિના લગાવેલ ૪૦૦થી વધુ બોર્ડ, હોર્ડિંગ અને કિયોસ્ક ઉતારતું તંત્ર

જામનગર : દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે શહેરમાં વેપારીઓ અને ધંધાદારો દ્વારા પોતાની જાહેરાતો માટે જાહેર રસ્તાઓ પરના વીજપોલ, સ્ટ્રીટલાઇટના થાંભલા સહિતના સ્થળોએ કોઈ પણ પ્રકારની મંજૂરી વિના લગાવવામાં આવેલાં બોર્ડ, હોર્ડિંગ અને કિયોસ્ક દૂર કરવા માટે જામનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગની દબાણ હટાવ શાખા દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.



તસવીરઃ સુનિલ ચુડાસમા

મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિયાના માર્ગદર્શન હેઠળ એસ્ટેટ વિભાગની ટીમોએ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ફરીને ગેરકાયદે લગાવવામાં આવેલાં જાહેરાતનાં બોર્ડ અને કિયોસ્ક દૂર કરવાની કાર્યવાહી કરી હતી. દબાણ હટાવ શાખાના ધર્મેન્દ્રસિંહ જાડેજા તેમજ યુવરાજસિંહ ઝાલા ની રાહબરી હેઠળ હાથ ધરાયેલી આ કામગીરી દરમિયાન સમગ્ર દિવસમાં ૪૦૦થી વધુ બિનઅધિકૃત બોર્ડ, હોર્ડિંગ અને કિયોસ્ક ઉતારી લઈને મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવવામાં આવ્યાં હતાં.

મહાનગરપાલિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે શહેરના અન્ય માર્ગો પર પણ મંજૂરી વિના જાહેરાત માટે લગાવવામાં આવેલાં બોર્ડ, હોર્ડિંગ કે અન્ય પ્રકારનાં દબાણો સામે કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. જાહેર માર્ગો અને સ્ટ્રીટલાઇટના થાંભલાઓ પર બિનઅધિકૃત રીતે જાહેરાતો લગાવનારાઓ સામે દબાણ હટાવવાની ઝુંબેશ આગામી દિવસોમાં પણ અવિરત ચાલુ રાખવામાં આવશે.

કાલાવડમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ભવ્ય છાત્રાલયનું ભૂમિપૂજન

કાલાવડ : જામનગર જિલ્લાના કાલાવડ ખાતે સ્વ. રામજી ડાયા સોમૈયા કાલાવડ તાલુકા મેઘવાળ સેવા સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, કાલાવડ શીતળા દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ભવ્ય છાત્રાલયનું નિર્માણ કરવામાં આવશે. આ માટે દીનદયાળ પોર્ટ, કંડલા તરફથી ત્રણ તબક્કામાં કુલ રૂ. ૩.૫૦ કરોડનું અનુદાન પ્રાપ્ત થનાર છે.

આ છાત્રાલયનું ભૂમિપૂજન તા. ૨૪/૧૦ના રોજ કચ્છના ત્રિકમ સાહેબ આશ્રમના મહંત શ્રી ભરતદાસ બાપુ તથા જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિનાં ચેરપર્સન શ્રીમતી લક્ષ્મીબહેન વારસકિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જામનગર ગ્રામ્યના પૂર્વ ધારાસભ્ય લાલજીભાઈ સોલંકી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. છાત્રાલય માટે અનુદાન મેળવવામાં મહંત ભરતદાસ બાપુ, ગાંધીધામ–કચ્છના ભાણજીભાઈ રાઠોડ અને રામજીભાઈ ચાવડા, પૂર્વ ધારાસભ્ય લાલજીભાઈ સોલંકી, દલિત સમાજના પ્રમુખ પ્રવિણભાઈ વઘોરા તેમજ મગનભાઈ વઘોરા, રામજીભાઈ મુછડીયા અને દેવશીભાઈ રાખશીયા સહિતના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી. આ આગેવાનો ભૂમિપૂજન પ્રસંગે પણ ઉપસ્થિત રહ્યા હતા. આ અનુદાન મેળવવા માટે જામનગર અને દેવભૂમિ દ્વારકાનાં સાંસદ પૂનમબહેન માડમ, કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા તથા ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાનો સહયોગ પ્રાપ્ત થયો હતો.




ભૂમિપૂજન પ્રસંગે ડૉ. જિગ્નેશ સોલંકી, નાથાભાઈ વારસકિયા, મગનભાઈ ચંદ્રપાલ, જીવણભાઈ સોલંકી, લક્ષ્મણભાઈ વઘોરા, લક્ષ્મણભાઈ ચાવડા, રમેશભાઈ સોલંકી, નાથાભાઈ બાબરીયા, તરુણ ચૌહાણ, સુરેશ શુકલ, જે. પી. મારવીયા, અભિષેક પટવા, હસમુખભાઈ વોરા તેમજ દલિત સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના શિક્ષણ અને રહેવાની સુવિધા માટે ઉપયોગી બનનાર આ છાત્રાલયના નિર્માણમાં સહયોગ આપવા બદલ સમગ્ર દલિત સમાજે દીનદયાળ પોર્ટ, કંડલા તથા સહયોગી સાંસદો, ધારાસભ્ય અને તમામ આગેવાનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

ખંભાળિયાની ૧૮૧ અભયમ ટીમ દ્વારા પરિણીતાનો તુટતો ઘરસંસાર બચાવ્યો



અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે ખાસ કરીને મહીલાઓ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા મહિલાઓને વ્યકિતગત અને સામાજિક રીતે સુરક્ષા કવચ પૂરું પાડી રહી છે. ત્યારે ખંભાળિયાની અભયમ ટીમે દ્વારકા જિલ્લા નાં એક ગામ ની પરિણીતા નાં દાંપત્ય જીવનમાં પડેલી તિરાડ ને દુર કરી પતી- પત્ની વચ્ચે સુખદ સમાધાન કરાવ્યું છે.


એક પરિણીતા દ્વારા ૧૮૧ અભયમ મહીલા હેલ્પ લાઈન પર કૉલ કરી જણાવેલ કે તેનો પતિ દરરોજ તેને ઘરકામ બાબતે માનસીક ત્રાસ આપી નશા માં મારપીટ કરતો હોય જેથી પતીનું કાઉન્સેલિંગ કરવવા પરિણીતા દ્વારા અભયમનો સંપર્ક કરતાં જ દ્વારકા જિલ્લાના ખંભાળિયાથી ૧૮૧ અભયમ ટીમ નાં કાઉન્સે લર શિલ્પાબને રાઠોડ મહીલા પોલીસ લક્ષ્મી બેન મોરી તેમજ પાયલોટ નયનભાઈ ભરવાડ તાત્કાલીક ઘાટના સ્થળે પહોંચ્યા હતાં.

પરિણીતાનું કાઉન્સેલિંગ કરતાં જણાવેલ કે પરિવારમાં પતિની આવક પુરી નાં પડતાં પોતે મજૂરીએ જતાં હોય અને પતીને આર્થિક ટેકો પૂરો પાડતા હોય પરંતુ મજુરીએ જતાં હોવાથી ઘરકામમા વધુ સમય ફાળવી શકતા નહિ જેથી દંપતિ વચ્ચે ઘરકામ બાબતે ઘરકંકાસ થતો અને ઘણી વાર પતિ દ્વારા નશો કરી મારપીટ પણ કરવામાં આવતી.

ત્યાર બાદ પતિ ઘટના સ્થળ પર હાજર હોય ટીમે પતિ ને સમજાવેલ કે ઝઘડો કે મારપીટ કરવી સમસ્યા નું સમાધાન નથી,, પત્ની જો તમને આર્થિક રીતે સહભાગી થાતી હોય તેમ તમારે પણ પત્ની ને ઘર નાં કામકાજ માં મદદ કરવી,, જેથી દાંપત્ય જીવન માં મધુરતા આવે,, ઘર ને સુઘડ રાખવું પરિવારના દરેક સદસ્યો ની નૈતિક જવાબદારી છે જેવી બાબતો પતિ પત્ની સાથે યોગ્ય પરામર્શ કરી,, પતિ ને ઘરેલું હિંસા એક્ટ અંગે કાયદાકીય માહિતી આપી સામાજિક બંધનો અને તેની ફરજો અંગે સમજણ આપી,, પીડિતા ને આગળ કોઈ કાર્યવાહી કરવી નાં હોય અને પતિ ને પણ પોતાની ભુલ નો અહેસાસ થતાં ફરી વખત ઝઘડા કે મારકૂટ નાં થાય તે અંગે ખાત્રી આપતાં,, ટીમ દ્વારા પીડિતા ને લાંબાગાળાના પરામર્શ માટે મહીલા સહાયતા કેન્દ્ર તેમજ પ્રિલેટીગેશન માટે લોક અદાલત અંગે માર્ગદર્શન આપી માહિતગાર કર્યા હતા,, પરિણીતા નાં પતિ અને પરિવારજનોએ ૧૮૧ અભયમ ટીમ નો ખુબ ખુબ આભાર વ્યક્ત કરેલ હોય.

જામનગર સરકારી ડેન્ટલ કોલેજ ખાતે અદ્યતન 'ગર્લ્સ હોસ્ટેલ'નું ઈ-લોકાર્પણ કરતાં મુખ્યમંત્રી





જામનગર : આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત સરકાર અંતર્ગત કાર્યરત સરકારી ડેન્ટલ કોલેજ જામનગર ખાતે વિદ્યાર્થિનીઓ માટે અંદાજે રૂ. ૨૬ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ અદ્યતન નવનિર્મિત ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડીંગનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા તબીબી શિક્ષણ વિભાગના મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા તેમજ આરોગ્ય વિભાગના ગાંધીનગર ખાતેના ઉચ્ચ અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

વર્ષ ૧૯૯૧માં સ્થપાયેલી સરકારી ડેન્ટલ કોલેજ ખાતે હાલ સ્નાતકના ૧૨૫ તેમજ અનુસ્નાતકના વિદ્યાર્થીઓના અભ્યાસ અને એડમિશનને ધ્યાને રાખીને, જામનગર જિલ્લાના વરિષ્ઠ નેતાઓના સઘન પ્રયાસોથી રાજ્ય સરકાર દ્વારા ગર્લ્સ હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવ્યું છે. કુલ ૧,૨૧,૧૮૧ ચોરસ ફૂટ ક્ષેત્રફળમાં પથરાયેલી ૬ + ૭ માળની આ આધુનિક બિલ્ડીંગમાં ૧૬૫ રૂમો બનાવવામાં આવ્યા છે, જેમાં ૩૩૦ વિદ્યાર્થિનીઓ રહી શકશે. આ હોસ્ટેલમાં દરેક રૂમમાં જરૂરી ફર્નિચર, બે હાઈ-સ્પીડ લિફ્ટ, સેન્ટ્રલ આર.ઓ. પ્લાન્ટ, સુસજ્જ મેશ, લોન્ડ્રી, વેટિંગ એરિયા, રેક્ટર ક્વાર્ટર, પાર્કિંગ તેમજ સુરક્ષા માટે અદ્યતન ફાયર સેફ્ટીની સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

આ નવીન હોસ્ટેલથી વિદ્યાર્થિનીઓને સુરક્ષિત, સુવિધાયુક્ત અને શૈક્ષણિક વાતાવરણને અનુરૂપ આવાસ સુવિધા પ્રાપ્ત થશે, જે સંસ્થાના શૈક્ષણિક માળખાને વધુ મજબૂત બનાવવાની સાથે તબીબી શિક્ષણ ક્ષેત્રે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાને પણ પ્રતિબિંબિત કરે છે. આ પ્રસંગે મેયર મોનિકાબેન વ્યાસ, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, શહેર પ્રાંત અધિકારી એસ.ડી.બારડ વગેરે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત સરકારના માર્ગદર્શન અને સહયોગથી આકાર પામેલી આ આધુનિક ગર્લ્સ હોસ્ટેલ સરકારી ડેન્ટલ કોલેજ, જામનગરના શૈક્ષણિક વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન બની રહેશે. કાર્યક્રમ અંતર્ગત સંસ્થાના ડીન ડો.નયના પટેલ સહિતના અધિકારીઓ, કર્મચારીઓ અને તમામ વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહેલા મહાનુભાવો તેમજ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

જામનગરમાં આજથી સ્વદેશી મેળો-શોપિંગ ફેસ્ટિવલનો પ્રારંભ

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત સરકાર તથા ગુજરાત શહેરી આજીવિકા મિશન (GULM) અંતર્ગત સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે તા. ૨૬ ઓક્ટોબરથી ૬ નવેમ્બર, ૨૦૨૬ સુધી સ્વદેશી મેળો-શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. જામનગર શહેરના મધ્યમાં આવેલા પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ મેળાનું ઉદ્ઘાટન આજ તા. ૨૬ના રોજ રાત્રે ૮:૩૦ કલાકે કરવામાં આવશે. મેળો દરરોજ સવારે ૧૦ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી મુલાકાતીઓ માટે ખુલ્લો રહેશે.

આ મેળામાં સ્વસહાય જૂથો, સખી મંડળો, સ્થાનિક કલાકારો, હસ્તકલાકારો, નાના ઉત્પાદકો, શહેરી ફેરિયાઓ તથા નાના વેપારીઓને પોતાનાં સ્વદેશી ઉત્પાદનો અને હસ્તકલાની વસ્તુઓના પ્રદર્શન તથા વેચાણ માટે તક પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત સ્થાનિક કલા, સંસ્કૃતિ અને પરંપરાગત ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાની સાથે કારીગરોની કળા અને ઉત્પાદનો વધુ લોકો સુધી પહોંચે તેવા પ્રયાસો પણ કરવામાં આવશે.

મેળાનો મુખ્ય હેતુ સ્થાનિક ઉત્પાદનોના વેચાણને વેગ આપવો, સ્વરોજગારીની તકો ઊભી કરવી, મહિલા સ્વસહાય જૂથોને આર્થિક રીતે સશક્ત બનાવવાં અને નાગરિકોમાં સ્વદેશી વસ્તુઓના ઉપયોગ અંગે જાગૃતિ કેળવવાનો છે. આ પહેલથી નાના વેપારીઓ અને સ્થાનિક કારીગરોને બજાર ઉપલબ્ધ થવાની સાથે સ્થાનિક અર્થતંત્રને પણ પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે.

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેર તથા આસપાસના વિસ્તારના નાગરિકોને પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે યોજાનારા સ્વદેશી મેળા-શોપિંગ ફેસ્ટિવલની મુલાકાત લેવા, સ્થાનિક કારીગરો અને વેપારીઓને પ્રોત્સાહન આપવા તથા સ્વદેશી ઉત્પાદનોની ખરીદી કરીને સ્થાનિક રોજગાર અને આર્થિક વિકાસમાં સહભાગી બનવા અપીલ કરવામાં આવી છે.

ધ્રોલ આહિર કન્યા છાત્રાલય તથા નર્સિંગ કોલેજમાં રાહત દરે અભ્યાસક્રમો શરૂ કરવાની જાહેરાત

ધ્રોલ : ધ્રોલ વર્તમાન સમયમાં દુષ્કાળ જેવી વિષમ પરિસ્થિતિ વચ્ચે ખેડૂતો અને પશુપાલક પરિવારો આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે, ત્યારે તેમના સંતાનોનું શિક્ષણ ન અટકે તે હેતુથી આહીર સમાજના અગ્રણીઓએ માનવતાની ઉત્કૃષ્ટ મિસાલ રજૂ કરી છે. 'સમય અઘરો છે તો શું? અમે તમારી સાથે છીએ' એવા ઉમદા અને સંવેદનશીલ અભિગમ સાથે માતૃ શ્રી રામબાઈ માં આહીર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં ધરતીપુત્રો અને માલધારીઓના બાળકો માટે રાહત દરે અભ્યાસક્રમો શરૂ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે.

આ પહેલ અંતર્ગત ટ્રસ્ટ સંચાલિત કન્યા વિદ્યાલયમાં ધોરણ ૫ થી ૧૨ના અભ્યાસની સાથે-સાથે મેડિકલ સાયન્સ એન્ડ નર્સિંગ કોલેજ, ધ્રોલ ખાતે B.Sc Nursing, GNM Nursing તેમજ ANM Nursing જેવા પ્રોફેશનલ અભ્યાસક્રમો પણ રાહત દરે ઉપલબ્ધ કરાવવામાં આવશે. ખાસ કરીને મેડિકલ અને નર્સિંગ જેવા ખર્ચાળ અભ્યાસક્રમો સામાન્ય પરિવારની દીકરીઓ અને વિદ્યાર્થીઓ પણ સરળતાથી પૂર્ણ કરી પગભર બની શકે તે માટે આ સંસ્થા દ્વારા હાથ લંબાવવામાં આવ્યો છે. આ યોજના, પ્રવેશ પ્રક્રિયા અને અભ્યાસક્રમ સંબંધિત વધુ વિગતો મેળવવા માટે સંસ્થા દ્વારા ૮૮૪૯૫૭૦૨૦૨ તથા ૯૬૬૪૮૯૪૨૯૪ નંબર જાહેર કરી તેના પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

જામનગરમાં બુલેટની અડફેટે મોટરસાઇકલ ચાલકને ફ્રેક્ચરની ઈજા

જામનગર : જામનગરમાં પોલીસ હેડક્વાર્ટર નજીક શંકર મંદિર સામે જાહેર માર્ગ પર બુલેટચાલકે પૂરઝડપે અને બેફિકરાઈથી મોટરસાઇકલ ચલાવી અકસ્માત સર્જતાં એક વ્યક્તિને ડાબા પગમાં ફ્રેક્ચર સહિતની ઈજા થઈ હોવાની ફરિયાદ અંગે સીટી 'બી' ડિવિઝન પોલીસ મથકમાં નોંધાઈ છે.

શહેરના મહાકાળી મંદિર પાસે રહેતા વિજયભાઈ હરજીભાઈ પરમાર (૫૦) પોતાની હીરો હોન્ડા મોટરસાઇકલ લઈને પોલીસ હેડક્વાર્ટર નજીક શંકર મંદિર સામેના માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન આશાપુરા હોટલ તરફથી જીજે-૧૦-સીએફ-૮૯૯૦ નંબરનું બુલેટ મોટરસાઇકલ પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી ફરિયાદીની મોટરસાઇકલ સાથે અથડાતાં તેમને ડાબા પગમાં ફ્રેક્ચરની ઈજા થઈ હતી. આ બનાવ અંગે ફરિયાદી દ્વારા સીટી 'બી' ડિવિઝન પોલીસે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તથા મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭ અને ૧૮૪ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. તપાસ પોલીસ હેડ કોન્સ્ટેબલ જે.કે. વજગોળ કરી રહ્યા છે.

ધ્રોલ ૧૦૮ની ટીમે ચાલુ એમ્બ્યુલન્સમાં કરાવી સફળ નોર્મલ ડિલિવરી



ધ્રોલ : ધ્રોલ ૧૦૮ ઈમરજન્સી સેવાની ટીમે ફલ્લા ગામ નજીક ચાલુ એમ્બ્યુલન્સમાં સફળ નોર્મલ ડિલિવરી કરાવી માનવતાભર્યા સેવાકાર્યનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. સગર્ભા મહિલાને ધ્રોલ સામૂહિક આરોગ્ય કેન્દ્રથી વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ લઈ જવામાં આવી રહી હતી, ત્યારે રસ્તામાં પ્રસૂતિની પીડા ઉપડતાં ઈરૂ નાકુમ હેતલબેને ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ પોતાની મેડિકલ સૂઝબૂઝથી એમ્બ્યુલન્સમાં જ સફળ પ્રસૂતિ કરાવી હતી. મહિલાએ ૨.૫ કિલો વજન ધરાવતા તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો હતો. આ કામગીરીમાં પાયલોટ હરપાલસિંહ સરવૈયા, ઈઈઝ્ર ડૉ. નિકુંજ અને ઈસ્ઈ જયદેવસિંહ જાડેજાએ પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. પ્રસૂતિ બાદ માતા અને નવજાત બાળકને સુરક્ષિત રીતે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે વધુ સારવાર માટે પહોંચાડવામાં આવ્યાં હતાં. ૧૦૮ની ટીમની સમયસૂચકતા અને સેવાભાવનાથી પરિવારજનોમાં રાહત અને ખુશીનો માહોલ છવાયો હતો.

દેવભૂમિ દ્વારકાધીશ જગતમંદિરમાં પરંપરાગત ઉજવાયો શરદોત્સવ, ઠાકોરજીને દૂધ-પૌઆનો વિશેષ મહાભોગ

રાજાધિરાજે શ્વેત વસ્ત્રો, મસ્તક પર મયુરમુકુટ, સુવર્ણજડિત આભુષણો સહિતાનો દિવ્ય શૃંગાર ધારણ કાર્ય





દ્વારકા : દ્વારકાધીશ જગતમંદિરમાં ગઈકાલ રવિવારે સાંજે શરદોત્સવની પરંપરાગત રીતે ઊજવણી કરવામાં આવી હતી. જગતમંદિર પરિસરમાં સાંજે સંધ્યા આરતી બાદ શરદોત્સવ ઉજવાયો હતો. રાજાધિરાજ ભગવાન દ્વારકાધીશને રાસેશ્વર કૃષ્ણના ભાવથી શૃંગાર ધારણ કરાવવામાં આવ્યા હતા. રાજાધિરાજને સાંજના સમયે વિશેષરૂપે શ્વેત વસ્ત્રો, મસ્તક પર મયુરમુકુટ, સુવર્ણજડિત આભુષણો, ચોટી સહિતાનો દિવ્ય શૃંગાર ધારણ કરાવવામાં આવ્યા.

સંધ્યા આરતી બાદ રાત્રે ૮ થી ૧૦:૩૦ સુધી જગતમંદિર પરિસરમાં રાસોત્સવ યોજાવામા આવ્યો હતો. રાણીવાસમાં બિરાજતાં ઉત્સવસ્વરૂપ એવા ગોપાલજી મહારાજને મંદિર પરિસરમાં ચંદ્રના પ્રકાશમાં બિરાજમાન કરાવી દૂધ પૈવાનો વિશેષ મહા ભોગ લગાવી ઉત્સવ આરતી કરવામાં આવી હતી.

ગોપી ભાવથી આનંદ પુજારી દ્વારા ગોપીવેશ ધારણ કરવામાં આવ્યો હતો. જગતમંદિરમાં શરદોત્સવનું વિશેષ મહત્વ હોય ભાવિકો આ દિવસે અચૂક જગતમંદિરમાં રાસોત્સવ મનાવવા પધારે છે. પૂજારી પરિવાર અને ભાવિકો મંદિર પરિસરમાં ભગવાન સાથે શ્રીજીના ધાર્મિક ભજનો સાથે રાસોત્સવ રમી ઝુમી ઉઠ્યા હતા. મોટી સંખ્યામાં કાળીયા ઠાકોરના દર્શન કરી રાસોત્સવ રમી નિહાળ્યો હતો.

કાલાવડ ટાઉનમાં એક્ટિવા ધીમું ચલાવવાનું કહેતાં વેપારી પર છરી વડે હુમલો

બચાવવા વચ્ચે પડેલા પિતરાઈ ભાઈને પણ ઈજા, બંનેને ૧૯ ટાંકા આવ્યા

કાલાવડ : કાલાવડમાં એક્ટિવા ધીમું ચલાવવાનું કહેતાં ઉશ્કેરાયેલા શખ્સે મટનના વેપારી પર છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડતાં પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. વેપારીને બચાવવા વચ્ચે પડેલા તેના પિતરાઈ ભાઈને પણ છરી વાગતાં ઈજા થઈ હતી. બંનેને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં વેપારીને કુલ ૧૧ ટાંકા અને તેના પિતરાઈ ભાઈને આશરે આઠ ટાંકા આવ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ કાલાવડના ખાટકીવાડમાં ઈમામના ઓટાવાળી શેરીમાં રહેતા અને નિકાવા ગામે ગેબનશા પીરની દરગાહ સામે એસ.કે. નામની દુકાનમાં મટનનો વેપાર કરતા અમીનભાઈ હુસેનભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૪) તા. ૨૪ની રાત્રે તેઓ દુકાન બંધ કરીને મોટરસાઈકલ પર ઘરે જતા હતા ત્યારે ખત્રીની બારી પાસે અબા પાનવાળી શેરી તરફથી યુસુફ ઉર્ફે બદરૂ નુરૂદ્દીન ચુનિયા (રહે. ખત્રીવાડ, કાલાવડ) એક્ટિવા લઈને સામેથી આવ્યો હતો. એક્ટિવા ધીમું ચલાવવાનું કહેતાં આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપવા લાગ્યો હતો. વેપારીએ ગાળો આપવાની ના પાડી આગળ જતાં આરોપી એક્ટિવા લઈને તેમની પાછળ આવ્યો હતો.

બાદમાં વોરાવાડ વિસ્તારમાં વોરાની જૂની મસ્જિદ પાસે આરોપીએ એક્ટિવા ઊભું રાખી વેપારીને અટકાવ્યા હતા અને પોતાની પાસેની છરીથી તેમના ડાબા હાથના બાવડામાં ઘા ઝીક્યો હતો. બીજો ઘા મારવા જતાં વેપારીએ છરી પકડવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં તેમની આંગળીઓમાં પણ ઈજા થઈ હતી. આ દરમિયાન તેમને બચાવવા વચ્ચે પડેલા તેમના પિતરાઈ ભાઈ શાહરૂખ નજીરભાઈ ચૌહાણને ડાબા હાથની ટચલી આંગળીમાં છરી વાગી હતી. આરોપીએ ફરી સામા મળવા પર જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી નાસી છૂટ્યો હતો.

જ્યારે બંને ઈજાગ્રસ્તોને પ્રથમ કાલાવડની સરકારી હોસ્પિટલમાં સારવાર અપાયા બાદ વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે કાલાવડ પોલીસે યુસુફ ઉર્ફે બદરૂ ચુનિયા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જામનગરમાં આર્થિક સંકડામણથી પરેશાન યુવાનનો રૂમમાંથી મૃતદેહ મળી આવ્યો

જામનગર : જામનગર શહેરના નાગેશ્વર કોલોની વિસ્તારમાં ભવાની માતાના મંદિર પાસે રહેતા એક આધેડે પોતાના ઘરના રૂમમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ હતી.

શહેરના નાગેશ્વર કોલોનીમાં ભવાની માતાના મંદિર પાસે રહેતા હિતેશભાઈ રામજીભાઈ પરમાર નામનો ૪૨ વર્ષીય યુવાનની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે માનસિક તણાવમાં રહેતા હોય જેથી તેમણે પોતાના ઘરના રૂમમાં દુપટ્ટા વડે ગળેફાંસો ખાઈ લેતાં તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના ભાઈ રાહુલ પરમારે પોલીસને જાણ કરતા સીટી-બી ડિવિઝન પોલીસ ઘટનાસ્થળે દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી અપમૃત્યુની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

કાલાવડના ગોલણીયા નજીક દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી પર પોલીસનો દરોડો

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં દેશી દારૂની ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. કાલાવડ ગ્રામ્ય પોલીસની ટીમે ગોલણીયા ગામથી નાગપુર ગામ તરફ જતા રસ્તા નજીક બાવળની કાંટમાં ચાલતી દેશી દારૂ બનાવવાની પ્રવૃત્તિ ઝડપી પાડી હતી. પોલીસે સ્થળ પરથી દેશી દારૂ બનાવવાનો ૮૦૦ લિટર આથો તથા પ્લાસ્ટિકનાં ચાર બેરલ સહિત કુલ રૂ. ૨૦,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, કાલાવડ ગ્રામ્ય પોલીસની ટીમ રાત્રે પેટ્રોલિંગમાં હતી. દરમિયાન દેશી દારૂ બનાવવાની પ્રવૃત્તિ અંગે બાતમી મળતાં પોલીસે ગોલણીયા ગામથી નાગપુર તરફ જતા માર્ગ પર દરોડો પાડ્યો હતો. જ્યાં બાવળની કાંટમાં પ્લાસ્ટિકનાં ચાર બેરલ મળી આવ્યાં હતાં. તપાસ દરમિયાન બેરલમાં દેશી દારૂ બનાવવા માટેનો આથો ભરેલો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આઠસો લિટર આથો, જેની કિંમત રૂ. ૨૦,૦૦૦ થાય છે, તેમજ રૂ. ૮૦૦ની કિંમતનાં ચાર પ્લાસ્ટિકનાં બેરલ મળી કુલ રૂ. ૨૦,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. દરોડા દરમિયાન પોલીસે નાગપુર ગામના રહેવાસી નરેન્દ્રભાઈ ભોજાભાઈ સીંગલ (ઉં.વ. ૨૫)ને ઝડપી પાડ્યો હતો. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આ પ્રવૃત્તિમાં નાગપુર ગામના જ જીતેશભાઈ સોલંકી અને સુરેશભાઈ માવજીભાઈ પરમાર પણ સંડોવાયેલા હોવાની વિગતો સામે આવી હતી. જોકે, દરોડા સમયે આ બંને શખ્સો સ્થળ પર હાજર મળ્યા ન હતા. આ મામલે કાલાવડ ગ્રામ્ય પોલીસે ઝડપાયેલા શખ્સ સહિત ત્રણેય સામે પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એફ) અને ૮૧ હેઠળ ગુનો નોંધ્યો છે.

જામનગરમાં પૈસાની લેતીદેતીના વિવાદથી વ્યથિત પ્રૌઢે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

ચેક બાઉન્સના કેસને લઈને માનસિક તણાવમાં અંતિમ પગલું ભરી લીધું

જામનગર : જામનગર શહેરના રણજીતસાગર રોડ વિસ્તારમાં રહેતા પર વર્ષીય પ્રૌઢે નાણાકીય લેતીદેતીના વિવાદથી વ્યથિત થઈ ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પોલીસ દ્વારા અપમૃત્યુની નોંધ કરી તપાસ હાથ ધરવામાં આવી છે.

જામનગરના રણજીતસાગર રોડ પર કીર્તિ પાનના ઢાળિયા પાસે અશોક વાટિકા શેરી નં. ૩માં રહેતા ગોરધનભાઈ ગાંડુભાઈ તારપરા (ઉં.વ. ૫૨)એ ઝેરી જંતુનાશક દવા પી લેતાં તેમને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

પોલીસમાં નોંધાયેલી વિગતો મુજબ મૃતકના ઓળખીતા ધવલભાઈ રમેશભાઈ વસોયા દ્વારા બ્રાસપાર્ટનો માલ ખીમજીભાઈ નકુમને વેચવામાં આવ્યો હતો. આ વ્યવહારના નાણાં અંગે ધવલભાઈ તથા આશીષભાઈ સાથે લેતીદેતી ચાલતી હોવાનું નોંધાયું છે.

આ ઉપરાંત નવીનભાઈ ડોબરિયા સાથે ભંગારના વ્યવહાર અંગે નાણાકીય લેતીદેતી ચાલતી હતી અને ચેક બાઉન્સ અંગે કોર્ટમાં ફરિયાદ પણ કરવામાં આવી હોવાનું પોલીસ નોંધમાં જણાવાયું છે. જ્યારે ધીરજભાઈ સોરઠિયા સાથે પણ નાણાકીય વ્યવહાર હોવાનું સામે આવ્યું છે.આ તમામ નાણાકીય વ્યવહારોના કારણે મૃતક માનસિક રીતે વ્યથિત હોવાનું પ્રાથમિક પોલીસ નોંધમાં જણાવાયું છે. દરમિયાન તેમણે ઝેરી દવા પી લેતાં સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.


સોગઠી ગામે વ્યથિત પરિણીતાએ ઝેર દવા પી જીવતર ટૂંકાવ્યું

જામનગર : જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સોગઠી ગામે રહેતી એક પરિણીતાએ કોઈ અકળ કારણસર ઝેર દવા પી લેતા તેણીનું મૃત્યુ નિપજ્યાનો બનાવ પોલીસ ચોપડે ઉઠવા પામ્યો છે.

પ્રાપ્ત વુગત મુજબ જામજોધપુર તાલુકાના સોગઠી ગામમાં રહી ખેતમજૂરી કરતા મૂળ અલીરાજપુર, મધ્યપ્રદેશના વતની શીતલબેન અશ્વિનભાઈ વસુનીયા નામની ૨૦ વર્ષીય પરિણીતાએ તા.૨૦/૧૦ના રોજ રાત્રીના પોતાના ઘરે અગમ્ય કારણસર જંતુનાશક દવા પી આપઘાતનો પ્રયાસ કરી લીધો હતો. જેને તાત્કાલિક જી.જી.હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતાં તબીબે મોત થયાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે પોલીસને જાણ કરતા હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી બનાવ અંગે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

સામોર પાસે પશુના ટોળા સાથે બાઈક અથડાતા બે યુવાન ઘાયલ : વાછરડાનું મોત



ખંભાળિયા : ખંભાળિયા - દ્વારકા હાઈવે પર અચાનક રખડતા પશુનું ટોળું આડું ઉતરતા બાઈક સવાર બે યુવાન અથડાતા તેઓને શરીરે નાની - મોટી ઈજા પહોંચી છે જ્યારે એક વાછરડું મોતને ભેટ્યું છે જે બનાવ અંગે પોલીસે તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા તાલુકાના સામોર ગામના પાટીયા પાસે અચાનક રખડતા પશુનું ટોળું આડું ઉતરતા બાઈક સવાર બે યુવાન અથડાયા હતા આ વેળાએ ત્યાં ઉપસ્થિત એસ.આર. ડી. જવાન રામભાઈ ગઢવીએ માનવતા મહેકાવી ઈજાગ્રસ્ત યુવાનોને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા જ્યારે વાછરડાનું મોત નિપજ્યું હતું.

નાઘેડી પાસે અકસ્માત સર્જાતા કાર ડિવાઈડર પર ચડી ગઈ



જામનગર : જામનગર-ખંભાળિયા હાઈવે પર આવેલા નાઘેડી નજીક કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માત દરમિયાન કાર ડિવાઈડર પર ચડી ગઈ હતી. જોકે, સદનસીબે કારચાલકનો બચાવ થયો હતો અને મોટી દુર્ઘટના ટળી હતી.બનાવને પગલે પંચકોષી બી ડિવિઝનની પોલીસ ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી.

જામનગરમાં દરબારગઢથી માંડવી ટાવર સુધી તંત્રનીની દબાણ હટાવ ઝુંબેશ

જામનગર : જામનગર શહેરના મુખ્ય અને ભીડભાડવાળા વિસ્તારોમાં જાહેર માર્ગો પરનાં ગેરકાયદે દબાણો દૂર કરવા જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા દરબારગઢથી માંડવી ટાવર સુધી દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જાહેર માર્ગો પર અનધિકૃત રીતે રેંકડી-પથારા રાખી તેમજ વેચાણનો સામાન પાથરીને વેપાર કરતા લોકો સામે કાર્યવાહી કરવામાં આવતાં સ્થળ પર અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

શહેરના માર્ગો વાહનચાલકો અને રાહદારીઓ માટે અવરજવર કરવામાં



સુગમ રહે તેમજ ટ્રાફિકની સમસ્યા હળવી બને તે હેતુથી એસ્ટેટ શાખાની ટીમ દ્વારા આ વિસ્તારમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન જાહેર રસ્તા પર અવરોધરૂપ બનેલી વેચાણ સામગ્રી અને અન્ય અનધિકૃત વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી.મનપાની ટીમે કાર્યવાહી દરમિયાન કપડાં સહિતનાં પુતળાં, માલ ભરવાનાં ઝબલાં, એક વેલો, લોખંડનું ટેબલ, સાત વજનકાંટા, બે છત્રીઓ, પ્લાસ્ટિકના બે પાઈપ, બે પ્લાસ્ટિકના પાટલા, એક ખાલી કેરેટનું ખોખું, ચાર ઝુલા, થેલી, એક લોખંડનું ત્રિકોણ સ્ટેન્ડ તેમજ પ્લાસ્ટિકનાં મુંઢાં સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઓખામાં માછીમાર યુવાનનું સ્વાસ્થ્ય અચાનક બગડતા મૃત્યુ

દ્વારકા : ઓખા સ્થિત એક માછીમાર યુવાનનું સ્વાસ્થ્ય અચાનક બગડતા રાજકોટની સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યુ છે જે બનાવની સ્થાનિક પોલીસ દફતરે જાણ થતા પોલીસે આગળની કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી મુજબ હાલ ઓખા સ્થિત આર. કે. બંદર ખાતે રહેતો કમલ ચંદ્રલાલ તલવાની નામનો ૩૪ વર્ષનો યુવાન ગત તા. ૨૨ ના રોજ દરિયામાંથી માછીમારી કરી પરત ફરેલ દરમિયાન એકાએક તેનું સ્વાસ્થ્ય બગડતા સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં ગઈકાલે આ યુવાનનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની ઓખા મરીન પોલીસ દફતરે મહેશભાઈ હિરૂભાઈ દ્વારા જાણ કરવામાં આવતા હે. કો. જે. એમ. ડોડીયા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

જામનગરમાં મહિલાના પડી ગયેલા ૧૧ તોલા સોનાના દાગીના પોલીસે શોધી પરત કર્યા

પોલીસની 'ત્રીજી આંખ' બની મદદરૂપ : રૂ. ૧૫ લાખના સોનાના દાગીના ગણતરીની કલાકોમાં શોધી કાઢ્યા



જીજે-૧૦-ટીઝેડ-૧૮૧૨ નંબરની રિક્ષાના ચાલકે આ થેલી ઉપાડી હોવાનું પણ કેમેરાના ફૂટેજમાં સામે આવ્યું હતું. આ મહત્ત્વની કડીના આધારે નેત્રમ શાખાની ટીમે રિક્ષાના નોંધણી નંબર પરથી પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી (આરટીઓ) મારફતે વિગતો મેળવી રિક્ષાચાલકનો મોબાઈલ નંબર શોધી કાઢ્યો હતો.

પોલીસે રિક્ષાચાલકનો સંપર્ક કરીને તેની પાસેથી સોનાના દાગીના ભરેલી થેલી મેળવી લીધી હતી. આમ, નિરીક્ષણ કેમેરાના ફૂટેજ, ટેક્નોલોજીનો અસરકારક ઉપયોગ અને પોલીસની સતર્કતાના કારણે રૂ. ૧૫ લાખની કિંમતના દાગીના ગણતરીની કલાકોમાં શોધી કાઢીને મૂળ માલિકને પરત સોંપવામાં આવ્યા હતા. આ કામગીરીથી મહિલાને મોટી રાહત મળી હતી. અને પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

જામનગર : જામનગર પોલીસ વિભાગની 'ત્રીજી આંખ' સમાન નેત્રમ શાખાએ વધુ એક વખત પોતાની સતર્કતા અને ટેક્નોલોજીની મદદથી પ્રશંસનીય કામગીરી કરી છે. શહેરના ચાંદીબજારમાંથી સોનાના દાગીનાની ખરીદી કરીને ઘરે પરત ફરી રહેલી મહિલાની રસ્તામાં ખોવાઈ ગયેલી આશરે રૂ. ૧૫ લાખની કિંમતના ૧૧ તોલા સોનાના દાગીના ભરેલી થેલી ગણતરીની કલાકોમાં શોધી કાઢી મૂળ માલિકને પરત સોંપવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ, જામનગરની રઘુવીર સોસાયટી, શેરી નં. ૩માં રહેતાં આશાબેન ભગવાનભાઈ કણઝારિયા તા. ૨૪ના રોજ તેમની દેરાણી સાથે એક્સેસ સ્કૂટર પર ચાંદીબજારમાં સોનાના દાગીનાની ખરીદી કરવા ગયાં હતાં. ખરીદી પૂર્ણ કર્યા બાદ રાત્રિના આશરે આઠ વાગ્યે બંને ઘરે પરત ફરી રહ્યાં હતાં. આ દરમિયાન રસ્તામાં મોબાઈલ ફોન આવતાં આશાબેન ફોન ઉપાડવા જતાં તેમના હાથમાં રહેલી મુરલીધર જ્વેલર્સની થેલી રસ્તા પર પડી ગઈ હતી.

આ થેલીમાં સોનાનો હાર, બે બુટ્ટી અને એક બ્રેસલેટ સહિત કુલ ૧૧ તોલા સોનાના દાગીના હતા, જેની અંદાજિત કિંમત રૂ. ૧૫ લાખ જેટલી થતી હતી. થેલી ખોવાઈ ગયાની જાણ થતાં આશાબેને પસાર થયેલા માર્ગ પર ફરી તપાસ કરી હતી, પરંતુ દાગીના ભરેલી થેલી મળી આવી નહોતી. આખરે તેમણે જામનગરના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે પહોંચીને દાગીના શોધી આપવા માટે અરજી કરી હતી.

મહિલાની અરજી મળતાં જ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. રવિ મોહન સૈની અને મુખ્ય મથકના નાયબ પોલીસ અધિક્ષક વી. કે. પંડ્યાની સૂચના મુજબ નેત્રમ શાખાએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. નેત્રમ શાખાના પીએસઆઈ બી. બી. સિંગલના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફે શહેરના વિવિધ વિસ્તારોમાં લગાવવામાં આવેલા નિરીક્ષણ કેમેરાના ફૂટેજ તપાસવાનું શરૂ કર્યું હતું.

દરમિયાન ઓશવાળ સર્કલ ખાતેના કેમેરાના ફૂટેજમાં દાગીના ભરેલી થેલી રસ્તા પર પડી ગઈ હોવાનું જોવા મળ્યું હતું. ત્યારબાદ

જામનગરના લીમડા લેન વિસ્તારમાં ગંદાં પાણીના રેલા ઉતરતા વેપારીઓમાં રોષ

જામનગર : જામનગરના લીમડા લેન વિસ્તારમાં પાંજરાપોળ નજીકથી છાણ-મૂત્ર મિશ્રિત ગંદાં પાણીના રેલા રસ્તા પર ઊતરી આવતાં વેપારીઓ અને સ્થાનિક લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ટાઉનહોલથી ત્રણ-બત્તી રોડ વચ્ચેના વિસ્તારમાં ગંદાં પાણી દુકાનોના પ્રવેશદ્વાર સુધી પહોંચી જતાં વેપારીઓની મુશ્કેલીમાં વધારો થયો છે. રસ્તા પર ગંદાં પાણી ફેલાતાં વાહનચાલકો અને રાહદારીઓને પણ અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે.




સ્થાનિકોના જણાવ્યા મુજબ, ગટર અને ગંદા પાણીના નિકાલની યોગ્ય સફાઈના અભાવે આ સમસ્યા વારંવાર સર્જાય છે. એક સપ્તાહમાં બીજી વખત આવી સ્થિતિને કારણે વેપારીઓ અને સ્થાનિક રહેવાસીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગઈકાલ રવિવારે તો રસ્તા પર મોટા પ્રમાણમાં ગંદાં પાણી ફરી વળતાં સમગ્ર માર્ગ પર ગંદકીનું સામ્રાજ્ય જોવા મળ્યું હતું. છાણ અને મૂત્ર મિશ્રિત પાણીના કારણે રસ્તા પર ગંદકી ફેલાતાં વેપારીઓ, વાહનચાલકો અને રાહદારીઓ પરેશાન થયા હતા.

હાલ દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે બજાર વિસ્તારમાં આવી સ્થિતિ સર્જાતાં વેપારીઓમાં નારાજગી જોવા મળી રહી છે. દુકાનો સુધી ગંદાં પાણી પહોંચતાં વેપાર-ધંધા પર પણ અસર થવાની ભીતિ છે. તહેવારોના દિવસોમાં ગ્રાહકોની અવરજવર વધવાની હોવાથી રસ્તા પર ગંદાં પાણી અને ગંદકીની સમસ્યા તાત્કાલિક દૂર કરવી જરૂરી બની છે.

સ્થાનિક વેપારીઓએ સંબંધિત તંત્ર સમક્ષ ગટર અને ગંદા પાણીના નિકાલની તાત્કાલિક સફાઈ કરાવવા તેમજ આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા માગ કરી છે. દિવાળીના તહેવારો પહેલાં માર્ગ પરથી ગંદાં પાણી દૂર કરી યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવામાં આવે તેવી વેપારીઓની અપેક્ષા છે.

કલ્યાણપુરના મેવાસા ગામે ગાંજાના વાવેતર પ્રકરણમાં પુજારીની અટકાયત



ખંભાળિયા : કલ્યાણપુર તાલુકાના મેવાસા ગામમાં તાજેતરમાં મંદિરના પટાંગણમાંથી ઝડપાયેલ ગાંજાના વાવેતરના પ્રકરણમાં સંડોવાયેલા પુજારીને પોલીસે ઝડપી લઈ આગળની કાર્યવાહી માટે અદાલતમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી પ્રમાણે મેવાસા ગામે મંદિરના પટાંગણમાંથી માદક પદાર્થ ગાંજાના વાવેતરનો પોલીસે પર્દાફાશ કરી અગાઉ એકની અટકાયત કરી હતી જ્યારે અન્ય એક પુજારી રવીન્દ્રકુમાર જશમેરસિંહ ઉર્ફે જમુનાનાથ જોગીનાથની સંડોવણી ખુલી હતી જેઓને મોબાઈલના લોકેશનના આધારે પોલીસે ઝડપી પાડી આગળની કાર્યવાહી આરંભી હતી.

સેવાકીય સંસ્થા શિવગંગા ચેરી. ટ્રસ્ટ દ્વારા

દ્વારકા-સુરજકરાડી તથા ઓખામાં રામ ભક્તો માટે સુંદર આયોજન

દ્વારકા : દ્વારકાની સેવાકિય સંસ્થા શિવ ગંગા ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થા દ્વારા શ્રી રામ નામ મંત્ર લેખન બુક લખનાર શ્રી રામ ભક્તો માટે હરિદ્વારની રિટર્ન ટિકિટનું આયોજન કારેલ છે.

જેમાં ૫૧ દિવસમાં જે રામ ભક્ત ૧૦૧ બુક શ્રી રામ નામ મંત્ર લેખન લખી આપનાર રામ ભક્તને શિવગંગા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧ વ્યક્તિની હરિદ્વારની આવવા અને જવાની ટ્રેનની સ્લીપર કોચમાં બુક કરી આપવામાં આવશે. બુક મેળવવા માટે સ્થળ દ્વારકા - હોટલ શિવગંગા હિરેનભાઈ ઝાંખરિયા -૯૯૨૪૦૨૯૫૦૦, સુરજકરાડી - વિમલ ટ્રેડર્સ મયુરભાઈ સામાણી-૯૮૨૪૮૧૦૧૦૫ સંપર્ક કરવા જણાવાયું છે.

હોસ્પિટલના ક્વાર્ટર પાસેથી સ્કૂટરની ચોરી

જામનગર : જામનગર શહેરમાં વાહનચોરીના બનાવો વચ્ચે સરકારી હોસ્પિટલના ક્વાર્ટર પાસેથી એક્સેસ સ્કૂટરની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ છે.

જામનગરની પટેલ કોલોની, શેરી નંબર ૬, રોડ નંબર ૩, વ્રજવિહાર ટેનામેન્ટમાં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા ભુપેન્દ્રસિંહ શિવુભા જાડેજા (ઉ.વ. ૭૩)નું સુઝુકી કંપનીનું લાલ રંગનું એક્સેસ સ્કૂટર, વર્ષ ૨૦૧૮નું મોડલ, નોંધણી નંબર જીજે-૧૦-સીએ સ-૭૬૩૪, માનસિક હોસ્પિટલ સામે આવેલી સરકારી હોસ્પિટલના ક્વાર્ટર પાસે પાર્ક કરેલું હતું. અજાણ્યો શખસ રૂ. ૩૦ હજારની કિંમતનું સ્કૂટર ચોરી કરી ગયો હતો. આ અંગે વૃદ્ધની ફરિયાદના આધારે સીટી-બી ડિવિઝન પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૩(૨) હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

કેપ ઓફ ગુડ હોપ અનોખો જળમાર્ગ

કેપ ઓફ ગુડ હોપ ના જલમાર્ગ નો ઉપયોગ સુરક્ષાની દૃષ્ટિએ કેટલીક પરિસ્થિતિમાં ઉપયોગી બની શકે છે, પરંતુ તેની કિંમત પણ છે. કેપ ઓફ ગુડ હોપ માર્ગે જહાજને આફ્રિકા ખંડની આસપાસ લાંબો પ્રવાસ કરવો પડે છે. અંતર વધે છે. ઇંધણનો વપરાશ વધે છે. જહાજને ગંતવ્ય સુધી પહોંચવામાં વધુ સમય લાગે છે. પરિણામે વિશ્વના સમુદ્રી વેપારમાં કેટલાક માર્ગો એવા છે, જે માત્ર બે દેશો કે બે ખંડોને જોડતા નથી, પરંતુ સમગ્ર વૈશ્વિક અર્થતંત્રને ગતિ આપે છે. સૂએઝ કેનાલ આવો જ એક મહત્વપૂર્ણ જળમાર્ગ છે. ઇજિપ્તમાં આવેલી આ માનવસર્જિત જળમાર્ગ વ્યવસ્થા ભૂમધ્ય સમુદ્રને લાલ સમુદ્ર સાથે જોડે છે. તેના કારણે એશિયા અને યુરોપ વચ્ચેના જહાજોને આફ્રિકા ખંડની આસપાસ લાંબો પ્રવાસ કરવાની જરૂર પડતી નથી.

ભારત જેવા દેશ માટે પણ સૂએઝ કેનાલનું વિશેષ મહત્વ છે. ભારતમાંથી યુરોપ તરફ જતા અને યુરોપમાંથી ભારત તરફ આવતા મોટા પ્રમાણમાં માલસામાનનો સમુદ્રી વેપાર આ માર્ગ સાથે જોડાયેલો છે. પેટ્રોલિયમ, કાચો માલ, મશીનરી, ઔદ્યોગિક ઉત્પાદનો અને કન્ટેનર માલસામાનની અવરજવર માટે આ માર્ગ અત્યંત ઉપયોગી છે. સમય અને ઇંધણની બચત થતી હોવાથી સૂએઝ માર્ગ વેપારીઓ માટે લાંબા સમયથી મહત્વનો રહ્યો છે. પરંતુ આજે સૂએઝ કેનાલ સામે પડકારો વધી રહ્યા છે. તેમાં સૌથી મોટો પડકાર કેનાલની અંદર કરતાં તેની આસપાસના વિસ્તારમાં ઊભી થયેલી સુરક્ષાની સ્થિતિ છે. ખાસ કરીને લાલ સમુદ્ર અને બાબ-અલ-મંદેબ વિસ્તારમાં સર્જાયેલા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય જહાજ કંપનીઓએ પોતાના માર્ગ અંગે ફરી વિચારવું પડ્યું છે. યમનના હૂતી હુમલાઓને કારણે અનેક વેપારી જહાજો માટે લાલ સમુદ્રનો માર્ગ જોખમી બન્યો હતો. જહાજો પર હુમલાનો ભય ઊભો થતાં કેટલીક મોટી શિપિંગ કંપનીઓએ પોતાના જહાજોને સૂએઝ માર્ગે મોકલવાને બદલે આફ્રિકાના દક્ષિણ છેડે આવેલા કેપ ઓફ ગુડ હોપ માર્ગે વાળ્યાં હતાં. આ વિકલ્પ સુરક્ષાની દૃષ્ટિએ કેટલીક પરિસ્થિતિમાં ઉપયોગી બની શકે છે, પરંતુ તેની કિંમત પણ છે. કેપ ઓફ ગુડ હોપ માર્ગે જહાજને આફ્રિકા ખંડની આસપાસ લાંબો પ્રવાસ કરવો પડે છે. અંતર વધે છે. ઇંધણનો વપરાશ વધે છે. જહાજને ગંતવ્ય સુધી પહોંચવામાં વધુ સમય લાગે છે. પરિણામે માલના પરિવહનનો ખર્ચ પણ વધી શકે છે. આ વધારાનો ખર્ચ માત્ર શિપિંગ કંપની પૂરતો મર્યાદિત રહેતો નથી. આયાતકાર અને નિકાસકાર સુધી તેની અસર પહોંચે છે. કેટલાક કિસ્સામાં અંતે ગ્રાહકને પણ વધુ કિંમત ચૂકવવી પડી શકે છે. આ રીતે એક સમુદ્રી માર્ગની સુરક્ષા સમસ્યા વૈશ્વિક બજાર અને સામાન્ય ગ્રાહક સુધી અસર પહોંચાડી શકે છે. સૂએઝ કેનાલ સામેનો બીજો મોટો પડકાર ભૂરાજકીય અસ્થિરતા છે. મધ્યપૂર્વનો વિસ્તાર લાંબા સમયથી રાજકીય અને સૈન્ય તણાવનો સાક્ષી રહ્યો છે. જ્યારે આ વિસ્તારમાં યુદ્ધ અથવા તણાવ વધે છે ત્યારે તેની અસર સમુદ્રી વેપાર પર પણ પડે છે. જહાજોના વીમા ખર્ચમાં વધારો થઈ શકે છે. સુરક્ષા વ્યવસ્થા વધારવી પડે છે. ઇંધણના ભાવમાં ફેરફાર થઈ શકે છે અને માલવહનના દર પણ વધી શકે છે. આ પરિસ્થિતિમાં શિપિંગ કંપનીઓ માટે સૌથી મોટો પ્રશ્ન સુરક્ષા અને ખર્ચ વચ્ચે સંતુલન જાળવવાનો બને છે. ઓછા અંતરનો સૂએઝ માર્ગ પસંદ કરવામાં આવે તો સુરક્ષાનું જોખમ ધ્યાનમાં લેવું પડે છે. બીજી તરફ કેપ ઓફ ગુડ હોપનો માર્ગ પસંદ કરવામાં આવે તો સમય અને ખર્ચ વધે છે. એટલે વેપાર માટે બંને વિકલ્પો સંપૂર્ણપણે સરળ નથી. સૂએઝ કેનાલ સાથે જોડાયેલો બીજો મહત્વનો મુદ્દો છે એક જ માર્ગ પર વધારે નિર્ભરતા. વિશ્વના વેપારનો મોટો હિસ્સો આ માર્ગ સાથે જોડાયેલો હોવાથી અહીં કોઈ મોટી અડચણ ઊભી થાય તો તેની અસર ઝડપથી સમગ્ર સપ્લાય ચેઇન પર પડી શકે છે.

બાળ ઉછેરનો આધાર જૈવિક અને સામાજિક સ્થિતિ બને છે

શાળા વેકેશન ભાગરૂપે ભૂલકા ભવનમાં વાલી મેળાવડાનો એક કાર્યક્રમ હતો. વાલીઓ પોતાના સંતાનોને લઈ આવેલા, કાર્યક્રમના પ્રારંભે બાલમંદિરના સંચાલક શ્રી વીરેન્દ્રભાઈએ જણાવ્યું કે બાળકોનાં પ્રથમ પાંચ વર્ષના ઉછેર દરમ્યાન શરીર અને બુદ્ધિના પરસ્પર સંબંધો વિકસે છે. આથી જો મા-બાપ પોતાના બાળકને મારે છે તો બાળક તિરસ્કાર કરતું થઈ જાય છે અને જો બાળકને આવકાર મળે તો બાળક પ્રેમાળ બને છે. કાર્યક્રમનો બીજો ભાગ બાળકો માટે હતો. ઉપસ્થિત વાલી પૈકીના શ્રી સતિષભાઈ પોતાના ઘેર પાળેલા પોપટને લાવેલા. પોપટ બોલીનું પ્રદર્શન કરનાર હતો. પ્રથમ તેઓએ પોતાનો પોપટ શું શું બોલે છે તે શ્રોતાઓને કહ્યું અને પછી તો શી કમાલ ! પોપટ બોલે અને સાંભળનાર તરત કહી દે. પોપટ માસી બોલે છે. બીટ્ટુ બોલે છે, કોણ છે ? એવું બોલે છે.

કાર્યક્રમના અંતે એક બાળકે પોતાની આગવી શૈલીમાં વાર્તા કહી. વાર્તા એક સિંહની હતી કે જે સિંહ ત્રણ પેઢીથી (પાલતું પ્રાણી માટેના) જૂનો નિવાસી હતો. સિંહની દિનચર્યા વર્ણવતાં સહદેવે પાંજરામાં અપાતા ખોરાક ઉપર સિંહ કેવી રીતે કૂદે છે તે કરી બતાવ્યું ત્યારે વાલીઓ પણ જકડાઈ રહ્યા. વાર્તાનો સિંહ એક વખત બગીચાના મેનેજરની રજા લઈ જંગલમાં નીકળી પડે છે. પણ રે! સિંહભાઈને તો જંગલમાં બહુ મુશ્કેલી થઈ. ન છલાંગ મારતાં આવડે, ન ઝાડીમાં લપાતાં આવડે, ન હવાનો રૂખ પારખતાં આવડે અને એક દિવસ વિલા મોંઢે સિંહભાઈ પોતાના પાંજરામાં ભૂખ્યા પેટે પાછા ફર્યા... ને વાર્તા પૂરી કરતાં સહદેવે કહ્યું, જેનો જેવો ઉછેર તેની તેવી દુનિયા, ભૂલકા ભવનની એક સાંજ પૂરી થઈ પણ બાળઉછેર અંગે એક બાળકનું વિધાન નવો વિચાર રોંપી ગયું.

દુનિયાનાં પૃષ્ઠો ઉપર પ્રેમ અંગે ઘણું છપાયું છે. પરંતુ તાજેતરમાં એક જૈવિક રાસાયણિક પ્રક્રિયા તરીકે પ્રેમ અંગે જે સંશોધનો ઉપલબ્ધ બન્યાં છે તે જોતાં તો સ્પષ્ટ થાય છે કે પ્રેમ એ માનવીય ચેષ્ટાથી પર તેવી સાર્વત્રિક રાસાયણિક ઘટના બની રહે છે. જૈવિક રસાયણશાસ્ત્રના સંશોધનમાંથી કદાચ ફલિત થઈ રહ્યું છે કે બાળકના ઉછેરમાં જેટલો ખોરાક તરીકે રાસાયણિક પ્રક્રિયાનો ફાળો છે તેથી ઘણો ઓછો ફાળો મા-બાપના ઉછેરની તરાહનો હોય છે. જ્યારે બીજી તરફ મેડમ મોન્ટેસોરીથી શરૂ કરી આપણા બાળશિક્ષણકારોએ બાળકની અભિવ્યક્તિ તથા વર્તનને મોટેરાંઓના વ્યવહારની પ્રતિક્રિયા આડઅસર તરીકે ગણ્યું છે અને યુવકના અસંગત સામાજિક વર્તન માટે વાલીને જવાબદાર ગણવામાં આવ્યા છે. પરંતુ અહીં બાળકના સામાજિકરણ સાથે મા-બાપ કે કુટુંબના વાતાવરણ ઉપરાંત જે જે ઘટનાઓ ભળે છે તેને અંદેખી કરી દેવતા બાળકોના ઉછેર સંબંધે વાલીઓના વર્તન સાથેનો કાર્યકારણનો સંબંધ અર્ધસત્ય બની જાય છે.

બાળક વિશાળ સામાજિક વ્યવસ્થાનું અંગ બની રહે તે માટે તેની દરકાર રાખનાર વ્યક્તિ પાસે કેટલીક સહજ અપેક્ષા હોય છે. પરંતુ આ અપેક્ષાઓને ઘસી-માંજી, કેટલાક બાળશિક્ષણકારોએ બાળકમાં ઈશ્વરનું દર્શન આપ્યું અને સામા પક્ષે, તેના ઉછેર કરનાર વાલીઓમાં પાર વિનાની અણઆવડત રહી છે તેવું કહેવામાં આવ્યું. બાળશિક્ષણકારો તો ત્યાં સુધી કહે છે કે બાળક એક માટીના પિંડ જેવો છે અને મા-બાપ અને શિક્ષક એક કુશળ કારીગર માફક તેના જીવનને ઘાટ આપી શકે છે. આ વિચાર માટી અને કુંભારી કામ માટે સહસંબંધ રજૂ કરે છે. પણ માણસ જેવી જૈવિક રાસાયણિક પ્રક્રિયા પર આધાર રાખતા તેમજ જ અનેક અનુભવોનો સંચય કરીને કાર્યાન્વિત થતા દેહ માટે વાપરી શકાય નહીં. જેના પ્રમાણરૂપે આજે આપણા દેશના ઈતિહાસમાં અનેક તેજસ્વી વ્યક્તિઓનું જીવનકાર્ય મોજૂદ છે, જેમનો ઉછેર અત્યંત પ્રતિકૂળ સ્થિતિમાં થયેલો. બાળક અને વાલીઓના વર્તનનો સહસંબંધ હોત તો આજે યુરોપ અને અમેરિકાની સામાજિક વ્યવસ્થા તૂટી પડી હોત.

વિકાસ અને વિકલ્પ
-ડૉ. નાનક ભટ્ટ

શરીરવિજ્ઞાન સંબંધે તાજેતરના સંશોધનથી ફલિત થઈ રહ્યું છે કે શરીરનો પોતાનો રસાયણ ધર્મ હોય છે તે, તેનો આણવિક ધર્મ પણ હોય છે. જે બાબતો માણસના વર્તનને નક્કી કરવામાં મહત્વનો ફાળો ભજવે છે. આ સામે આપણે માતાપિતા કે બાળકની સંભાળ રાખનાર વ્યક્તિ પાસે જે વર્તન ગુણવત્તાની અપેક્ષા રાખીએ છીએ તેનું, બાળકના જીવન માટે તો અનુકરણથી કંઈ વધુ મહત્વનું નથી. આ વાત એક જૈવિક વર્તન સ્વરૂપે બાળ પ્રદર્શનમાં પોપટે પણ રજૂ કરી.

આપણે સહુ આપણા બાળપણને મળેલા વાર્તાઓના વારસાથી જ બાંધ-તત્વની વંછના કરતા હોઈએ છીએ. વાર્તાઓનાં અંત ભાગે પ્રસ્તુત થતું બોધ-તત્વ અને અનુકૂલનનો ભાગ હોય છે અને કંઈક અંશે સુખદ પરિણામલક્ષીય હોય છે. પરંતુ સમગ્ર સૃષ્ટિ ઉપર નિવાસ કરતા જીવનસમૂહના પરિપ્રેક્ષ્યમાં બાંધતત્ત્વમાં કંઈ સાર હોતો નથી અને આથી પાંજરામાં પણ સિંહ સુખી હોઈ શકે છે તે વાતનો સ્વીકાર કરવામાં કશું ખોટું નથી....

બાળશિક્ષણ સંબંધે ચિંતન કરનાર લોકોએ બાળકના ઉછેરને મા-બાપના પરિપ્રેક્ષ્યમાં વિચારનો એકાંગી પ્રયત્ન બદલવો જોઈએ અને આજે તો શહેરી સમાજ-વ્યવસ્થાની દોડધામમાં વાલીઓ બાળઉછેરના કાર્યમાં વધુ સમય વિતાવી શકે તેવી સામાજિક અનુકૂળતા પણ નથી. શહેરીકરણની આડઅસર સાથે આજે અનેક લોકો વહેલી સવારે ટ્રેન કે બસ માર્ગે મુસાફરી કરી પોતાના નિવાસથી ૫૦-૭૫ માઈલ દૂરના સ્થળે વ્યવસાય કરવા જાય છે. વીજળી, આવાસ અને પાણી તથા આરોગ્ય પ્રશ્નોનાં કારણો કુટુંબના અસ્તિત્વને ટકાવી રાખવાનું કામ પણ મા-બાપ માટે અનિવાર્ય બની રહે છે. સાથોસાથ દિન-પ્રતિદિન વધતી મોંઘવારીના કારણે ઘરની એક કરતાં વધુ વ્યક્તિઓએ અર્થ ઉપાર્જનમાં રહેવું પડે છે. આ સ્થિતિમાં મા-બાપ ઉપર દોષનો ટોપલો ઓઢાડી દેવા કરતાં બાળકોના ઉછેરની વાત સમગ્ર રીતે વિચારવી પડશે અને સ્વસ્થ વ્યક્તિઘડતર માટે સ્વયંભૂ વાતાવરણ તૈયાર કરવા વિચાર મૂકવો પડશે.

શહેરીકરણ આસપાસ ઊભી થયેલ સ્થિતિ જોતાં જણાય છે કે શહેરોની ઝૂંપડપટ્ટીમાં વસતાં બાળકો તેમજ શહેરોમાં સ્થળાંતર કરી કામચલાઉ નિવાસ કરતા શ્રમિકોનાં બાળકો કે જેઓને શિક્ષણ સાથે આર્થિક પ્રવૃત્તિઓ આપવી અનિવાર્ય બને છે તેમના ઉછેર માટે સમાજ અને સરકાર વિચારાશે નહીં, તો મોન્ટેસારી પદ્ધતિની હિમાયત સૈદ્ધાંતિક રહી જશે અને બાળકોના ઉછેરમાં જોવાતું રાષ્ટ્રનું ભવિષ્ય ધૂંધળું બની જશે.

ભગવાન નારાયણના વિરાટ સ્વરૂપનું વર્ણન

ભગવાન વિષ્ણુનાં નેત્રો અંતરિક્ષ છે, તેમની જોવાની શક્તિ સૂર્ય છે, બંને પોપચાં રાત અને દિવસ છે, એમનો ભ્રૂકુટિવિલાસ બ્રહ્મલોક છે

શ્રીમદ્ ભાગવતજીના દ્વિતિય સ્કંધના પ્રથમ અધ્યાયમાં ભગવાન નારાયણના વિરાટ સ્વરૂપનું વર્ણન શુકદેવજી મહારાજ કરે છે. આ વિશ્વ એ જ ભગવાનની મૂર્તિ છે એવો ભાવ આ પ્રસંગ દ્વારા ચરિતાર્થ થાય છે.

શ્રીશુકદેવજી મહારાજ બોલ્યા કે, 'હે પરિક્ષિત ! આસન, શ્વાસ, આસક્તિ અને ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરીને, પછી બુદ્ધિ વડે મનને ભગવાનના સ્થૂળ રૂપમાં પરોવવું જોઈએ. મોટામાં મોટું આ જે વિશેષરૂપે દૃશ્યમાન સ્થૂળ વિરાટ બ્રહ્માંડ છે, તે જ વિશ્વરૂપમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન સમયમાં દેખાઈ રહ્યું છે એવું અનંતકોટિનું બ્રહ્માંડ જ વિરાટપુરુષનો સ્થૂળ દેહ છે. આ વિશ્વબ્રહ્માંડના રૂપમાં રહેનારો વિરાટ પુરુષ પૃથ્વીના જળ, અગ્નિ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ અને પ્રકૃતિ - આ સાત આવરણોથી ઘેરાયેલો છે એને વિરાટ પુરુષ કહે છે, તેમાં જ ભગવાનના સમસ્ત અંગોની ધારણા કરવામાં આવે છે. તત્ત્વજ્ઞાની મનુષ્યો તે વિરાટ પુરુષનું વર્ણન કરતાં કહે છે કે, એ વિરાટ પુરુષનાં તળિયા પાતાળ છે, તેમની એડીઓ અને પંજા રસાતલ છે, બંને ઘૂંટીઓ તેમના પગની પીડીઓ તલાતલ છે. વિશ્વ-મૂર્તિ ભગવાનના બંને ગોઠણ સુતલ છે, જાંઘો વિતલ અને અતલ છે, પેડું ભૂતલ છે અને હે પરીક્ષિત ! તેમના નાભિરૂપી સરોવરને જ આકાશ કહે છે. આદિપુરુષ પરમાત્માની છાતીને સ્વર્ગલોક, ગળાને મહર્લોક, મુખને જનલોક અને લલાટને તપોલોક કહે છે. તે સહસ્ત્ર શિરવાળા ભગવાનના મસ્તક-સમૂહને સત્યલોક કહે છે. ઈન્દ્ર વગેરે દેવતાઓ તેમની ભુજાઓ છે. દિશાઓ કાન અને શબ્દ શ્રવણેન્દ્રિય છે. બંને અશ્વિનીકુમારો તેમની નાસિકા છે; ગંધ ઘ્રાણેન્દ્રિય છે અને પ્રજ્વલિત અગ્નિ તેમનું મુખ છે. ભગવાન વિષ્ણુનાં નેત્રો અંતરિક્ષ છે, તેમની જોવાની શક્તિ સૂર્ય છે, બંને પોપચાં રાત અને દિવસ છે, એમનો ભ્રૂકુટિવિલાસ બ્રહ્મલોક છે; તાળવું જળ અને જીભ રસ છે. વેદોને ભગવાનનું બ્રહ્મરંધ્ર અને યમને દાઢો કહે છે. બધી જાતના સ્નેહ દાંત છે અને તેમની જગન્મોહિની માયાને જ તેમનું સ્મિત કહે છે. લજ્જા એ ઉપરનો હોઠ અને લોભ એ નીચેનો હોઠ છે. ધર્મ સ્તન અને અધર્મ પીઠ છે. સમુદ્ર પેટ છે અને મોટા-મોટા પર્વતો તેમનાં અસ્થિસમૂહ છે.

હે રાજન ! નદીઓ વિશ્વમૂર્તિ વિરાટ પુરુષની નાડીઓ છે, વૃક્ષો રુવાંટાં છે, પરમ પ્રબળ વાયુ શ્વાસ છે, કાળ તેમની ચાલ છે અને ગુણોનું ચક્કર ચલાવ્યે રાખવું એ તેમનું કર્મ છે. હે પરીક્ષિત ! વાદળો તેમનાં કેશ મનાય છે, સંધ્યા તે અનંતનું વસ્ત્ર છે. મહાત્માઓએ અવ્યક્ત ને જ તેમનું હૃદય કહ્યું છે અને બધા વિકારોનો ખજાનો એવા ચંદ્રમાને તેમનું મન કહેવામાં આવ્યો છે. મહત્તત્ત્વને સર્વાત્મા ભગવાનનું ચિત્ત કહે છે અને રુદ્ર તેમનો અહંકાર છે. ઘોડા, ખચ્ચર, ઉંટ અને હાથી તેમના નખ છે. વનમાં રહેનારાં બધાં મૃગો અને પશુઓ તેમના કટિપ્રદેશમાં સ્થિત છે. જાત-જાતનાં પક્ષીઓની રચના તેમની અદ્ભુત શિલ્પકળા છે. મનુ તેમની બુદ્ધિ છે અને મનુનાં સંતાનો મનુષ્યો તેમનાં નિવાસસ્થાન છે. ગંધર્વ, વિદ્યાધર, ચારણો અને અપ્સરાઓ તેમના ખડ્ જ વગેરે સ્મૃતિ છે. બ્રાહ્મણ મુખ છે, ક્ષત્રિય ભુજાઓ છે, વૈશ્ય જાંઘો છે અને શુદ્ર તે વિરાટ પુરુષનાં ચરણ છે. વિવિધ દેવતાઓના નામે જે મોટા-મોટા દ્રવ્યયજ્ઞો કરવામાં આવે છે તે તેમનાં કર્મો છે.

હે પરીક્ષિત ! વિરાટ ભગવાનના સ્થૂળ શરીરનું આ જ સ્વરૂપ છે. તે સ્વરૂપમાં મુમુક્ષુ મનુષ્ય બુદ્ધિ વડે મનને સ્થિર કરે છે. કારણ કે, એનાથી ભિન્ન અન્ય કોઈ વસ્તુ નથી. તે ભગવાન જ જગતમાં જેટલા પણ પ્રાણીઓ છે તે બધાંની બુદ્ધિઓ દ્વારા તમામ રૂપોમાં થઈને તે જ બધા પદાર્થોનો અને વિષયોનો અનુભવ કરે છે. તે ભગવાન બધા પ્રાણીઓના આત્મા છે. મોહનિન્દ્રાથી જાગેલો મનુષ્ય એક પરમાત્માનું જ દર્શન કરે છે. સત્ય તત્ત્વ એક જ છે, તે આનંદનો સાગર છે, તેમની ભક્તિ કરવી જોઈએ. ક્યાંય પણ આસક્ત ન થવું જોઈએ.

આ પ્રમાણે શુકદેવજી મહારાજે પરીક્ષિત રાજાને ભગવાનના વિરાટ સ્વરૂપનું વર્ણન કર્યું અને ભગવાનના ગુણગાન ગાયા. તો આવો આપણે સૌ ભગવાનના આ વિરાટ સ્વરૂપનું ધ્યાન ધરીએ એ જ ભાવ સહ અસ્તુ...

સત્યનો સ્વીકારને અસત્યનો નાશ એજ ધર્મ

માનવ જીવનમાં અનેક પ્રકારના સંસ્કારો પડેલા હોય છે. તે બધાને પરિણામે ટેવનું રૂપ ધારણ કરે છે. આમ ટેવ એ માણસનો સ્વભાવ બને છે. માણસ આજે જે કઈ છે, તે તેમની ટેવનું જ પરિણામ છે. માનવ જીવનમાં માણસ જ્યારે પોતાના આત્મિક સત્યનો, સ્વસ્થ ચિત્તે પ્રસન્ન અને સમતા યુક્ત સંતુલિત મનથી હૃદયપૂર્વક સ્વીકાર કરે છે ને મનમાંથી અસત્યનું નિવારણ, નાશ કરે છે, એટલે કે નિવૃત્તિ ધારણ કરે છે, ત્યારે જ તે અનુભૂતિ જન્ય સત્ય ધર્મનો સત્ય સ્વરૂપ ઉપાસક છે, તેમ સાબિત થાય, આવો સત્ય ધર્મનો ઉપાસક નિત્ય મુક્ત, નિત્ય આનંદ, નિત્ય શાંતિ ધારણ કરીને પરમ સત્યનું લક્ષ સિધ્ધ કરવા માટે દ્રઢ સંકલ્પ યુક્ત જીવન જીવતો હોય છે, આવા સત્ય સ્વરૂપ ધર્મના ઉપાસકને કોઈપણ પ્રકારની આસક્તિ મોહ, ભય ભ્રમ કે કોઈ સ્વાસ્થ યુક્ત પ્રલોભનકદી પણ કોઈપણ પરિસ્થિતિમાં વિચલિત કરી શકે જ નહી, આમ આવા ઉપાસકનું મન નિર્મળ શુભ અને તર્ક શુધ્ધ હોય છે. માણસ આજે જે કઈ છે, તે તેમની ટેવનું જ- પરિણામ છે. એથી તો માણસને એક પ્રકારનું આશ્વાસન મળે છે, કે જો આવો ફેરફાર યુક્ત સ્વભાવ જ હોય તો ટેવ ગમે ત્યારે બદલીએ એટલે સ્વભાવ બદલી શકીએ છીએ. દરેકે સંસ્કાર પોતાનો ડાઘ મનમાં મૂકતો જ જાય છે. તેને કાઢવા ધ્યાનનો અભ્યાસ કરવો પડે છે, એટલે આંતર ધ્યાનની સાધના કરવી જ પડે તે દ્વારા જ આ ડાઘ નાબૂદ થાય છે. આમ સમગ્ર ચરિત્ર એ બધા જ ડાઘ સરવાળો છે, અને જો શુભ સંસ્કાર તેનામાં પ્રબળ બને તો જ માણસ સારો અને સત્યવાદી થાય છે, અને જો ખરાબ સંસ્કાર પ્રબળ થાય તો માણસ, દુષ્ટ બને છે. જેનું પરિણામ ખતરનાક હોય છે. અને તે તેને ભોગવવું જ- પડતું હોય છે, તે છે જીવન ભર દુખ, ચિંતા અને તનાવગ્રસ્ત જીવન. જો માણસના જીવનમાં આત્મિક સત્યના આનંદ સ્વરૂપ સંસ્કારો પ્રબળ બને તો જ જીવનમાં પરમ આનંદ અને પરમ શાંતિ ધારણ કરી જીવન જીવી શકાય છે, એટલે જીવનમાં ખરાબ ટેવો છોડવાનો એક માત્ર ઉપાય છે, તેનાથી ઊલટી સારી સત્ય સ્વરૂપ ટેવો ધારણ કરો, અને તેનું આચરણ આત્મિક સત્ય સ્વરૂપ થઈને કરવા જ માંડો એજ સર્વ શ્રેષ્ઠ ઉપાય છે, એને જે જે- ખરાબ ટેવોના સંસ્કારો મન પર પડેલા છે, તેમને બધાને સારી ટેવોથી અને ધ્યાનની આંતર સાધનાથી ભૂસી નાખીને તેને કાબુમાં લેવાનું રાખવું જોઈએ.

વૃક્ષથી વેપાર સુધીઃ કાર્બન ક્રેડિટની નવી હરિયાળી અર્થવ્યવસ્થા

કાર્બન ક્રેડિટ એ આજના સમયનું એક એવું નાણાકીય સાધન છે જેણે પર્યાવરણની સુરક્ષા અને અર્થવ્યવસ્થાને એક જ દોરીમાં પરોવી દીધી છે. સરળ શબ્દોમાં કહીએ તો એક કાર્બન ક્રેડિટ એટલે એક ટન કાર્બન ડાયોક્સાઇડ અથવા તેના સમકક્ષ અન્ય ગ્રીનહાઉસ વાયુઓને વાતાવરણમાંથી દૂર કરવાનો અથવા તેના ઉત્સર્જનને અટકાવવાનો પ્રમાણિત અધિકાર. જ્યારે કોઈ કંપની, ફેક્ટરી કે દેશ પોતાની નિર્ધારિત મર્યાદા કરતાં વધુ પ્રદૂષણ ફેલાવે છે, ત્યારે તેણે આ ક્રેડિટ ખરીદવી પડે છે. આ ખરીદી તેની પાસેથી થાય છે જેણે વાતાવરણને શુદ્ધ કરવાનું કામ કર્યું હોય, જેમ કે વૃક્ષો વાવ્યા હોય, સૌર ઉર્જા ઉત્પન્ન કરી હોય કે મિથેન ગેસને પકડી લીધો હોય. આ આખો વ્યાપાર બે મોટા બજારમાં ચાલે છે. એક છે ફરજિયાત બજાર જે ક્યોટો પ્રોટોકોલ અને પેરિસ કરાર હેઠળ સરકારો દ્વારા બનાવવામાં આવ્યું છે, જ્યાં મોટા ઉદ્યોગો માટે કાર્બન ઉત્સર્જનની મર્યાદા નક્કી છે, અને બીજું છે સ્વૈચ્છિક બજાર જ્યાં ગૂગલ, માઇક્રોસોફ્ટ, એપલ જેવી મોટી કંપનીઓ પોતાની સામાજિક જવાબદારી અને નેટ ઝીરોના લક્ષ્યને પૂરું કરવા માટે સ્વેચ્છાએ ક્રેડિટ ખરીદે છે. આજે આ વૈશ્વિક બજારનું કદ અબજો ડોલર સુધી પહોંચી ગયું છે અને તે સતત વધી રહ્યું છે. લંડન, સિંગાપોર અને ન્યૂયોર્ક જેવા શહેરોમાં તેના મોટા એક્સચેન્જ કાર્યરત છે.

આપણે બાળપણથી એક જ સૂત્ર સાંભળતા આવ્યા છીએ કે વૃક્ષો વાવો અને વરસાદ લાવો. આ સૂત્રએ આપણને પર્યાવરણ પ્રત્યે લાગણીશીલ બનાવ્યા, પરંતુ હવે સમય બદલાયો છે અને લાગણીની સાથે આર્થિક સમજણ પણ જોડાઈ છે. નવું સૂત્ર છે વૃક્ષો વાવો અને કાર્બન ક્રેડિટ મેળવો, એટલે કે વૃક્ષો વાવીને પૈસા કમાઓ. આ વિચાર પહેલા થોડો અજુગતો લાગે છે કારણ કે આપણે વૃક્ષને હંમેશા પુણ્યના કામ તરીકે જોયું છે, વેપાર તરીકે નહીં. પરંતુ જ્યારે વિજ્ઞાને એ સાબિત કર્યું કે એક મોટું વૃક્ષ તેના જીવનકાળ દરમિયાન વીસ ટનથી વધુ કાર્બન શોષી શકે છે, ત્યારે પર્યાવરણની આ સેવાનું આર્થિક મૂલ્ય આંકવાનું શરૂ થયું. કહેવાય છે કે કાર્બન ક્રેડિટ મેળવવાના એકસો સિત્તેરથી વધુ રસ્તા છે, જેમાં રિન્યુએબલ એનર્જી, એનર્જી એફિશિયન્સી, કચરામાંથી ગેસ બનાવવો, જંગલોનું સંરક્ષણ જેવા અનેક માર્ગો સામેલ છે, પરંતુ તેમાં સૌથી સરળ, સૌથી ટકાઉ અને સૌથી વધુ લોકો સુધી પહોંચી શકે તેવો રસ્તો છે વનીકરણ અને પુનઃવનીકરણ. કારણ કે વૃક્ષ વાવવું એ ટેકનોલોજી નથી, એ સંસ્કૃતિ છે અને ભારતના ખેડૂતને તે આવડે છે. આ વ્યવસ્થા ખેડૂત માટે કેવી રીતે કામ કરે છે તે સમજવું ખૂબ રસપ્રદ છે. ધારો કે ગુજરાતના એક ખેડૂતે પોતાની પડતર જમીનમાં પાંચસો વૃક્ષો વાવ્યા. હવે તે વૃક્ષો કેટલો કાર્બન શોષે છે તેનું માપન કરવા માટે એક એજન્સી આવે છે. આ એજન્સી વૈશ્વિક ધોરણ જેમ કે વેરા અથવા ગોલ્ડ સ્ટાન્ડર્ડ પ્રમાણે તે વૃક્ષોની પ્રજાતિ, તેની ઉંમર, તેની ઊંચાઈ, જમીનનો પ્રકાર બધું નોંધે છે અને સેટેલાઇટ ઇમેજથી તેની દેખરેખ રાખે છે. ત્યારબાદ ગણતરી થાય છે કે આ પાંચસો વૃક્ષો એક વર્ષમાં કેટલા ટન કાર્બન શોષશે. તે ગણતરીના આધારે ખેડૂતને કાર્બન ક્રેડિટ આપવામાં આવે છે. એક ક્રેડિટ એક ટન બરાબર. આ ક્રેડિટ પછી એક ડિજિટલ રજિસ્ટ્રીમાં નોંધાય છે અને આંતરરાષ્ટ્રીય બજારમાં વેચવા માટે મૂકવામાં આવે છે. યુરોપની કોઈ કંપની જે પોતાનું કાર્બન લક્ષ્ય પૂરું નથી કરી શકી તે આ ક્રેડિટ ખરીદે છે. પૈસા સીધા ખેડૂતના ખાતામાં અથવા તેની સાથે જોડાયેલી સહકારી સંસ્થા દ્વારા આવે છે. આમ ખેડૂતને લાકડા વગર, ફળ વગર, માત્ર વૃક્ષને જીવતું રાખવા બદલ પૈસા મળે છે. આ એક એવી આવક છે જે પાક નિષ્ફળ જાય તો પણ ચાલુ રહે છે. ભારતમાં આ મોડેલ ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે. ખાસ કરીને ગુજરાત આ ક્ષેત્રમાં અગ્રેસર બન્યું છે તેનું કારણ અહીંની ભૌગોલિક અને સામાજિક પરિસ્થિતિ છે. ગુજરાતમાં કચ્છ અને સૌરાષ્ટ્ર જેવા વિસ્તારોમાં મોટા પ્રમાણમાં પડતર જમીન છે, જ્યાં ખેતી મુશ્કેલ છે પરંતુ બાવળ, લીમડો, ખીજડો જેવા સ્થાનિક વૃક્ષો સરળતાથી ઉગી શકે છે. બીજું, અહીં સહકારી માળખું ખૂબ મજબૂત છે. અમૂલની જેમ જ હવે અનેક ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન ખેડૂતોને ભેગા કરી તેમની નાની નાની જમીનને એક મોટા કાર્બન પ્રોજેક્ટમાં ફેરવી રહ્યા છે. એકલો ખેડૂત બે વીઘામાં વૃક્ષ વાવીને આંતરરાષ્ટ્રીય બજારમાં ન જઈ શકે, પરંતુ પાંચસો ખેડૂતો ભેગા થઈ પાંચ હજાર હેક્ટરનો પ્રોજેક્ટ બનાવે તો તેમની સોદાશક્તિ વધી જાય છે. ત્રીજું કારણ છે ઉદ્યોગોની હાજરી. ગુજરાતમાં રાસાયણિક અને સિમેન્ટ ઉદ્યોગો મોટા પ્રમાણમાં છે જેમને કાર્બન ઓફસેટની જરૂર છે, એટલે ખરીદનાર અને વેચનાર બંને એક જ રાજ્યમાં મળી રહે છે.



આ વાત માત્ર પૈસાની નથી, તેની પાછળ એક મોટું પર્યાવરણીય ચક્ર પણ છે. જ્યારે ખેડૂતને ખબર પડે છે કે વૃક્ષ જીવતું રહેશે તો જ પૈસા મળશે, ત્યારે તે વૃક્ષ કાપવાનું ટાળે છે. વૃક્ષો વધે છે એટલે જમીનમાં ભેજ વધે છે, પાણીનું સ્તર ઊંચું આવે છે, જે આપણા જૂના સૂત્ર વૃક્ષો વાવો વરસાદ લાવોને ફરીથી સાચું ઠેરવે છે. પક્ષીઓ પાછા આવે છે, જૈવવિવિધતા વધે છે. એક સમયે જે યોજનાઓ સરકારની સબસિડી પર આધારિત હતી, તે હવે બજાર આધારિત બની ગઈ છે. આમાં ખેડૂત ભિખારી નથી રહેતો, તે સે

કરણ જોહર, સારા અલી ખાનથી લઈને શિલ્પા શેટ્ટી જેવા મોટા સેલેબ્સની આયુષ્માન ખુરાના અને તાહિરા કશ્યપની દિવાળી પાર્ટીમાં હાજરી

મુંબઈ,

દિવાળીને હવે ગણતરીના દિવસો જ બાકી છે, ત્યારે બોલિવૂડ સેલિબ્રિટીઓએ તહેવારની ઉજવણી શરૂ કરી દીધી છે. આ ઉત્સાહમાં વધારો કરતા, આયુષ્માન ખુરાના અને તાહિરા કશ્યપે શનિવારે (૨૪ ઓક્ટોબર) મુંબઈ સ્થિત તેમના નિવાસસ્થાને દિવાળી પાર્ટીનું આયોજન કર્યું હતું.

આ પાર્ટીમાં ફિલ્મ નિર્માતા કરણ જોહર, સારા અલી ખાન, શિલ્પા શેટ્ટી, રાજકુમાર રાવ, સાન્યા મલ્હોત્રા, ટ્વિંકલ ખન્ના અને અન્ય ઘણી હસ્તીઓ સામેલ થઈ હતી. આ કાર્યક્રમની તસવીરો અને વીડિયો ઓનલાઈન સામે આવ્યા છે.

આયુષ્માન ખુરાના અને તાહિરા કશ્યપની દિવાળી પાર્ટીમાં પહોંચ્યા સેલેબ્સ

મહેમાનોની યાદીમાં નિર્માતા ભૂષણ કુમાર, અપૂર્વ મહેતા, ગુનીત મોંગા, ફિલ્મ નિર્માતા અમર કૌશિક, 'ઉડતા તીર'ના દિગ્દર્શક આકાશ કૌશિક, અપારશક્તિ ખુરાના અને તેમની પત્ની આકૃતિ, રાજકુમાર રાવ, રકુલ પ્રીત સિંહ અને જેકી ભગનાનીનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત, ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રા, શ્રેયા ચૌધરી અને રાજ કુન્દ્રા પણ આ ઉજવણીનો ભાગ બન્યા હતા.

તાહિરાએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને ચાહકોને આ દિવાળી પાર્ટીની ઝલક બતાવી. આ વીડિયોમાં મહેમાનો તસવીરો માટે પોઝ આપતા અને મિત્રો સાથે ડાન્સ કરતા જોવા મળે છે.

કેપ્શનમાં તેમણે લખ્યું, "પ્રેમ અને પ્રકાશ ફેલાવો... મારા અને @ayushmannk માટે દિવાળીની ઉજવણી હંમેશા અમારા પરિવાર અને મિત્રો સાથે જ રહી છે! મુંબઈ હવે અમારું ઘર બની ગયું છે, તેથી અહીંના મિત્રો જ અમારો વિસ્તૃત પરિવાર છે! અમે સવારે ૫ વાગ્યે સૂવા ગયા અને ત્યાં સુધી ડાન્સ કર્યો જ્યાં સુધી અમારા પગ દુખવા ન



લાગ્યા... આ શ્રેષ્ઠ અનુભવ છે!"

આયુષ્માન ખુરાનાની તાજેતરની ફિલ્મ

વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, આયુષ્માન ખુરાના તાજેતરમાં સારા અલી ખાન સાથે 'ઉડતા તીર'માં જોવા મળ્યા હતા. મુખ્ય કલાકારો ઉપરાંત, આ ફિલ્મમાં રામ કપૂર, રાહુલ બોઝ, ગુલશન ગ્રોવર, સુહેલ નૈયર, પારુલ ગુલાટી, બ્રિજેન્દ્ર કાલા અને મુકુલ દેવ પણ મહત્વની ભૂમિકાઓમાં છે. આ ફિલ્મનું નિર્દેશન આકાશ કૌશિકે કર્યું છે, જેઓ 'ભૂલ ભુલૈયા ૨'ના લેખક તરીકે જાણીતા છે. તેનું નિર્માણ કરણ જોહર, અદાર પૂનાવાલા, અપૂર્વ મહેતા, ગુનીત મોંગા કપૂર અને અચિન જૈન દ્વારા 'ધર્મા પ્રોડક્શન્સ' અને 'સિક્કચા એન્ટરટેઈનમેન્ટ'ના બેનર હેઠળ કરવામાં આવ્યું છે.ટ્રેડ ટ્રેકર 'સેકનિલ્ક' અનુસાર, આ સ્પાય-કોમેડી (જાસૂસી-કોમેડી) ફિલ્મે ભારતીય બોક્સ ઓફિસ પર સામાન્ય શરૂઆત કરી હતી અને પ્રથમ દિવસે ૪.૮૩ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. બીજા દિવસે ફિલ્મની કમાણીમાં વધારો જોવા મળ્યો અને તેણે ૮.૭૦ કરોડ રૂપિયાની કમાણી કરી. 'સેકનિલ્ક'ના જણાવ્યા અનુસાર, ફિલ્મની કુલ નેટ કમાણી ૧૧.૩૫ કરોડ રૂપિયા સુધી પહોંચી છે.

ટી૨૦ ક્રિકેટમાં તિલક વર્મા બન્યો વિશ્વનો નંબર વન મેચ ફિનિશર

કાઈસ્ટચર્ચ

મિડલ-ઑર્ડરના ભરોસાપાત્ર તિલક વર્મા શનિવારે ૨૬મી વખત ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ફૉર્મેટમાં લક્ષ્યાંકનો પીછો કરતી વખતે અણનમ રહ્યો અને એ તમામ ૨૬ મૅચમાં ભારતે વિજય મેળવ્યો છે. એ રીતે, ૨૩ વર્ષીય તિલક લક્ષ્યાંક ચેઝ કરતી વખતે આઉટ ન થયો હોય એવી મૅચોમાં ભારતનો ૧૦૦ ટકા વિન-રેકૉર્ડ છે. ઇંગ્લૅન્ડનો ૩૫ વર્ષની ઉંમરનો જેમ્સ વિન્સ ટી-૨૦માં લક્ષ્યાંક ચેઝ કરતી વખત ૩૧ વખત અણનમ રહ્યો છે, પરંતુ એમાંથી એક મૅચ અનિર્ણિત રહી હતી એટલે વિન્સનો વિન-રેકૉર્ડ ૧૦૦ ટકા નથી.

ન્યૂ ઝીલૅન્ડનો બ્રેન્ડન મૅક્લમ એવી બાવીસ ટી-૨૦ મૅચમાં અણનમ રહ્યો હતો જેમાં



કિવીઓની ટીમ જીતી હતી. જોકે તેની તુલનામાં તિલક વર્માની ૨૬ સફળ ચેઝવાળી મૅચ છે.ન્યૂ ઝીલૅન્ડનો જ માર્ટિન ગપ્ટિલ પણ બાવીસ ટી-૨૦ મૅચમાં ટાર્ગેટ ચેઝ કરતી વખતે અણનમ રહ્યો હતો અને એ દરેક મૅચમાં ન્યૂ ઝીલૅન્ડનો વિજય થયો હતો.

શનિવારે ભારતે પોતાની ૩૦૦મી ટી-૨૦ મૅચમાં ૨૦૦મો વિજય મેળવ્યો હતો. તિલક વર્મા ૨૬ બૉલમાં એક છગ્ગો અને છ ચોગ્ગાની મદદથી બનેલા ૫૧ રન પર અણનમ રહ્યો હતો. તેણે નીતીશ રેડ્ડી (૧૩ બૉલમાં ૨૬ અણનમ) સાથેની જોડીમાં સાતમી વિકેટ માટે ૬૯ રનની અતૂટ ભાગીદારી કરી હતી.

ગોવાના શાંત અને પ્રાકૃતિક વાતાવરણમાં બનાવ્યું છે સમીરા રેડ્ડીએ નિવાસસ્થાન

મુંબઈ

બોલીવૂડમાં પોતાની બોલ્ડ અને ગ્લેમરસ અદાઓથી જાણીતી બનેલી એક્ટ્રેસ સમીરા રેડ્ડી છેલ્લાં પાંચ વર્ષથી મુંબઈની ભાગદોડ અને ઝગમગાટ ભરેલી દુનિયાને અલવિદા કહી પોતાના પરિવાર સાથે ગોવાના શાંત અને પ્રકૃતિથી ભરપૂર વાતાવરણમાં વસી ગઈ છે. મુંબઈ છોડ્યા પછી સમીરાએ માત્ર શહેર જ નથી બદલ્યું, પરંતુ પોતાની સંપૂર્ણ જીવનશૈલી પણ બદલી નાખી છે અને હાલમાં જ સમીરાએ પોતાની હોમ ટૂરના વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતા.

તાજેતરમાં પીઢ એક્ટ્રેસ અર્ચના પૂરણ સિંહ પોતાના પરિવાર સાથે સમીરાના ગોવા



સ્થિત ઘરે પહોંચ્યા હતા, જ્યાં સમીરાએ પોતાના ૪૦૦૦ સ્ક્વેર ફીટમાં ફેલાયેલા આલીશાન વિલા અને હરિયાળા બગીચાનો ખાસ 'હોમ ટૂર' કરાવ્યો હતો.

સમીરાએ અર્ચના પૂરણ સિંહ સાથેની વાતચીતમાં ખુલાસો કર્યો હતો કે તે શરૂઆતમાં માત્ર ૧૦ દિવસના વેકેશન માટે ગોવા આવી હતી. પરંતુ અહીંની કુદરતી સુંદરતા અને શાંતિએ તેનું દિલ જીતી લીધું અને તેણે મુંબઈ ક્યારેય પાછા ન ફરવાનો અને ગોવામાં જ સ્થાયી થવાનો નિર્ણય કરી લીધો. સમીરાનું ઘર ઊંચા તાડ, વાંસ, લીમડો, ચીકુ, નારિયેળ, કાજુ અને એવોકાડો જેવા અસંખ્ય દેશી અને ટ્રોપિકલ વૃક્ષોથી ઘેરાયેલું છે. અભિનેત્રી પોતાના આ વિશાળ બગીચામાં ઊગતાં તાજાં ફળો અને શાકભાજીનો ઘરના વપરાશમાં નિયમિત ઉપયોગ કરે છે.સમીરા હંમેશાં મુંબઈ જેવા ધમધમતા શહેરમાં રહી હોવાથી શરૂઆતમાં આસપાસ કોઈ વસ્તી કે દુકાનો ન હોવાથી મુશ્કેલી પડી હતી.

એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ વન-ડે ટુર્નામેન્ટમાં ફરી ભારત અને પાકિસ્તાની ટીમ વચ્ચે થશે ટક્કર

દોહા

કતારના દોહામાં આગામી ૧૯મી નવેમ્બરે એશિયન ક્રિકેટ કાઉન્સિલના બૅનર હેઠળ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ વન-ડે ટૂર્નામેન્ટ શરૂ થશે જેમાં બાવીસમી નવેમ્બરે ઇન્ડિયા-એ

આભાર - નિહારીકા રવિયા

ટીમનો પાકિસ્તાન-એ ટીમ સામે મુકાબલો થશે અને મુખ્ય મુદ્દો એ છે કે જો ભારતની ટીમ આ ટૂર્નામેન્ટ જીતશે તો ટ્રોફીના મુદ્દે ફરી ડખ્ખો થઈ શકે.

૫૦-૫૦ ઓવરની આ ટૂર્નામેન્ટમાં આઠ દેશ ભાગ લેશે. એમાંથી ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન પોતાની 'એ' ટીમ ઊતારશે, જ્યારે નેપાળ, યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઈ) અને હૉન્ગ કૉન્ગ પોતાની સૌથી મજબૂત ટીમ મોકલશે. ઇન્ડિયા-એના ગ્રૂપ-બીમાં પાકિસ્તાન-એ, નેપાળ તથા યુએઈ છે. ગ્રૂપ-એમાં શ્રીલંકા-એ, બાંગ્લાદેશ-એ, અફઘાનિસ્તાન-એ તેમ જ હૉન્ગ કૉન્ગ સામેલ છે. ભારતની પ્રથમ મૅચ ૨૦મી નવેમ્બરે નેપાળ સામે રમાશે અને ત્યાર બાદ પાકિસ્તાન-એ સામે (બાવીસમી નવેમ્બરે) તથા યુએઈ સામે (૨૪મી નવેમ્બરે) મુકાબલો થશે.

બન્ને ગ્રૂપની ટોચની બે-બે ટીમ સેમિ ફાઇનલમાં પહોંચશે. આ સાત ટૂર્નામેન્ટમાંથી ફક્ત એક વખત ભારત ચૅમ્પિયન બન્યું છે. ૨૦૧૩માં ભારતે એસીસી ઇમર્જિંગ ટીમ્સ એશિયા કપ ટૂર્નામેન્ટમાં ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. આઠમી નવેમ્બરે પણ ભારત-પાકિસ્તાન વચ્ચે ટક્કર થવાની છે. એ દિવસે બન્ને દેશની ટીમ ઓમાનના અન્ડર-૧૯ એશિયા કપમાં રમશે.

એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ વન-ડે ટૂર્નામેન્ટની ફરી વાત કરીએ તો જો ઇન્ડિયા-એ ટીમ ચૅમ્પિયન બનશે તો ટ્રોફી તો મોટા ભાગે એસીસીના ચીફ મોહસિન નકવીના હાથે જ આપવામાં આવશે. ગયા વર્ષે સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતે એશિયા કપ જીતી લીધો ત્યારે નકવીના હાથે ટ્રોફી નહોતી લીધી અને પછીથી નકવીએ એ ટ્રોફી ગાયબ કરી નાખી હતી. ભારતીય ટીમને હજી સુધી એ ટ્રોફી નથી મળી. તાજેતરમાં મહિલાઓએ એશિયા કપ જીતી લીધો ત્યારે પણ નકવીના હાથે ટ્રોફી નહોતી સ્વીકારી અને એ ટ્રોફી પણ હજી ભારત પાસે નથી પહોંચી શકી. નકવીની એસીસી-ચીફ તરીકેની મુદત એપ્રિલ-૨૦૨૭માં પૂરી થાય છે.

આઈપીએલમાં રમવું કે નહીં તે અંગે ડિસેમ્બરમાં નક્કી કરીશ : એમએસ ધોની

બેંગલુરુ

ભારતના પૂર્વ કેપ્ટન એમ.એસ. ધોનીએ આઈપીએલમાં પોતાની રમત ચાલુ રાખવા અંગે ચાલી રહેલી અટકળો પર મૌન તોડ્યું છે. બેંગલુરુમાં આયોજિત એક હેલ્થકેર ઈવેન્ટ દરમિયાન જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ આગામી આઈપીએલ સિઝનમાં પણ રમતા જોવા મળશે કે કેમ, ત્યારે ધોનીએ હસતાં-હસતાં વિન્ટેજ કારનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે મજાકમાં કહ્યું, "ડૉક્ટર, મારે ટેસ્ટમાંથી પસાર થવું પડશે.. તમારે મને રિપોર્ટ આપવો પડશે, અને પછી ડિસેમ્બર પહેલાં મારે જોવું પડશે કે હું વધુ એક સિઝન રમવા માટે કેટલો ફિટ છું."

તેમણે ઉમેર્યું કે જો તેઓ ફિટ નહીં રહી શકે તો ડૉક્ટરોએ એ સુનિશ્ચિત કરવું પડશે કે આ 'જૂની વિન્ટેજ ગાડી' રસ્તા પર સારી રીતે દોડતી રહે, જેથી તમામ દબાણ ડૉક્ટરો પર જ રહે. ઉલ્લેખનીય છે કે ૪૫ વર્ષીય ધોની ફિટનેસ સમસ્યાઓના કારણે આઈપીએલની પૂરી સિઝન રમી શક્યા ન હતા, અને હવે તેઓ આગામી મહિને એટલે કે ડિસેમ્બર પહેલા પોતાના ભવિષ્ય અંગે અંતિમ નિર્ણય લેશે.

કાર્યક્રમમાં વાતચીત દરમિયાન એમ.એસ. ધોનીએ ચેન્નઈ સુપર કિંગ્સના તાજેતરના પ્રદર્શન અંગે પણ નિખાલસતાથી ચર્ચા કરી હતી. તેમણે સ્વીકાર્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ટીમ માટે સમય મુશ્કેલ રહ્યો છે અને સીએસકેએ ઘણો સંઘર્ષ કરવો પડ્યો છે. ધોનીએ કહ્યું કે કાગળ પર તમારી ટીમ ગમે તેટલી મજબૂત હોય તેનાથી ખાસ ફરક નથી પડતો, પરંતુ મેદાન પર તે ચોક્કસ દિવસે તમે કેવું પ્રદર્શન કરો છો તે સૌથી મહત્ત્વનું છે. રમતનું ફોર્મેટ જેટલું નાનું હોય છે, તેટલું જ ઉત્કૃષ્ટ ટીમો વચ્ચેનું અંતર ઘટતું જાય છે. સીએસકેના સંઘર્ષ વિશે વાત કરતા તેમણે કહ્યું કે આ એક વાસ્તવિકતા છે અને તેનાથી મોં ફેરવવાનો કોઈ અર્થ નથી.

ધોનીએ પોતાના પ્રતિસ્પર્ધી રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના પ્રદર્શનની પણ ખુલ્લેઆમ પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું કે જિંદગી આવી જ હોય છે, જેમાં ક્યારેક સારા તો ક્યારેક ખરાબ દિવસો આવે છે, પરંતુ મુશ્કેલ સમયમાંથી બહાર નીકળીને ટીમ તરીકે આગળ વધવું સૌથી મહત્વનું છે.

પહેલાના ગીત,સંગીતકાર અને ગાયકોમાં પ્રત્યેક ગીત પ્રત્યે એક પ્રકારનું કમિટમેન્ટ હતું : કુમાર સાનુ

મુંબઈ

સંગીતના સૂરમયી દરિયામાં કેટકેટલાય સાહસિકોની સફર યાદગાર સાબિત થઈ છે. સોનુ નિગમથી લઈને શ્રેયા ઘોષાલ સુધી એકથી એક ચડિયાતા ગાયકો-ગાયિકાઓ, સંગીતકારો અને ઈન્સ્ટ્રુમેન્ટાલિસ્ટ આવ્યા અને માઈલસ્ટોન ઊભો કરી ગયા. આ સંગીતની દુનિયામાં જેની સૌથી વધારે ચર્ચા થઈ એ ગાયક એટલે કુમાર સાનુ. પોતાની અલગ અલગ ગાયિકીના કારણે સૌના ફેવરિટ થયેલા કુમાર સાનુએ પોતાના પરિવાર સાથે પોતાનો જન્મદિવસ મનાવ્યો છે. હાલમાં તે મ્યુઝિક રિયાલિટી શો સારેગામાપામાં જજની ખુરશી પર પોતાનું મંતવ્ય આપીને નવી પેઢીને સૂરની વિશાળ સમજ આપી રહ્યા છે. એક ખાસ મુલાકાતમાં કુમાર સાનુએ જણાવ્યું હતું કે લોકોમાં હવે



પોતાના કામ પ્રત્યેનું જે કમિટમેન્ટ અગાઉ હતું એ ઘટી રહ્યું છે. પહેલા સંગીતકાર, ગીતકાર, ગાયક દરેક વ્યક્તિમાં એક-એક ગીત પ્રત્યે એક કમિટમેન્ટ હતું, સમર્પણ હતું. આ તમામ લોકોમાં સમર્પણ સાથે એક ડર નામની વસ્તુઓ પણ હતી. જેમ કે, મેં કોઈ ગીત ગાવાનું ચાલું કર્યું તો એ ગીતના ટ્રેકનું બાહરનું મારા ન ગવાઈ જાય કે સૂર ઉપર-નીચે ન થઈ જાય એનો ડર રહેતો. મારે એક જ વારમાં યોગ્ય રીતે ગાવાનું રહેશે. એવો ભાવ હતો. આ જ ડરને કારણે એક સમર્પણનો ભાવ આવતો કે, આપણે જ બેસ્ટ આપવાનું છે અને એ જ બેસ્ટ માટે આપણે મહેનત કરવાની છે.

જો મેં કોઈ ભૂલ કરી તો મારે તો ભોગવવી જ પડશે પણ સંગીતકાર હસી કાઢશે એ અલગ. હવે તો લોકોને ખબર છે કે, તે કોઈ પણ ગીતને ટ્રેકનું ધ્યાન રાખ્યા વગર ગાઈ દે તો પણ ટેક્નોલોજીની મદદથી બધુ વ્યવસ્થિત થઈ જાય. ટેક્નોલોજીની મદદથી નાના-નાના ટુકડામાં પણ ગીતને રેકોર્ડ કરી શકાય છે. આનાથી તેઓ નિશ્ચિત થઈ જાય છે, બસ અહીંયાથી જ ગીતની ગુણવત્તામાં ઓટ આવે છે.

હું એટલું જ કહીશ કે તમે જે કોઈ કામ કરવા માટે જાવ છો એમાં પર્ફેક્ટ થઈને જાવ. અન્યથા માથાભેર એવા પડશો કે, પીછેહઠ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહીં બચે. એટલી તૈયારીઓ કરીને જાવ કે સામેવાળી વ્યક્તિ તમારો વિકલ્પ શોધી જ ન શકે. તમને હટાવી ન શકે. હવે તો હું જોવ છું કે, લોકો પર્ફેક્ટ ના પણ હોય તો પણ ગમે ત્યાં સંગીત પીરસવા નીકળી પડે છે. કોઈ પ્રોફેશનલ સિંગર ન હોય તો પણ તેઓ ગમે તે ગીતને ગમે તે સ્કેલમાં લલકારે છે. હવે તો એઆઈ આવી ગયું છે, જે ખરેખર આ ફિલ્ડ માટે ખૂબ જ ખતરનાક છે. હવે તમે વિચારો મશીન પાસેથી ગીત લખાવવા અને એની જ પાસે ગવડાવી લેવા કેટલું ચોંકાવનારૂ સાબિત થાય?

શબ્દ શોધો

બ	ફ	શ	ધ	ફ	કા	બ	ન	જ્ઞા	ભ	લ	રા
ણા	રા	ર	ભ	મ	રો	ન	એ	ઐ	ત	દ	સ
ઓ	ભા	બ	જ	સ	આ	ળ	ભો	રા	રો	બ	બૂ
ગ	તી	ળ	ર	ડી	કા	ર	વ	કા	ગ	સા	ઓ
રા	ગ	પ્ર	લી	ણે	લ	દ	ક	બં	તી	દા	શિ
કા	ળ	ગ	ગ	ગ	ન	લા	પ્ર	સા	દ	ગ	બા
કા	પ્રા	ગ	ત	અઃ	ણે	મો	બા	આ	સ	દ	ર
ઓ	મા	ડો	મા	ક	સ	ણિ	ધ	કા	બા	ર	પ્ર
સા	ણિ	મ	બં	ગ	પ્ર	સ	મા	કી	ઊ	મા	વા
બિ	ક	ગં	ળ	લ	બં	લી	મ	ર	દ	કા	બૂ
ન	ર	લ	રો	આ	વિ	હિ	અ	લ	ક	દ	ગી
કા	મા	જ	ન	ડો	મા	સા	બં	ર	મા	ભા	ગ

શબ્દ શોધો

પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

મેન્સ ટી૨૦ ઈન્ટરનેશનલમાં ભારતીય ટીમનો ૩૦૦ મેચનો માઈલ સ્ટોન : ૨૦૦ મેચમાં મેળવી જીત

મુંબઈ

ભારત મેન્સ ટી૨૦ ઈન્ટરનેશનલમાં ૩૦૦ મુકાબલા રમનારી વિશ્વની બીજી ટીમ બની ગઈ છે. એટલું જ નહીં, ટીમ ઇન્ડિયાએ મેન્સ ટી૨૦ ઈન્ટરનેશનલમાં પોતાની ૨૦૦મી જીત પણ નોંધાવી છે, જે પોતાનામાં એક વર્લ્ડ રેકોર્ડ છે.

૧૮૧ રનના પડકારજનક લક્ષ્યાંકનો પીછો કરતાં ભારતીય ટીમ એક સમયે માત્ર ૭૦ રનના સ્કોર પર પોતાની ૫ વિકેટ ગુમાવીને ભારે મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. પરંતુ આવા નાજુક સમયે તિલક વર્મા અને નીતીશ કુમાર રેડ્ડીએ દબાણમાં શાનદાર બેટિંગ કરીને આખી મેચનું પાસું જ પલટી નાખ્યું હતું. બંને ખેલાડીઓએ ૭મી વિકેટ માટે માત્ર ૩૦ બોલમાં ૬૯ રનની અણનમ ભાગીદારી નોંધાવી હતી અને ભારતને ૧૯.૫ ઓવરમાં ૧૮૧/૬ના સ્કોર સુધી પહોંચાડીને યાદગાર જીત અપાવી હતી.

મેન્સ ટી૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટના



આંકડાઓ પર નજર કરીએ તો ભારતીય ટીમનો કોઈ જવાબ નથી. વર્ષ ૨૦૦૬થી ૨૦૨૬ દરમિયાન ભારતના પ્રદર્શન અને વિશ્વની અન્ય ટીમોના રેકોર્ડ્સની સ્થિતિ નીચે મુજબ છે:

ભારતીય ટીમે અત્યાર સુધીમાં કુલ ૩૦૦ મેન્સ ૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી છે, જેમાંથી તેણે રેકોર્ડ ૨૦૦ મેચોમાં જીત મેળવી છે, જ્યારે ૮૩ મુકાબલામાં તેને હારનો સામનો કરવો પડ્યો છે. આ ઉપરાંત ૭ મુકાબલા ટાઈ રહ્યા છે અને ૧૦ મેચોનું કોઈ પરિણામ આવ્યું નથી, જેનાથી ભારતનો જીત-હારનો રેશિયો ૨.૪૦૯ રહ્યો છે.

પાકિસ્તાને ભારત કરતાં વધુ ૩૦૪ ૨૦ ઈન્ટરનેશનલ મુકાબલા રમ્યા છે, પરંતુ તેની કુલ જીતની સંખ્યા ૧૭૬ જ છે, એટલે કે તે જીતના મામલે ભારતથી ઘણું પાછળ છે. સૌથી વધુ જીત નોંધાવનારી ટીમોની આ યાદીમાં ન્યૂઝીલેન્ડ ૧૩૫ જીત સાથે ત્રીજા, સાઉથ આફ્રિકા ૧૨૯ જીત સાથે ચોથા અને ઈંગ્લેન્ડ ૧૨૮ જીત સાથે પમા સ્થાને છે, જ્યારે ઓસ્ટ્રેલિયાએ ૧૨૭ મુકાબલા જીત્યા છે.

અન્ય ટીમોમાં યુગાન્ડાનો રેકોર્ડ પણ ઘણો નોંધપાત્ર રહ્યો છે, જેણે ૧૩૧ મેચોમાં ૧૦૧ જીત મેળવી છે, જ્યારે અફઘાનિસ્તાનના નામે ૯૯ જીત નોંધાયેલી છે, પરંતુ કુલ જીતના મામલે ભારત સૌથી આગળ છે.

ઈ-પ્રમાણપત્ર પોર્ટલ પરથી સિનેમાનો ડેટા લીક થતા ફિલ્મજગતમાં મચ્યો ખળભળાટ

મુંબઈ

ફિલ્મ રિલીઝ થાય તે પહેલાં તેની વાર્તા અને માહિતી ગુપ્ત રાખવા માટે ફિલ્મ નિર્માતાઓ ખૂબ જ તકેદારી રાખતા હોય છે, કેમ કે જો કોઈપણ કારણસર ફિલ્મની વિગતો કે આખેઆખી ફિલ્મની પ્રિન્ટ ઈન્ટરનેટ પર લીક થઈ જાય તો નિર્માતાને કરોડોની ખોટ જાય. ૨૫ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ ભારતીય ફિલ્મ ઉદ્યોગને લગતો એક ખૂબ જ મોટો અને ચોંકાવનારો ડેટા લીક સામે આવ્યો છે, જેણે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનની સુરક્ષા વ્યવસ્થા પર મોટા સવાલો ઊભા કર્યા છે.

CBFC ના સત્તાવાર ઓનલાઈન પોર્ટલ 'ઈ-સિનેપ્રમાણ' પરથી ૫૦૦ થી વધુ ફિલ્મોના અત્યંત ગુપ્ત દસ્તાવેજો લીક થઈ ગયા છે. આ એ જ પોર્ટલ છે જેના



દ્વારા દેશભરની ફિલ્મોને સેન્સર સર્ટિફિકેટ આપવાની પ્રક્રિયા પૂરી કરવામાં આવે છે. અહેવાલો મુજબ, આ પોર્ટલની સુરક્ષા તોડીને કોઈએ આ દસ્તાવેજો ગેરકાયદેસર રીતે મેળવ્યા હતા અને તેને 'ઈન્ટરનેટ આર્કાઈવ' પર ડાઉનલોડ કરવા માટે મૂકી દીધા હતા. આ લીક ટેકનિકલ ખામીને કારણે થયો છે કે પછી કોઈ મોટા સાયબર હુમલાનો ભાગ છે, તે તપાસનો વિષય છે.આ ડેટા લીકમાં ફિલ્મો આખી લીક નથી થઈ, પરંતુ તેમની સાથે જોડાયેલા મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો લીક થયા છે. જેમાં નીચેની વિગતો સામેલ છે.

સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ દ્વારા

રમઝટ નવરાત્રિમાં મેગા ફાઈનલમાં ૨૫ ખેલૈયાઓને ઈનામો સાથે સન્માનિત કરાયા







જામનગર : માં નવદુર્ગાની આરાધના કરવા નું પર્વ એટલે નવરાત્રિ જામનગરમાં સમસ્ત બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજીત રમઝટ નવરાત્રિ રાસોત્સવ ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું હતું તા. ૧૧/૧૦ થી ૧૯/૧૦ એમ નવ દિવસ માટે ઈનામો ની વણઝાર સાથે ફકત બ્રહ્મસમાજના ખેલૈયાઓ માટે રાસ ગરબાનું આયોજન દયાશંકર બ્રહ્મપુરી કેવી રોડ ખાતે કરવામાં આવ્યું હતું. આ નવરાત્રીમાં ૧૯ ઓક્ટોબરે મેગા ફાઈનલ રાઉન્ડ રાખવામાં આવ્યો હતો જેમાં ૨૫ ખેલૈયાઓને પોતાના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ મુમેન્ટો તેમજ ઈનામો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ નવરાત્રિ દરમિયાન આમંત્રિત મહેમાનો મેયર મોનિકાબેન વ્યાસ,ધરમભાઈ જોષી, આશિષભાઈ જોષી, પ્રફુલભાઈ વાસુ, નિશાબેન અસવાર, પ્રિતેશભાઈ ભટ્ટ, રાજુભાઈ મહાદેવ, , હિરેનભાઈ વરણવા, કિશોરભાઈ જોશી, સુનિલભાઈ ખેતીયા, હિરેનભાઈ ત્રિવેદી, સંજયભાઈ જાની ,જગતભાઈ રાવલ, દિપકભાઈ જોષી, કમલેશભાઈ ઓઝા સહિત બ્રહ્મસમાજ તથા રાજકિય આગેવાનો તેમજ વિવિધ સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

મેગા ફાઈનલમાં સંસ્થાના આમંત્રણ ને માન આપી ખાસ નિખિલભાઈ ભટ્ટ, અજયભાઈ જાની, નિલેશભાઈ ઉદાણી, પંકજભાઈ ભંડારી, પીડી રાયજાદા તથા ડી કે ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા અને મેગા ફાઈનલમાં રાજીવભાઈ ભટ્ટ અને દર્શાબેન જોષી દ્વારા નિર્ણાયક તરીકે સેવા આપી હતી. દશેરાના પાવન અવસરે ભગવાન શિવ પાર્વતીજીના વિવાહ ઈશ્વર વિવાહ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાઈઓ દ્વારા ઈશ્વર વિવાહ ધોતી અને ઝભ્ભો પહેરી ધાર્મિક ઉત્સવમાં જોડાયા હતા. ઈશ્વર વિવાહ પૂર્ણ થયા બાદ સંસ્થા દ્વારા તમામ શિવભક્તો માટે અલ્પાહાર ની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી.

આ રમઝટ નવરાત્રિને સફળ બનાવવા માટે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી કેતનભાઈ ભટ્ટ, ટ્રસ્ટી જયદીપભાઈ રાવલ, સુનિલભાઈ જોષી, મહેશભાઈ રાવલ, સિમિતભાઈ રાવલ, શહેર પ્રમુખ કિરીટભાઈ ઠાકર, યુવા પ્રમુખ વિરલ ત્રિવેદી, મહિલા જીલ્લા પ્રમુખ અર્ચનાબેન જોષી, શહેર મહિલા પ્રમુખ મનીષાબેન જોષી તથા રાજેશભાઈ ઠાકર, જીતેશભાઈ વ્યાસ, જાંબાલી રાવલ, સમીરભાઈ જોષી, કપિલ રાવલ, નીરવ મહેતા, કેતન જોષી, દેવેન્દ્રભાઈ શુકલ, પ્રણવભાઈ રાવલ, વિમલ મહેતા, બીપીનભાઈ ઉપાધ્યાય, શ્રેયશ જોષી, માધવીબેન વ્યાસ, ધરતીબેન વ્યાસ, હિનાબેન ઠાકર, દિપાલીબેન રાવલ, જાહ્નવીબેન શુકલ,વાસંતીબેન ઠાકર, જયેષ્ઠાબેન જોષી, રક્ષાબેન ભટ્ટ, વિધાબેન મહેતા, બીનાબેન દવે, જિગ્નાબેન વ્યાસ, નીતાબેન મહેતા, ઉષાબેન જોષી, સહિતના સભ્યો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

જામનગરમાં પોસ્કો કેસમાં આરોપીની જામીન નામંજૂર : ધમકીથી ડરી સગીરાએ ફિનાઈલ પીધુ હતું

જામનગર : જામનગર જિલ્લામાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરની સગીરા સાથે વારંવાર દુષ્કર્મ આચરવાના અને તેને તથા તેના પરિવારજનોને ધમકી આપવાના કેસમાં પોક્સો અદાલતે આરોપી મેસુર મિયાજરભાઈ કેસુરની રેગ્યુલર જામીન અરજી રદ કરવાનો હુકમ કર્યો છે.

આ કેસની વિગતો મુજબ, તા. ૨૯ જુલાઈના રોજ સગીરા સાથે વારંવાર શરીર સંબંધ બાંધ્યા બાદ સગીરાએ આરોપી સાથે સંપર્ક કાપી નાખ્યો હતો. ત્યારબાદ આરોપીએ સગીરાના ભાઈ અને પિતાને મારી નાખવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે. આ ધમકીથી ડરી ગયેલી સગીરાએ ફિનાઈલ પી લેતાં સમગ્ર પ્રકરણ બહાર આવ્યું હતું.

આ બનાવ અંગે સગીરાની માતાએ ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપી મેસુર મિયાજરભાઈ કેસુર સામે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) અને પોક્સો અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી જેલહવાલે કર્યો હતો. જેલમાંથી મુક્ત થવા માટે આરોપીએ અદાલતમાં રેગ્યુલર જામીન અરજી કરી હતી.

જામીન અરજીની સુનાવણી દરમિયાન સરકારી વકીલ રાજેશભાઈ કે. વશિયરે અદાલત સમક્ષ રજૂઆત કરી હતી કે, આ કેસ સમાજને અસર કરનારો ગંભીર પ્રકારનો છે. ૧૬ વર્ષથી ઓછી ઉંમરની બાળકી સાથે વારંવાર દુષ્કર્મ આચરવા ઉપરાંત તેને પરિવારજનોને મારી નાખવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ છે. આવા સંજોગોમાં આરોપીને જામીન પર મુક્ત ન કરવો જોઈએ. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ પોક્સો કેસોની ખાસ અદાલતે આરોપીની રેગ્યુલર જામીન અરજી રદ કરવાનો હુકમ કર્યો હતો.

કલા મહાકુંભમાં દ્વારકા તાલુકામાં પિતા-પુત્રી મેળવ્યો પ્રથમ ક્રમ




દ્વારકા : કલા અને સંગીતનાં ક્ષેત્રે પ્રતિભા દર્શાવીને દ્વારકા તાલુકાનું ગૌરવ વધારનાર પિતા-પુત્રીની જોડીએ કલા મહાકુંભ-૨૦૨૬ની તાલુકા કક્ષાની સુગમ સંગીત સ્પર્ધામાં શાનદાર સફળતા મેળવી છે. દીપકભા માણેક તેમજ તેમની પુત્રી મેઘના દીપકભા માણેકે સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને પોતાની સંગીત પ્રતિભાનો પરિચય આપ્યો છે.

એક જ પરિવારની બે પેઢીએ સંગીતના મંચ પર પ્રથમ સ્થાન હાંસલ કરતાં પરિવારજનો, સ્નેહીજનો અને સંગીતપ્રેમીઓમાં આનંદની લાગણી છવાઈ છે. પિતા-પુત્રીની આ સિદ્ધિને પગલે બંને પર શુભેચ્છાઓ અને અભિનંદનની વર્ષા થઈ રહી છે.

કલા મહાકુંભ જેવા મંચ પર પોતાની કળા દ્વારા સફળતા પ્રાપ્ત કરનાર દીપકભા માણેક અને મેઘના માણેકની આ સિદ્ધિ અન્ય કલાકારો માટે પણ પ્રેરણારૂપ બની છે. દ્વારકા તાલુકામાં ક્ષત્રિય વાઘેર સમાજમાં બાપ-દીકરીની આ જોડીને સફળતા બદલ સૌ જ્ઞાતિ આગેવાનોએ અભિનંદન પાઠવ્યા.

જામનગરના બે ખેલાડીઓની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ફૂટબોલ ટીમમાં પસંદગી





જામનગર : જામનગર: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા રાજકોટ ખાતે યોજાયેલી ફૂટબોલ ટુર્નામેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શનના આધારે જામનગરના બે ખેલાડીઓની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ફૂટબોલ ટીમમાં પસંદગી કરવામાં આવી છે.

ટુર્નામેન્ટમાં સૌરાષ્ટ્રની વિવિધ કોલેજોના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં જામનગરની ડી.કે.વી. કોલેજના સ્વપ્રનીલ સિંઘ અને હરિયા કોલેજના હેત પંડ્યાએ પોતાની શાનદાર રમતથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શનને પગલે બંને ખેલાડીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ફૂટબોલ ટીમમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યા છે. હવે પસંદગી પામેલા બંને ખેલાડીઓ આગામી સમયમાં મહારાષ્ટ્રના કર્ણાવતી ખાતે યોજાનારી સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરશે.

જામનગરના બંને ખેલાડીઓની આ સિદ્ધિ બદલ જામનગર ફૂટબોલ એસોસિએશનના સેક્રેટરી આનંદભાઈ માડમે તેમને અભિનંદન પાઠવ્યા હતા અને આગામી સ્પર્ધા માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

દ્વારકા જિલ્લાના ચાર આયુષ્માન કેન્દ્રોને મળ્યું રાષ્ટ્રીય કક્ષાનું સન્માન

ખાખરડા, જસાપર સઈ દેવળીયા અને હર્ષદપુર-૧ને NQAS સર્ટિફિકેટ



દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના વધુ ચાર આયુષ્માન કેન્દ્રોને રાષ્ટ્રીય કક્ષાનું સન્માન મળતાં જિલ્લાના ખાખરડા, જસાપર, સઈ દેવળીયા અને હર્ષદપુર-૧ આયુષ્માન કેન્દ્રોને ૯૦ ટકા આસપાસ ગુણ સાથે દ્વઊિછજી સર્ટિફિકેટ પ્રાપ્ત થયું છે.

આરોગ્ય ક્ષેત્રે ઉત્કૃષ્ટ સગવડો અને દર્દીઓની ગુણવત્તાસભર સારસંભાળ માટે જિલ્લાના વધુ ચાર આયુષ્માન કેન્દ્રો ખાખરડા, જસાપર, સઈ દેવળીયા અને હર્ષદપુર-૧ કેન્દ્રોને નેશનલ કવોલીટી એશ્યોરન્સ સ્ટેન્ડર્ડઝનું રાષ્ટ્રીય કક્ષાનું સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારની સખ્ત મુલ્યાંકન પ્રકિયામાં આ ચારેય કેન્દ્રોને મહત્તમ માપદંડોમાં ખરા ઉતરતા ૯૦ ટકા આસપાસ નોંધનીય ગુણો મેળવ્યા છે.

દર્દીઓ માટે ઉપલબ્ધ સુવિધાઓ, સ્વચ્છતા, દવાઓનું વિતરણ અને તબીબી સેવાઓની ગુણવત્તા આધારે આ માર્કસ આપવામાં આવ્યા છે. આ રાષ્ટ્રીય કક્ષાની ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ ચારેય કેન્દ્રોની આરોગ્ય ટીમો તેમજ સમગ્ર જિલ્લા આરોગ્ય તંત્રને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

રણમલ તળાવ પાસે પરિવારથી વિખૂટા પડેલા બાળકનો પરિવાર સાથે મિલાપ



જામનગર : જામનગર શહેરના રણમલ તળાવ નજીકના વિસ્તારમાંથી છ વર્ષનો એક બાળક તેના પરિવારથી વિખુટો પડી ગયો હતો, જે બાળકને સિટી-એ ડિવિઝન પોલીસે કબજો મેળવ્યા પછી સતત ચાર કલાક આસ-પાસના વિસ્તારમાં તપાસના આધારે તેના વાલીને શોધી કાઢી બાળકનું પરિવાર સાથે મિલન કરાવ્યું હતું, જેથી પરિવારજનોએ પોલીસ ટિમનો આભાર વ્યક્ત કર્યો હતો.

જામનગરના સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના એક પોલીસકર્મીને માહિતી મળી હતી કે છ વર્ષનો એક બાળક જે રણમલ તળવા નજીક એકલો અટુલો મળી આવ્યો હતો. જેથી આ બાબતે પીઆઇ વી.એમ.ડોડીયા તેમજ સર્વેલન્સ સ્કવોર્ડના પીએસઆઇ ડી.જી.રામાનુજ વગેરેના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ દ્વારા આસ-પાસની સમગ્ર સોસાયટી વિસ્તારમાં તપાસ કરવામાં આવી હતી. દરમ્યાન એક વ્યક્તિ ગ્યાસુદદિન અબ્બાસ અંસારી (ઉ.વ.૨૬), કે જે નવી નિશાળ નજીક શંકરટેકરી વિસ્તારમાં રહે છે અને પોતાનું બાળક ફૈયાન (૬ વર્ષ) રમતાં-રમતાં ભૂલો પડી ગયો છે, તેમ જાણવા મળ્યું હતું તેથી બાળકનો કબજો તેના પિતાને સોંપી આપ્યો હતો, અને બાળક સાથે પરિવારનું મિલન કરાવ્યું હતું.

જામનગરમાં મિલકત વેરો નહિ ભરના ૧૬ આસામીઓના પાણીનાં કનેક્શન બંધ કરાયા

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા મિલકત વેરો અને પાણી વેરાની બાકી રકમ વસૂલવા માટે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. લાંબા સમયથી વેરો નહીં ભરનારા ૧૬ મિલકતધારકો સામે કાર્યવાહી કરી તેમનાં પાણીનાં કનેક્શન અસ્થાયી ધોરણે બંધ કરવામાં આવ્યાં છે.


જામનગર મહાનગરપાલિકા ની મિલકત વેરા શાખા દ્વારા તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીનો બાકી મિલકત વેરો વસૂલવા માટે મિલકતધારકોને નિયમ મુજબ વોરંટ તથા અનુસૂચિની બજવણી કરવામાં આવી હતી. તેમ છતાં કેટલાક મિલકતધારકોએ મિલકત વેરો અને પાણી વેરાની બાકી રકમ ભરપાઈ કરી ન હતી. પરિણામે તા. ૨૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં કુલ ૧૬ બાકીદારો સામે પાણીનાં કનેક્શન બંધ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.આ કાર્યવાહી ડેપ્યુટી કમિશનરની સૂચના અનુસાર આસિસ્ટન્ટ કમિશનર (ટેક્સ), હાઉસ ટેક્સ શાખા તથા વોટર વર્ક્સ શાખા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી હતી. મહાનગરપાલિકાએ સ્પષ્ટ કર્યું છે કે આગામી સમયમાં વેરા બાકીદારો સામે વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે. આથી મિલકતધારકોને બાકી મિલકત વેરો અને પાણી વેરાની રકમ તાત્કાલિક ભરપાઈ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

જામનગરમાં બુલેટની અડફેટે બાઈક ચાલકને ફ્રેક્ચર સહિતની ઈજા

જામનગર : જામનગરમાં પોલીસ હેડક્વાર્ટર નજીક શંકર મંદિર સામે જાહેર માર્ગ પર બુલેટચાલકે પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી બાઈક સાથે અકસ્માત સર્જતાં ચાલકને ડાબા પગમાં ફ્રેક્ચર સહિતની ઈજા થઈ હતી. આ બનાવ અંગે સીટી 'બી' ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

શહેરના ખેતીવાડી મહાકાળી મંદિર પાસે રહેતા વિજય હરજીભાઈ પરમાર (૫૦) ગત તા. ૨ સપ્ટેમ્બરના રોજ બપોરના અરસામાં પોતાની હીરો હોન્ડા બાઈક લઈને પોલીસ હેડક્વાર્ટર નજીક શંકર મંદિર સામેના માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન આશાપુરા હોટલ તરફથી જીજે-૧૦-સીએફ-૮૯૯૦ નંબરનું બુલેટ મોટરસાઈકલ પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી લાવવામાં આવ્યું હતું અને ફરિયાદીની બાઈક સાથે અથડાતાં તેમને ડાબા પગમાં ફ્રેક્ચરની ઈજા થઈ હતી. આ બનાવ અંગે ફરિયાદી દ્વારા તા. ૨૪ ઓક્ટોબરના રોજ ફરિયાદ નોંધાવાતાં સીટી 'બી' ડિવિઝન પોલીસે બુલેટ ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ પોલીસ હેડ કોન્સ્ટેબલ જે.કે. વજગોળ કરી રહ્યા છે.

દ્વારકાધીશજીને ભક્ત દ્વારા ૬૭૦ ગ્રામ ચાંદીનું છતર અર્પણ



દ્વારકા : દ્વારકા જગત મંદિરે તેમના ભક્તો દ્વારા અનેક ગખત સોના-ચાંદી તથા હીરા-ઝવેરાતના આભૂષણો અર્પણ કરવામાં આવતાં હોય છે. ત્યારે ગઈકાલે શ્રીજીના પરમ વૈષ્ણવ ભક્ત દ્વારા ભગવાન શ્રી દ્વારકાધીશને અંદાજિત ૬૭૦ ગ્રામનું ચાંદીનું છત્તર અર્પણ કરવામાં આવ્યુ હતું.

ડીપી વર્લ્ડ પીજીટીઆઈ અને એસ્સાર ફાઉન્ડેશન દ્વારા શશી રૂઈયા મેમો. ગોલ્ફ ચેમ્પિ.ની જાહેરાત



મુંબઈ: ભારતમાં પુરુષોના પ્રોફેશનલ ગોલ્ફ માટેની સત્તાવાર માન્યતા પ્રાપ્ત સંસ્થા ડીપી વર્લ્ડ પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયાઅને એસ્સાર ગ્રૂપની સીએસઆર શાખા એસ્સાર ફાઉન્ડેશન દ્વારા આજે ભારતના પ્રોફેશનલ ગોલ્ફ કેલેન્ડર પર એક નવી વાર્ષિક ટુર્નામેન્ટ 'શશી રૂઈયા મેમોરિયલ ગોલ્ફ ચેમ્પિયનશિપ' શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

આ ચેમ્પિયનશિપ સ્વર્ગસ્થ શ્રી શશી રૂઈયાના વારસા અને યોગદાનને સન્માનિત કરે છે, જેમણે રવિ રૂઈયા સાથે મળીને એસ્સાર ગ્રૂપની સહ-સ્થાપના કરી હતી. એક પ્રતિષ્ઠિત બિઝનેસ લીડર અને સાહસિક ઉદ્યોગસાહસિક તરીકે, શશી રૂઈયાએ એસ્સારને ઈન્ફ્રાસ્ટ્રક્ચર-કેન્દ્રિત એન્ટરપ્રાઈઝમાંથી એનર્જી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેટલ્સ એન્ડ માઈનિંગ, ટેકનોલોજી અને રિટેલ ક્ષેત્રોમાં હિત ધરાવતા વૈશ્વિક રોકાણ જૂથ તરીકે વિકસાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમનો વારસો ઉદ્યોગસાહસિકતા, સંસ્થા-નિર્માણ, ઔદ્યોગિક વિકાસ અને પરોપકાર (દાનધર્મ) પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ડીપી વર્લ્ડ પીજીટીઆઈ અને એસ્સાર ફાઉન્ડેશન વચ્ચેની પાંચ વર્ષની ભાગીદારી હેઠળ, શશી રૂઈયા મેમોરિયલ ગોલ્ફ ચેમ્પિયનશિપ ૨૦૩૧ સુધી દર વર્ષે યોજાશે. તેની પ્રથમ આવૃત્તિ ૧૨ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૭ દરમિયાન મુંબઈની વિલિંગ્ડન સ્પોર્ટ્સ ક્લબ ખાતે યોજાશે, જેમાં ભારતભરમાંથી અગ્રણી પ્રોફેશનલ ગોલ્ફરો ભાગ લેશે. આ ટુર્નામેન્ટમાં ૨ કરોડનું ઈનામ ભંડોળ હશે, જ્યારે પ્રો-એમ ઈવેન્ટ ૧૦ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ યોજાશે. ડીપી વર્લ્ડ પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયા)ના પ્રમુખ કપિલ દેવે જણાવ્યું હતું કે: " શશી રૂઈયા મેમોરિયલ ગોલ્ફ ચેમ્પિયનશિપની શરૂઆત ભારતીય પ્રોફેશનલ ગોલ્ફ માટે એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. અમે એસ્સાર ગ્રૂપ સાથે ભાગીદારી કરીને એક એવી ચેમ્પિયનશિપ સ્થાપિત કરવામાં ગર્વ અનુભવે છે, જે તેના સહ-સ્થાપકો, રવિ રૂઈયા અને સ્વર્ગસ્થ શ્રી શશી રૂઈયાના વ્યાપાર અને ઉદ્યોગ ક્ષેત્રે દીર્ઘદ્રષ્ટિપૂર્ણ અને ચિરંતન યોગદાનને બિરદાવે છે. ભારતની આર્થિક રાજધાની મુંબઈમાં ડીપી વર્લ્ડ પીજીટીઆઈને લાવવાથી વિશાળ દર્શકો સમક્ષ વિશ્વસ્તરીય પ્રોફેશનલ ગોલ્ફ પ્રદર્શિત કરવાની, એક પ્રમુખ મહાનગરમાં આ રમતની ઉપસ્થિતિને સુદ્રઢ બનાવવાની અને ભારતની ગોલ્ફિંગ પ્રતિભાઓને વધુ વ્યાપક ઓળખ અપાવવાની એક રોમાંચક તક મળશે. અમે શ્રી શશી રૂઈયાના વારસાને જીવંત રાખવા અને ભારતમાં પ્રોફેશનલ ગોલ્ફના સતત વિકાસમાં યોગદાન આપવાની સાથે, આ ચેમ્પિયનશિપને ભારતીય ગોલ્ફિંગ કેલેન્ડરમાં એક અત્યંત પ્રતિષ્ઠિત સ્પર્ધા તરીકે વિકસાવવા ઉત્સુક છીએ."

એસ્સાર ગ્રૂપના ગ્રૂપ ચીફ એક્ઝિક્યુટિવ પ્રશાંત રૂઈયાએ જણાવ્યું હતું કે: "ગોલ્ફ એક એવી રમત હતી જેને મારા પિતા ખરા અર્થમાં ખૂબ પ્રેમ કરતા હતા. તે તેમનો આનંદમય સમય હતો, જ્યાં તેઓ ગોલ્ફના એક રાઉન્ડ દરમિયાન અનેક લોકો સાથે જોડાયા હતા. મને ગોલ્ફ કોર્સ પર તેમની સાથે જવાનું અને તેમની અદ્ભુત વાતો સાંભળવાનું યાદ છે. આ ચેમ્પિયનશિપ દ્વારા તેમની સ્મૃતિને સન્માનિત કરવામાં અમને અત્યંત આનંદ થાય છે, અને અમને આશા છે કે તે તેમની ભાવનાને આગળ ધપાવશે તેમજ વધુ લોકોને આ રમત તરફ આકર્ષિત કરશે."

એસ્સારના મેનેજિંગ ડિરેક્ટર અને ગ્લોબલ હેડ-કોર્પોરેટ અફેર્સ એન્ડ પબ્લિક પોલિસી અમિત બજાજે જણાવ્યું હતું કે: "ડીપી વર્લ્ડ પીજીટીઆઈ સાથે એસ્સાર ફાઉન્ડેશનની પાંચ વર્ષની ભાગીદારી ભારતમાં પ્રોફેશનલ ગોલ્ફના દીર્ઘકાલીન વિકાસ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. શ્રી શશી રૂઈયા મેમોરિયલ ગોલ્ફ ચેમ્પિયનશિપ દ્વારા અમારો ઉદ્દેશ્ય ભારતના અગ્રણી વ્યાવસાયિકો અને ઉભરતી પ્રતિભાઓને તેમની ક્ષમતાઓ પ્રદર્શિત કરવા માટે એક ટકાઉ પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે, સાથોસાથ ગોલ્ફરો માટે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા સ્પર્ધાત્મક વાતાવરણ પૂરું પાડવાનો છે."DP Wrold PGTIના સીઈઓ અમનદીપ જોહલે જણાવ્યું હતું કે: "એસ્સાર ગ્રૂપની પાંચ વર્ષની પ્રતિબદ્ધતા એ ભારતીય પ્રોફેશનલ ગોલ્ફના ભવિષ્યમાં એક મોટો વિશ્વાસ દર્શાવે છે. તે શશી રૂઈયા મેમોરિયલ ગોલ્ફ ચેમ્પિયનશિપને કદ અને મહત્વકાંક્ષામાં વિસ્તરવા માટે એક મજબૂત પાયો પૂરો પાડે છે. નોંધપાત્ર ઈનામ ભંડોળ સાથે, આ ચેમ્પિયનશિપ સ્પર્ધાનું સ્તર ઊંચું લઈ જશે અને ભારતના અગ્રણી વ્યાવસાયિકો તેમજ ઉભરતી પ્રતિભાઓને તેમની કુશળતા દર્શાવવા માટે એક પ્રેરણાદાયી પ્લેટફોર્મ પૂરું પાડશે. ભારતના આર્થિક પાટનગર મુંબઈમાં ટોચના સ્તરના પ્રોફેશનલ ગોલ્ફનું આયોજન કરીને, આ ચેમ્પિયનશિપ આ રમતને દેશના સૌથી ગતિશીલ ઉદ્યોગ સાહસિક કેન્દ્રોમાંના એક સાથે પણ જોડશે. અમારું વિઝન શશી રૂઈયાના વારસાને સન્માનિત કરવાની સાથે અને ભારતમાં પ્રોફેશનલ ગોલ્ફના વિકાસ અને વ્યાપમાં અર્થપૂર્ણ યોગદાન આપવાની સાથે, આ ચેમ્પિયનશિપને ડીપી વર્લ્ડ પીજીટીઆઈ કેલેન્ડર પર એક પ્રમુખ આયોજન તરીકે સ્થાપિત કરવાનું છે."

એસ્સાર વિશ્વસ્તરીય અસ્કયામતોના પોર્ટફોલિયો સાથેની ઈકોસિસ્ટમ્સનું વૈશ્વિક જૂથ છે. પાંચ દાયકાથી વધુના ઉદ્યોગસાહસિક અનુભવ સાથે, ગ્રૂપે ૩૦ બિલિયન યુએસ ડૉલરથી વધુનું રોકાણ કરીને વૈશ્વિક બજારોમાં વ્યવસાયોનું નિર્માણ અને વિસ્તરણ કર્યું છે. આજે, આ જૂથ એનર્જી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મેટલ્સ એન્ડ માઈનિંગ, અને ટેકનોલોજી એન્ડ રિટેલ ક્ષેત્રોમાં કાર્યરત છે, જે વાર્ષિક આશરે ૧૫ બિલિયન યુએસ ડૉલરની આવક ઉત્પન્ન કરે છે અને વિશ્વભરમાં ૭,૦૦૦ થી વધુ લોકોને રોજગારી આપે છે.

ડીપી વર્લ્ડ પ્રોફેશનલ ગોલ્ફ ટૂર ઓફ ઈન્ડિયા ભારતમાં પુરુષોના પ્રોફેશનલ ગોલ્ફ માટે સત્તાવાર સંચાલક અને માન્યતા આપતી સંસ્થા છે. તે ઈન્ટરનેશનલ ગોલ્ફ ફેડરેશન તથા ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ પીજીએ ટૂર્સનું માન્યતા પ્રાપ્ત સભ્ય છે. ડીપી વર્લ્ડ પીજીટીઆઈ ડીપી વર્લ્ડ ટૂર (યુરોપિયન ટૂર) સાથે વ્યૂહાત્મક જોડાણ પણ ધરાવે છે. તેની ઈવેન્ટ્સ ઓફિશિયલ વર્લ્ડ ગોલ્ફ રેન્કિંગ (ઓડ્ઝ) પોઈન્ટ્સ પ્રદાન કરે છે. વૈશ્વિક લોજિસ્ટિક્સ લીડર ડીપી વર્લ્ડ - ડીપી વર્લ્ડ પીજીટીઆઈનું ટાઈટલ પાર્ટનર અને ઓફિશિયલ અમ્બ્રેલા પાર્ટનર છે. આ સંસ્થાનું નેતૃત્વ તેના પ્રમુખ, પદ્મભૂષણ શ્રી કપિલ દેવ કરી રહ્યા છે, જે એક પ્રખર રમતગમત આઈકોનિક સ્પોર્ટિંગ લિજેન્ડ છે અને દેશભરમાં રમતવીરો તેમજ દર્શકોને પ્રેરણા આપતા રહે છે.

ભાણવડના બરડા ડુંગરમાંથી દેશી દારૂની ચાલુ ભઠ્ઠી ઝડપાઈ : સંચાલક ફરાર

ખંભાળિયા : ભાણવડના ડુંગરાળ વિસ્તારમાં ચોક્કસ બાતમીના આધારે રાજકોટ રેન્જ પોલીસની ટીમ દ્વારા દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી ઉપર દરોડો પાડવામાં આવ્યો હતો દરમિયાન ત્યાંથી કાચો આથો સહિતની સામગ્રી મળી આવતા રૂ. ૧ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે લઈ શખ્સને ફરાર જાહેર કરી તેના વિરુદ્ધ દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કરાવવામાં આવતા સ્થાનિક પોલીસે વધુ તપાસ આદરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભાણવડ તાલુકાના બરડા ડુંગર વિસ્તારમાં રાજકોટ રેન્જ પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડ્યો હતો અને ત્યાંથી દેશી દારૂ બનાવવાની ચાલુ ભઠ્ઠી પકડી પાડી હતી જેમાં રૂ. ૯૦ હજારની કિંમતનો ૩૬૦૦; લીટર કાચો આથો અને બેરલ, ડબ્બા સહિતની સામગ્રી એમ કુલમળી રૂ. ૧.૧૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને સંચાલક રૂડાભાઈ વીહાભાઈ મોરી નામના શખ્સને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી હતી.

અવસાન નોંધ

જામનગર : જામનગરના ઓદિચ્ય ગઢીયા બ્રહ્મ સમાજના મેહુલ અવિનાશ દવે (ઉં. વ. ૫૭) તેવો ભક્તિબેનના પતિ, બંસી તથા દેવાંશીના પિતા, તેમજ વિપુલભાઈના નાનાભાઈ અને નિખિલભાઈ તથા સ્વ નિરવભાઈના મોટાભાઈ તથા મીત અને યશ્વીના કાકા, સ્વરા તથા હિતના ભાઈજીનું તા. ૨૫ ના રોજ અવસાન થયું છે તેમની પ્રાર્થના સભા તા. ૨૬-૧૦ ને સોમવારના રોજ નર્મદેશ્વર મહાદેવના મંદિરે જામનગરમાં સાંજે ૫ થી ૫-૩૦ રાખવામાં આવેલ છે.

મન કી બાત કાર્યક્રમે મને દેશભરના દરેક પરિવાર સાથે જોડાવાની અમૂલ્ય તક આપી : પીએમ મોદી

પીએમ મોદીએ લોકોને તહેવારોની મોસમમાં સ્થાનિક કારીગરોને ટેકો આપવા વિનંતી કરીને મન કી બાતના ૧૨ વર્ષના સફરની ચર્ચા કરી



નવી દિલ્હી,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે તેમના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ને એક 'તીર્થયાત્રા' સમાન ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, આ મંચે તેમને સામાજિક વિકાસ માટે કાર્યરત લોકોના પ્રયાસોને સમજવાની તક આપી છે. આ સાથે તેમણે 'વોકલ ફોર લોકલ' (સ્થાનિક માટે અવાજ ઉઠાવવો) અને 'આત્મનિર્ભર ભારત' પહેલને પ્રોત્સાહન આપવાના તેમના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો.

પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે, વિજયાદશમીના દિવસે ૧૨ વર્ષ પહેલાં શરૂ થયેલી 'મન કી બાત'ની આ યાત્રાએ તેમને એવા લોકોના સમર્પણ અને સખત પરિશ્રમને બિરદાવવાની તક આપી છે, જેમણે પોતાનું જીવન ભારત માટે સમર્પિત કરી દીધું છે.

તેમણે કહ્યું, "'મન કી બાત'ના માધ્યમથી હું આપણા રાષ્ટ્રની સામૂહિક શક્તિ — 'લોક-શક્તિ'ને નમન કરું છું. આ કાર્યક્રમ મને દેશભરના દરેક પરિવાર સાથે જોડાવાની તક આપે છે. ઘણા શ્રોતાઓ જણાવે છે કે તેમને એવું લાગે છે જાણે હું તેમની વચ્ચે જ હોઉં, તેમના પરિવારના જ એક સભ્યની જેમ તેમની સાથે વાતચીત કરી રહ્યો હોઉં. આ ગાઢ જોડાણ અને તમારો સ્નેહ મારા માટે અમૂલ્ય ખજાનો છે."

'મન કી બાત'ના ૧૩૯મા એપિસોડ દ્વારા રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રીએ પંજાબના 'ખેતી વિરાસત મિશન'નો ઉલ્લેખ કર્યો, જે જૈવિક ખેતી (ઓર્ગેનિક ફાર્મિંગ) અને પરંપરાગત કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવામાં મદદ કરી રહ્યું છે. તેમણે 'નવ-ત્રિંજન' પહેલની પણ પ્રશંસા કરી અને કહ્યું કે તે પંજાબના માલવા ક્ષેત્રમાં કુદરતી કપાસની ખેતીને પ્રોત્સાહન આપી રહી છે.

પ્રધાનમંત્રી મોદીએ લોકોને અંગદાન (ઓર્ગન ડોનેશન)ને પ્રોત્સાહન આપવા માટે પણ અનુરોધ કર્યો. તેમણે ભારપૂર્વક કહ્યું કે, અંગદાનથી લોકોના જીવ બચાવી શકાય છે અને તબીબી સંશોધનને આગળ વધારી શકાય છે. તેમણે આઈઆઈટી (IIT) મદ્રાસના પ્રયાસોને પણ બિરદાવ્યા, જેમણે 'પરમ શક્તિ' સુપર કોમ્પ્યુટરનો ઉપયોગ કરીને વિશ્વસ્તરીય 'બ્રેઈન-ઈમેજિંગ' (મગજની છબી લેતી) ટેક્નોલોજી વિકસાવી છે. આ ટેક્નોલોજી ઉચ્ચ-રિઝોલ્યુશનવાળી ડિજિટલ ૩ડ છબીઓ બનાવી શકે છે અને ૧૦૦ માનવ મગજનો અત્યંત ઝીણવટભર્યો અભ્યાસ કરવામાં મદદરૂપ થઈ શકે છે.

જર્મનીના મ્યુનિકમાં ભારતીય પ્રવાસી સમુદાયે 'ભારત ફર્સ્ટ' કાર્યક્રમ યોજ્યો

ભારતની મોદી સરકારના જનાદેશનું સમર્થન અને ભારત વિરોધી પ્રચારોને વળતો જવાબ

મ્યુનિક,

જર્મનીમાં રહેતા ભારતીય ડાયસ્પોરાના સભ્યો મ્યુનિકના રિન્ડરમાર્કેટ ખાતે 'ભારત ફર્સ્ટ' નામના શાંતિપૂર્ણ પ્રદર્શન માટે એકઠા થયા હતા, જેનું આયોજન નોન-રેસિડેન્ટ ઈન્ડિયન (NRI) ફોર ભારત રાઇઝ દ્વારા ભારતના લોકશાહી આદેશને સમર્થન આપવા અને વિદેશમાં આયોજકો દ્વારા ભારત વિરોધી કથાઓ તરીકે વર્ણવવામાં આવેલા વિરોધ માટે કરવામાં આવ્યું હતું.

શનિવારે યોજાયેલા આ મેળાવડામાં જર્મનીભરના ભારતીય વ્યાવસાયિકો, વિદ્યાર્થીઓ અને પરિવારો એકઠા થયા હતા. સહભાગીઓએ ૧.૪ અબજ ભારતીયો અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારના આદેશનું સન્માન કરવા હાકલ કરી હતી.

આયોજકોના જણાવ્યા મુજબ, તેમણે એ વાત પર ભાર મૂક્યો હતો કે કેટલાક નકારાત્મક તત્વો અને રાજકીય રીતે પ્રેરિત ઝુંબેશ વિદેશમાં ભારતની લોકશાહી છબીને નબળી પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ડાયસ્પોરાએ આ વિભાજનકારી વિરોધ પ્રદર્શનોને સક્રિયપણે બંધ કરવાનો અને તથ્યપૂર્ણ, દેશભક્તિપૂર્ણ વાર્તા-નિર્માણ દ્વારા ભારતની વૈશ્વિક સ્થિતિનો બચાવ કરવાનો સંકલ્પ કર્યો હતો. મેળાવડામાં વ્યાપક ચર્ચા દરમિયાન, સહભાગીઓએ સીધા જ જર્મની સ્થિત વિવેચકો - ખાસ કરીને યુટ્યુબર ધ્રુવ રાઠી - ના મુદ્દા પર ચર્ચા કરી હતી. ડાયસ્પોરાના નેતાઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જર્મનીમાં રહેતા સ્વ-શૈલીવાળા ઓનલાઈન ટીકાકારો યુરોપમાં રહેતા વ્યાપક ભારતીય સમુદાય માટે બોલતા નથી, જેઓ ભારતના લોકશાહી વિકલ્પો, આર્થિક પ્રગતિ અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વને મોટા પાયે સમર્થન આપે છે. આ મેળાવડામાં સ્થાનિક જર્મન સમુદાય સાથે જોડાવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

તમિલનાડુ અને પુડુચેરીના ૯ બંદરો પર ચક્રવાતની ચેતવણી

બંગાળની ખાડી પરનું ડિપ્રેશન વધુ તીવ્ર બન્યું

બંગાળ

બંગાળની ખાડીમાં સર્જાયેલું લો-પ્રેશર (હવાનું ઓછું દબાણ) તીવ્ર બનીને 'ડિપ્રેશન'માં ફેરવાઈ ગયું છે, જેના પગલે તમિલનાડુ અને પુડુચેરીના નવ બંદરો પર ચક્રવાતની ચેતવણીના સંકેતો લગાવી દેવામાં આવ્યા છે. ભારતીય હવામાન વિભાગ (IMD) ના જણાવ્યા અનુસાર, આ હવામાન પ્રણાલી વધુ શક્તિશાળી બનીને 'અતિ ગંભીર ચક્રવાતી વાવાઝોડા' નું સ્વરૂપ ધારણ કરશે અને ૨૮ ઓક્ટોબરે આંધ્રપ્રદેશના કિનારે ત્રાટકશે. હવામાનની સ્થિતિ વધુ બગડવાની શક્યતાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે અને ચેન્નાઈ, નાગપટ્ટિનમ, કુડ્ડલોર, કરાઈકલ, પમ્બન અને થૂથુકુડી સહિતના બંદરો પર ચેતવણીના સંકેતો લગાવી દેવામાં આવ્યા છે. દરમિયાન, પુડુચેરી અને તેની આસપાસના વિસ્તારોમાં શનિવાર રાતથી સતત વરસાદ પડી રહ્યો છે, કારણ કે આ ક્ષેત્રમાં ઈશાન ચોમાસું સક્રિય છે. હાલમાં આ 'ડિપ્રેશન' ક્યાં સ્થિત છે? IMD ના તાજેતરના બુલેટિન મુજબ, પૂર્વ-મધ્ય અને તેને અડીને આવેલા દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી પર સર્જાયેલું આ ડિપ્રેશન છેલ્લા છ કલાક દરમિયાન ૫ કિમી પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પૂર્વ દિશામાં આગળ વધ્યું છે. રવિવારની સ્થિતિએ, આ હવામાન પ્રણાલી આંદામાન ટાપુઓમાં શ્રી વિજય પુરમથી લગભગ ૪૪૦ કિમી ઉત્તર-ઉત્તરપશ્ચિમમાં અને આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમથી ૮૮૦ કિમી પૂર્વ-દક્ષિણપૂર્વમાં કેન્દ્રિત હતી.

ફ્રાન્સમાં વિરોધ પ્રદર્શનો; સમગ્ર દેશમાં ઘર્ષણ ફાટી નીકળતાં ૧૦૦૦ લોકોની કરાઈ ધરપકડ

રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે સરકારે દેશભરમાં ૭૦,૦૦૦ સુરક્ષા કર્મચારીઓ તૈનાત કર્યા

પેરિસ,

ફ્રાન્સમાં નવા વિરોધ પ્રદર્શનો શરૂ થયા, જેમાં જીવનનિર્વાહના વધતા ખર્ચ, શિક્ષણ ભંડોળ અને અસમાનતાને લઈને પ્રદર્શનકારીઓ રસ્તા પર પાછા ફર્યા. પેરિસ અને અન્ય કેટલાક શહેરોમાં અથડામણો ફાટી નીકળી, જેના કારણે પોલીસે ટીયર ગેસ છોડવા અને પાણીના તોપ તૈનાત કરવા પડ્યા કારણ કે અધિકારીઓએ એક અઠવાડિયા પહેલા થયેલી હિંસાનું પુનરાવર્તન અટકાવવાનો પ્રયાસ કર્યો.

ગૃહમંત્રી લોરેન્ટ નુનેઝે જણાવ્યું હતું કે તાજેતરના પ્રદર્શનો દરમિયાન ફ્રેન્ચ પોલીસે લગભગ ૧,૦૦૦ લોકોની ધરપકડ કરી હતી. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન પર છ મહિનામાં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે વધતા દબાણનો સામનો કરવો પડ્યો હોવાથી સરકારે દેશભરમાં ૭૦,૦૦૦ સુરક્ષા કર્મચારીઓ તૈનાત કર્યા હતા. નવીનતમ વિકાસ પર ૧૦ મુખ્ય મુદ્દાઓ અહીં છે.

શનિવારે ફ્રાન્સમાં સેંકડો પ્રદર્શનો થયા, જેમાં લોકો જીવનનિર્વાહના વધતા ખર્ચ અને શિક્ષણ ભંડોળ અંગેની ચિંતાઓને લઈને રસ્તા પર ઉતરી આવ્યા. શાળાની સ્થિતિ અંગે વિદ્યાર્થીઓના વિરોધથી શરૂ થયેલ આ આંદોલન, સરકાર સામે જાહેર ગુસ્સાની વ્યાપક અભિવ્યક્તિમાં વિસ્તર્યું છે.

ગૃહ પ્રધાન લોરેન્ટ નુનેઝના જણાવ્યા અનુસાર, ફ્રેન્ચ પોલીસે પ્રદર્શનો દરમિયાન લગભગ ૧,૦૦૦ લોકોની ધરપકડ કરી. તેમણે કહ્યું કે અધિકારીઓએ કાળા વસ્ત્રો પહેરેલા જૂથો દ્વારા "હિંસાનું ખૂબ જ ઊંચું સ્તર" સહન કર્યું જેને તેમણે અતિ-ડાબેરી ઉગ્રવાદીઓ તરીકે ઓળખાવ્યું હતું.

અધિકારીઓએ પાછલા સપ્તાહના હિંસાનું પુનરાવર્તન અટકાવવા માટે દેશભરમાં લગભગ ૭૦,૦૦૦ પોલીસ અધિકારીઓ અને અન્ય સુરક્ષા કર્મચારીઓને તૈનાત કર્યા.

વારાણસીમાં ગંગા નદી પર વડાપ્રધાન મોદીએ ભારતીય વાયુસેનાની આકાશી તાકાત નિહાળી

સુખોઈ, રાફેલ અને તેજસ મુખ્ય આકર્ષણના કેન્દ્રમાં રહ્યા

વારાણસી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ઉત્તર પ્રદેશના વારાણસીમાં ગંગા નદીના કિનારે એક ભવ્ય એર શો (હવાઈ પ્રદર્શન) નિહાળ્યો, જેમાં ભારતીય વાયુસેના (IAF)ની તાકાત અને યુદ્ધ ક્ષમતાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. 'નમો ઘાટ' ખાતે યોજાયેલો આ એર શો ભારતીય વાયુસેનાના 'વિંગ્સ ઓવર ગંગેસ' (Wings Over Ganges) કાર્યક્રમનો એક ભાગ હતો, જે વાયુસેનાની સેવાના ૯૪ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં આ ગુરુવારે શરૂ થયો હતો. આ પ્રસંગે વડાપ્રધાનની સાથે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાજ્યપાલ આનંદીબેન પટેલ, વાયુસેના પ્રમુખ (CAS) એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ એર શોમાં ભારતીય વાયુસેનાની હવાઈ તાકાતની ઝલક જોવા મળી હતી, તેમજ ડ્રોન અને માનવરહિત હવાઈ વાહનો (UAVs)ના યુગમાં વાયુસેના યુદ્ધક્ષેત્રો માટે કેવી રીતે તૈયારી કરી રહી છે, તે પણ દર્શાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ફાઈટર જેટ્સના વિશેષ ફોર્મેશન (રચનાઓ), કાલ્પનિક હવાઈ યુદ્ધનું પ્રદર્શન, અદ્યતન સેન્સર ટેકનોલોજી અને એરોબેટિક દાવપેચ રજૂ કરવામાં આવ્યા હતા.

હુથીઓ દ્વારા છોડવામાં આવેલી ૧૦ બેલેસ્ટિક મિસાઈલોને આંતરી લેવામાં આવી

હુથીઓ દ્વારા દાવો કરાયેલા હુમલામાં ૧૩ લોકોના મોત બાદ એરપોર્ટ કામગીરી સ્થગિત કરવામાં આવી

રિયાધ,

સાઉદીની આગેવાની હેઠળના ગઠબંધને જણાવ્યું છે કે તેણે હુથીઓ દ્વારા રાજ્યના દક્ષિણ પ્રદેશ તરફ છોડવામાં આવેલી ૧૦ બેલિસ્ટિક મિસાઈલોને અટકાવી દીધી છે.

"આતંકવાદી હુથી લશ્કર દ્વારા દક્ષિણ પ્રદેશ તરફ છોડવામાં આવેલી ૧૦ બેલિસ્ટિક મિસાઈલોને અટકાવવામાં આવી હતી અને તેનો નાશ કરવામાં આવ્યો હતો," ગઠબંધનના પ્રવક્તા મેજર જનરલ તુર્કી અલ-માલ્કીએ ૬ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું.

રવિવારે સાઉદી રાજધાની રિયાધમાં પણ વિસ્ફોટો સંભળાયા હોવાના અહેવાલ છે, કારણ કે યમનના હુથીઓ દ્વારા વારંવાર કરવામાં આવેલા હુમલાઓ છતાં રાજ્ય રિયાધ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ફરીથી ખોલવાનું હતું.

દિવસની શરૂઆતમાં, સાઉદી નાગરિક સંરક્ષણ અધિકારીઓએ રિયાધ, અભા અને ખામિસ મુશૈત માટે કટોકટી ચેતવણીઓ જારી કરી હતી. થોડીવાર પછી, અધિકારીઓએ જાહેરાત કરી હતી કે ભય ટળી ગયો છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે રિયાધ તરફ બે ડ્રોન અને એક બેલિસ્ટિક મિસાઈલ પણ છોડવામાં આવી હતી, અને દક્ષિણ શહેર ખામિસ મુશૈત તરફ એક ક્રુઝ મિસાઈલ છોડવામાં આવી હતી.

રિયાધનું કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય વિમાનમથક, જે છેલ્લા કેટલાક અઠવાડિયાથી હુથીઓના હુમલા હેઠળ આવ્યું છે, તેણે રવિવારે બે ટર્મિનલ પર કામગીરી ફરી શરૂ કરી.

જોકે, હુથીઓનો ખતરો મંડરાઈ રહ્યો છે કારણ કે તેના લશ્કરી પ્રવક્તા યાહ્યા સારીએ જણાવ્યું હતું કે એરપોર્ટ "લશ્કરી લક્ષ્ય" રહ્યું છે અને તમામ એરલાઇન્સ, એરપોર્ટ સ્ટાફ અને મુસાફરોને તેનો ઉપયોગ ન કરવા ચેતવણી આપી હતી.

એક સપ્તાહ સુધી વેપાર બંધ રહ્યા બાદ પાકિસ્તાને ઈરાન સાથેની ફરી ખોલી

ઈસ્લામાબાદ,

પાકિસ્તાને ઈરાન સાથેનો એક મુખ્ય સરહદ ક્રોસિંગ ફરીથી ખોલ્યો જેથી દ્વિપક્ષીય વેપાર અને સરહદ પારની અવરજવર ફરી શરૂ થાય, જેના કારણે માલવાહક વાહનો ફસાયા, પુરવઠો ખોરવાઈ ગયો અને શિયાળા પહેલા ન્યની અછત અંગે ચિંતા વધી ગઈ.

મીડિયા સૂત્રોના અહેવાલ મુજબ, બલુચિસ્તાનના ગ્વાદર જિલ્લામાં ગબ્દ-રિમદાન ક્રોસિંગ પર શનિવારે વેપાર કામગીરી ફરી શરૂ થઈ, જેમાં સરહદ અધિકારીઓએ ૧૬ ઓક્ટોબર કે તે પહેલાંની તારીખની કન્સાઈનમેન્ટ નોટ્સ સાથે વાણિજ્યિક કન્સાઈનમેન્ટને પાર કરવાની મંજૂરી આપી.

આ અઠવાડિયાની શરૂઆતમાં પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરની ઈરાનની મુલાકાતના થોડા દિવસો પછી સરહદ ફરીથી ખોલવામાં આવી છે, જે દરમિયાન તેમણે દ્વિપક્ષીય સંબંધો અને પ્રાદેશિક મુદ્દાઓ પર ઈરાની નેતૃત્વ સાથે વાતચીત કરી હતી.

પાકિસ્તાનના વાણિજ્ય મંત્રાલયે ૧૭ ઓક્ટોબરે સરહદ બંધ કરી દીધી હતી અને સરહદ પારની અવરજવર બંધ કરી દીધી હતી. જોકે મંત્રાલયે આ નિર્ણયનું કારણ સ્પષ્ટ કર્યું ન હતું, પરંતુ આ સસ્પેન્શન સુરક્ષા ચિંતાઓ સાથે જોડાયેલું હોવાનું માનવામાં આવે છે.

સરહદ બંધ થવાથી પાકિસ્તાનમાં LPG પુરવઠા પર અસર પડી હતી, જેની માંગ શિયાળાની શરૂઆત સાથે વધે છે.

મત બચાવો, દેશ બચાવોઃ ૧લી નવેમ્બરની વિપક્ષની મહા રેલી માટે રાહુલ ગાંધીનું આહ્વાન

નવી દિલ્હી,

કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ રાહુલ ગાંધીએ કથિત 'મત ચોરી' મુદ્દે કેન્દ્ર સરકાર પર ફરી પ્રહાર કર્યા છે. તેમણે તમામ લોકોને, ખાસ કરીને યુવાનોને, ભારતમાં 'લોકશાહી બચાવવા' માટે ૧લી નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં 'ઈન્ડિયા' (INDIA) ગઠબંધન દ્વારા આયોજિત મેગા રેલીમાં જોડાવા આહ્વાન કર્યું છે.

લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને તેના સહયોગી પક્ષોનો આભાર માન્યો કે તેમણે આ કૂચનો 'ઉત્સાહપૂર્વક' પ્રચાર કર્યો અને ખાતરી કરી કે લોકો તેના વિશે જાણી શકે.

ઉત્તર પ્રદેશના રાયબરેલીથી લોકસભા સાંસદ રાહુલ ગાંધીએ 'ઠ' (અગાઉનું ટ્વિટર) પર હિન્દીમાં એક પોસ્ટમાં કહ્યું, "આપણા મતોની ચોરી થઈ રહી છે અને આપણે કોઈપણ સંજોગોમાં તેને મૂંગા રહીને સહન કરીશું નહીં."

તેમણે વધુમાં કહ્યું, "મતદાર યાદીમાંથી નામો કાઢી નાખવામાં આવ્યા છે. નિયમો અને કાયદાઓનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે. અને જેમણે પ્રશ્નો ઉઠાવ્યા, તેમને લાઠીઓનો સામનો કરવો પડ્યો. હવે દેશ જવાબ આપશે. ૧લી નવેમ્બરઃ ચાલો દિલ્હી! મત બચાવો, દેશ બચાવોઃ જન કૂચ અને મેગા રેલી. વિદ્યાર્થીઓ, ખેડૂતો, કામદારો, મહિલાઓ, યુવાનો અને વેપારીઓ — જેમને લોકશાહીની ચિંતા છે તે દરેક વ્યક્તિએ આમાં સામેલ થવું જોઈએ. મત તમારો છે. લડાઈ પણ તમારી જ છે."

'ઈન્ડિયા' ગઠબંધને ૧લી નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં એક મેગા રેલીનું આયોજન કર્યું છે. વિરોધ પક્ષના નેતાઓના મતે, આ રેલી 'દિલ્હી ચલો' કૂચનું પરાકાષ્ઠા સ્વરૂપ છે, જે કથિત 'મત ચોરી' અને ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા મતદાર યાદીઓની 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (SIR) પ્રક્રિયામાં થયેલી અનિયમિતતાઓના વિરોધમાં યોજાઈ રહી છે. 'ઈન્ડિયા' ગઠબંધનનું નેતૃત્વ કરતી કોંગ્રેસે દાવો કર્યો છે કે આ રેલીમાં ઓછામાં ઓછા એક લાખ લોકો ભાગ લેશે.

એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસે ૭ નવેમ્બર સુધી રિયાધ અને દમ્મામની ફ્લાઈટ્સ રદ કરી

ઈન્ડિગો અને આકાસા એરે સાઉદી અરેબિયા માટેની સેવાઓ રદ કરી : એરલાઇન્સ મુસાફરો માટે એડવાઈઝરી જાહેર

રિયાધ

એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસે રિયાધ અને દમ્મામને જોડતી તેમની ફ્લાઈટ્સ રદ કરવાની મુદત ૭ નવેમ્બર સુધી લંબાવી છે, જ્યારે જેદ્દાહ માટેની સેવાઓ ૩૧ ઓક્ટોબર સુધી સ્થગિત રહેશે.

આ ઉપરાંત, આ પ્રદેશમાં વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ અને ગલ્ફ દેશના એરપોર્ટ પર થયેલા હુમલાઓને ધ્યાનમાં રાખીને, ઈન્ડિગો અને આકાસા એરે પણ સાઉદી અરેબિયાના શહેરો માટેની તેમની સેવાઓ રદ કરી દીધી છે. એર ઈન્ડિયાએ 'ઠ' (ટ્વિટર) પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "પ્રદેશમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, રિયાધ અને દમ્મામ આવતી-જતી એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ્સ ૭ નવેમ્બર ૨૦૨૬ સુધી સ્થગિત રહેશે, જ્યારે જેદ્દાહ આવતી-જતી સેવાઓ ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી સ્થગિત રહેશે."

એરલાઈને જણાવ્યું હતું કે જે મુસાફરો પાસે ૨૪ ઓક્ટોબર કે તે પહેલાંની કન્ફર્મ બુકિંગ છે, તેઓ ફ્લેક્સિબલ રીબુકિંગ (ફરીથી બુકિંગ) વિકલ્પોનો લાભ લઈ શકે છે અથવા બુકિંગ રદ કરવા પર સંપૂર્ણ રિફંડ મેળવવાનો વિકલ્પ પસંદ કરી શકે છે. અગાઉ, આ બંને એરલાઈન્સે સાઉદી અરેબિયા માટેની તેમની સેવાઓ ૨૪ ઓક્ટોબર સુધી રદ કરી હતી.

ઈન્ડિગોએ શનિવારે જણાવ્યું હતું કે, પરિસ્થિતિનું ઝીણવટભર્યું મૂલ્યાંકન કર્યા બાદ, જેદ્દાહ, દમ્મામ અને મદીના આવતી-જતી ફ્લાઈટ્સ પણ ૩૧ ઓક્ટોબર સુધી રદ રહેશે. શુક્રવારે, એરલાઈને રિયાધ માટેની સેવાઓ ૩૧ ઓક્ટોબર સુધી રદ કરવાની જાહેરાત કરી હતી, જ્યારે અન્ય ત્રણ શહેરો માટે ફ્લાઈટ્સ રદ કરવાની મુદત ૨૭ ઓક્ટોબર સુધી હતી. આકાસા એરે શુક્રવારે જણાવ્યું હતું કે તેમણે રિયાધ માટેની ફ્લાઈટ્સ સ્થગિત રાખવાની મુદત ૩૦ નવેમ્બર સુધી અને જેદ્દાહ માટેની મુદત ૧૦ નવેમ્બર સુધી લંબાવી છે.

એર ઈન્ડિયાએ જણાવ્યું કે, જે મુસાફરો પાસે ૨૪ ઓક્ટોબર ૨૦૨૬ કે તે પહેલાંની કન્ફર્મ બુકિંગ છે, તેઓ ફ્લેક્સિબલ રીબુકિંગ વિકલ્પોનો લાભ લઈ શકે છે અથવા બુકિંગ રદ કરવા પર સંપૂર્ણ રિફંડ મેળવવાનો વિકલ્પ પસંદ કરી શકે છે. ફ્લાઇટ વિક્ષેપોથી પ્રભાવિત મુસાફરોને સુવિધા આપવા માટે, એર ઈન્ડિયા ૨૪ ઓક્ટોબર અથવા તે પહેલાં કરવામાં આવેલા બુકિંગ માટે એક વખત મફત તારીખમાં ફેરફારની મંજૂરી આપી રહી છે.

ઓપરેશન ટ્રાઈડેન્ટઃ ઉત્તર-પૂર્વમાં આંતરરાષ્ટ્રીય ડ્રગ કાર્ટેલનો પર્દાફાશઃ ૧૮ની ધરપકડ

અમિત શાહે નશીલા પદાર્થોને ભારત સામેના સૌથી મોટા પડકારોમાંના એક ગણાવ્યા

નવી દિલ્હી,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, એક આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ તસ્કરી નેટવર્ક (નાર્કોટિક્સ કાર્ટેલ)નો પર્દાફાશ કરવામાં આવ્યો છે અને સુરક્ષા દળોએ આસામ, મિઝોરમ અને મણિપુરથી ૧૮ લોકોની ધરપકડ કરી છે. તેમણે આ કામગીરી કરનાર ટીમને અભિનંદન પાઠવ્યા હતા, જેમાં કેન્દ્રીય એજન્સીઓના સભ્યો અને ત્રણેય રાજ્યોના પોલીસ કર્મચારીઓ સામેલ હતા.

માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ 'ઠ' (અગાઉનું ટ્વિટર) પર 'ઓપરેશન ટ્રાઈડેન્ટ' નામની આ કાર્યવાહી વિશે વિગતો આપતા, ભારતીય જનતા પાર્ટી ભાજપના નેતાએ જણાવ્યું હતું કે આ નેટવર્ક 'ગોલ્ડન ટ્રાયએંગલ કોરિડોર' મારફતે ભારત, મ્યાનમાર અને બાંગ્લાદેશની સરહદો પર માદક પદાર્થોની તસ્કરી કરતું હતું.

તેમણે કહ્યું કે આ ઓપરેશન ૩૧ ડિસેમ્બર, ૨૦૨૯ સુધીમાં ભારતને નશામુક્ત બનાવવાની કેન્દ્ર સરકારની પ્રતિબદ્ધતાને સાબિત કરે છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે દેશ માદક પદાર્થોના આ નેટવર્ક્સ (કાર્ટેલ્સ) સામે ત્યાં સુધી પ્રહાર કરતો રહેશે જ્યાં સુધી તેમનો સંપૂર્ણ સફાયો ન થઈ જાય.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું, "અમારી એજન્સીઓએ ૨૩ ઓક્ટોબરે આસામ, મિઝોરમ અને મણિપુરમાં ૩૮ સ્થળોએ એકસાથે દરોડા પાડીને એક આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ તસ્કરી નેટવર્કનો



પર્દાફાશ કર્યો છે." તેમણે વધુમાં જણાવ્યું કે, "આ ઓપરેશન દરમિયાન ૧૦૦ કરોડ રૂપિયાના હવાલા વ્યવહારોનો ખુલાસો થયો છે, ૧,૪૨૪ બેંક ખાતાઓ ફ્રીઝ કરવામાં આવ્યા છે, ૧૭.૮૨ કરોડ રૂપિયાની સંપત્તિ જમ કરવામાં આવી છે, ૫૦૦ ડેટોનેટર અને ૧૨ લાખ રૂપિયા રોકડા જમ કરાયા છે, તેમજ ૧૮ લોકોની ધરપકડ કરવામાં આવી છે."

આ પહેલાં અમિત શાહે નશીલા પદાર્થોને ભારત સામેના સૌથી મોટા પડકારોમાંના એક ગણાવ્યા હતા અને કહ્યું હતું કે જો તેના પર નિયંત્રણ ન મૂકવામાં આવે તો તે દેશના વિકાસને નુકસાન પહોંચાડી શકે છે. તેમણે જાહેરાત કરી હતી કે કેન્દ્ર સરકાર ડિસેમ્બર ૨૦૨૯ સુધીમાં દેશને નશામુક્ત બનાવશે.

૨૧ ઓક્ટોબરે નવી દિલ્હીમાં નેશનલ પોલીસ મેમોરિયલ (રાષ્ટ્રીય પોલીસ સ્મારક) ખાતેથી આપેલા સંદેશમાં, તેમણે દેશભરના પોલીસ દળોને ભારતને નશામુક્ત બનાવવામાં મદદ કરવા અને આ ખતરાને કાયમ માટે નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ થવા આહ્વાન કર્યું હતું.

જામનગરમાં હષિદા ગરબા મંડળ દ્વારા ૨૮ હજાર બાળાઓને મહાપ્રસાદ, લ્હાણી વિતરણ

મંડળની સ્થાપનાને ૫૧ વર્ષ પૂર્ણ થતાં સંતો મહંતો અને અનેક આગેવાનોની ઉપસ્થિત ભવ્ય કાર્યક્રમ ઉજવાયો





તસવીરઃ સુનિલ ચુડાસમા





જામનગર : જામનગરના શ્રી હર્ષિદા ગરબી મંડળ દ્વારા શરદ નવરાત્રીની ૨૮ હજાર બાળાઓ માટે મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ વેળાએ તમામ બાળાઓને લ્હાણીનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. મંડળની સ્થાપનાને ૫૧ વર્ષ પૂર્ણ થતાં સંતો મહંતોની ઉપસ્થિત ભવ્ય કાર્યક્રમ ઉજવાયો હતો.

શહેરના પવનચક્કી સર્કલ પાસે આવેલા હાલારી ભાનુશાળી સમાજની વેજુમા વાડી ખાતે ગઈકાલ રવિવારના યોજાયેલા આ કાર્યક્રમમાં જામનગર શહેરની ૫૦ શાળાઓની બાળાઓ સહિત ગરબી મંડળના સભ્યો અને સંચાલકો અને સેવા ભાવિ કાર્યકરો આ અવસરે સહભાગી થયા હતા અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. સવારે ૯ વાગ્યે વાછરાદાદાની બાવન ગજની ધ્વજા ફરકાવી અને નવ વાગ્યે મંગલાચરણ થયું હતું. બાદમાં ૧૧ વાગ્યે કચ્છ માતાના મઢના મહંત અને ગાદીપતિ યોગેન્દ્રસિહજીના હસ્તે મંગલદીપ પ્રગટાવી મંગળા આરતી યોજાઈ હતી.

ત્યારબાદ જુનાગઢ ભવનાથ તળેટી સ્થિત જુના અખાડાના થાનાપતિ મહંત બુધગીરીબાપુના હસ્તે બાળાઓને મહાપ્રસાદ પીરસવામાં આવયો હતો. આ મહાપ્રસાદ કાર્યક્રમનું આયોજન સંસ્થાનાં પ્રમુખ, રાજુભાઈ એમ જોષી, ઉપપ્રમુખ ભરતભાઈ ચૌહાણ, મહામંત્રી મુકેશભાઈ ચૌહાણ, ખજાનચી સંદિપ મકવાણા, મંત્રી, સમીરભાઈ વાસુ, સંગઠનમંત્રી મનોજભાઈ ચાવડા, સહમંત્રી ચંદુભાઈ પરમાર, પરેશભાઈ ચુડાસમા, કેતનભાઈ ગોરાતેલા, જીતેન્દ્રભાઈ મકવાણાઝ ભગવાનજીભાઈ પરમાર, તુષારભાઈ દુબલ, જગદીશ ચાવડા, ધર્મેન્દ્રભાઈ, રમેશભાઈ ગોહિલ, કપીલ ચાવડા, નટવરસિંહ પરમાર, કોર્પોરેટર આપીસભાઈ જોષી, રમેશભાઈ છુછીયા, જામનગર મહાનગરપાલિકાના પૂર્વ ચેરમેન શશિકાંતભાઈ પંજાણી, કાનજીભાઈ બથવાર, રાજેશભાઈ ચુડાસમા, મનસુખભાઈ ભાવસાર, કરશનભાઈ સોઢા, કૌશિકભાઈ ઠાકર, દિનેશચંદ્ર રાવલ, શ્રી હર્ષિદા માતાજી ગરબા મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ અને હર્ષિદા ગરબા મંડળના કારોબારી સમિતીનાં સભ્યો તથા હોદેદારોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમનું સુંદર સંચાલન રમેશભાઈ છુછીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

ફલ્લા ગામે શાળાએથી ઘરે પરત ફરેલ બાળકીને ઊલટી-ઉબકા થતા મૃત્યુ

જામનગર : જામનગર તાલુકાના ફલ્લા ગામે વાડીમાં રહેતી ૧૩ વર્ષીય બાળકી શાળાએથી ઘરે પરત ફર્યા બાદ ઉલ્ટી ઊબકા થતા બેભાન થઈ જતા તેણીનું મૃત્યુ નિપજ્યાનો બનાવ પોલીસે ચોપડે નોંધાયો છે.

મૂળ મધ્ય પ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકાના છોટી ઉતી ગામની વતની અને હાલ ફલ્લા ગામે કેશુભાઈ વિરજીભાઈ કાનાણીની વાડીમાં ખેતમજૂરી કરતા લાલુભાઈ ડુંગરસિંહ મહેડાની પુત્રી આશાબેન (ઉ.વ. ૧૩) શાળામાં અભ્યાસ કરતી હતી. તેણી તા. ૨૪ ના રોજ શાળાએથી અભ્યાસ કરીને વાડીમાં આવેલા ઘરે પરત ફર્યા બાદ તેને ઊલટી-ઉબકા થવા લાગતા બેભાન થઈ ગઈ હતી. દરમ્યાન બાળકીને જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જયાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજયું હતું. આ બનાવ અંગે લલ્લુભાઈ મહેડાએ પોલીસને જાણ કરતા પંચકોશી-એ ડિવિઝન પોલીસ હોસ્પિટલ દોડી જઈ બાળકીના મૃતદેહનો કબ્જો સાંભળી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

કાલાવડના મોટીવાવડી ગામની સીમમાં અજાણ્યા શખ્સોએ મગફળીના ઢગલામાં આગ લગાડી

૧૩૫ મણ મગફળી બળીને ખાખ થઈ જતા ખેડૂતને રૂ. ૧.૯૮ લાખનું નુકસાન

કાલાવાડ : કાલાવાડ તાલુકાના મોટી વાવડી ગામની સીમમાં આવેલી વાડીમાં ખેતરમાં કાઢીને રાખવામાં આવેલી મગફળીના ઢગલામાં અજાણ્યા શખ્સોએ આગ લગાડી દેતાં આશરે ૧૩૫ મણ મગફળી બળીને ખાખ થઈ ગઈ હતી. આ બનાવમાં ખેડૂતને રૂ. ૧,૯૮,૦૦૦નું નુકસાન થતાં આ અંગે કાલાવાડ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ, મોટી વાવડી ગામમાં રહેતા અને ખેતીકામ કરતા જીવરાજભાઈ રામજીભાઈ દોંગા (ઉ.વ. ૭૦)ની ગામની સીમમાં સર્વે નંબર ૧૬૩માં ખેતીની જમીન આવેલી છે. આ જમીનમાં તેમણે આશરે ૧૪ વીઘામાં મગફળીનું વાવેતર કર્યું હતું. પાક તૈયાર થતાં આશરે ૧૨ વીઘાની મગફળી કાઢીને ખેતરમાં એક જગ્યાએ ઢગલો કરી રાખવામાં આવ્યો હતો.

ગત તા. ૧૯ ઓક્ટોબરના રોજ સાંજે સાતેક વાગ્યે જીવરાજભાઈ વાડીનું કામ પતાવીને ઘરે જમવા ગયા હતા. ત્યારબાદ રાત્રે દશેક વાગ્યાના સુમારે તેઓ મોટરસાઈકલ લઈને ફરી વાડીએ જઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાંથી જ વાડી તરફ ધુમાડા નીકળતા નજરે પડ્યા હતા. જેથી તેઓ તાત્કાલિક વાડીએ પહોંચ્યા હતા, જયાં મગફળીના ઢગલામાં આગ ભભૂકી રહી હોવાનું જોવા મળ્યું હતું.

આગની જાણ થતાં જીવરાજભાઈએ પોતાના પુત્ર મહેન્દ્રભાઈ તેમજ પડોશી કમલેશભાઈ અને કુટુંબી ગોપાલભાઈને ફોન કરીને બોલાવ્યા હતા. તમામે ભેગા મળીને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ આગની જવાળાઓએ મગફળીના ઢગલાને લપેટમાં લઈ લેતાં આશરે ૧૩૫ મણ મગફળી બળીને નાશ પામી હતી. આ મગફળીની અંદાજિત કિંમત રૂ. ૧,૯૮,૦૦૦ થતી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

પ્રારંભમાં આ બનાવ અંગે અકસ્માતની જાણવાજોગ નોંધ કરવામાં આવી હતી. જોકે, ત્યારબાદની તપાસ અને પૂછપરછના આધારે અજાણ્યા શખ્સોએ વાડીમાં પ્રવેશ કરીને ઈરાદાપૂર્વક આગ લગાડી નુકસાન પહોંચાડ્યું હોવાની શંકાના આધારે ખેડૂત દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ ગોપાલ રામજીભાઈ ચાવડાએ હાથ ધરી છે.

જામનગરમાં ઓરડી ખાલીના પ્રશ્ને દિયરનો ભાભી પર તલવારના હાથાથી હુમલો

જામનગર : જામનગરના ધરાનગર-૧ વિસ્તારમાં ભાડે આપેલી ઓરડી ખાલી કરાવવાના પ્રશ્ને થયેલા વિવાદમાં દિયરે ભાભી પર તલવારના હાથાથી હુમલો કરતાં મહિલાને ઈજા થઈ હતી. જેમાં મહિલાના ડાબા હાથની બે આંગળીઓમાં ફેક્ચર થતાં તેમને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં.

આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ શહેરના ધરાનગર-૧ વિસ્તારમાં રહેતાં ઝરીનાબેન સૌરાના ઘરે તા. ૨૨ ના રોજ સવારે આઠેક વાગ્યે તેમના દિયર આમદભાઈ તમાંચીભાઈ સૌરા હાથમાં તલવાર લઈને આવ્યા હતા અને તેમના પતિને બહાર બોલાવી પુત્ર આમીનને ઓરડી ખાલી કરવાનું કહેવા લાગ્યા હતા. આ ઓરડી પરિવારના અન્ય સભ્ય સલેમાનભાઈએ આમીનને ભાડે આપી હોવાથી પતિએ તેમની સંમતિથી ઓરડી ભાડે રાખી હોવાનું જણાવતાં આમદભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપવા લાગ્યા હતા.

ઝરીનાબેને ગાળો આપવાની ના પાડતાં આમદભાઈએ હાથમાં રહેલી તલવારના હાથાથી તેમના ડાબા હાથ પર હુમલો કર્યો હતો. દરમિયાન આમદભાઈનાં પત્ની રૂકશાનાબેન પણ ત્યાં આવી પહોંચ્યાં હતાં અને ઝરીનાબેનને ગાળો આપી હતી. હુમલામાં ઈજા થતાં ઝરીનાબેનને તેમના પુત્ર આમીન જી.જી. હોસ્પિટલ લઈ ગયો હતો. જ્યાં તેમના ડાબા હાથની બે આંગળીઓમાં ફેક્ચર હોવાનું જણાયું હતું અને ટાંકા લેવા પડ્યા હતા. આ બનાવ અંગે સીટી બી ડિવિઝન પોલીસે આમદભાઈ અને રૂકશાનાબેન સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૭(૨), ૧૧૮(૧), ૩૫૨, ૫૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

દરેડમાં ગાળો બોલવાની ના પાડતા પરિવાર પર શખ્સનો ધોકાથી હુમલો

જામનગર : જામનગર નજીક દરેડ ગામમાં પાણીના ટાંકા પાસે રહેતા એક પરિવારના સભ્યોને ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાયેલા શખસે લાકડાના ધોકાથી હુમલો કરી યુવક, તેની માતા અને બહેનને ઈજા પહોંચાડ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ દરેડ ગામમાં પાણીના ટાંકા પાસે રહેતા અને મજૂરીકામ કરતા અજયસિંહ નારૂભા રાઠોડ (ઉ. ૪૦) તા. ૨૧ની રાત્રે તેઓ ઘરે હતા ત્યારે બાજુમાં આવેલી ખોલીના માલિક વિજયભાઈ રબારી તથા અન્ય ચાર-પાંચ વ્યક્તિઓ મુરલીધર કોલ્ડ્રિંક્સ નામની દુકાન પાસે ઊભા રહી દુકાનના માલિક વિમલભાઈ આહીરને ગાળો ભાંડી રહ્યા હતા. આથી અજયસિંહે બહાર આવી ગાળો બોલવાની ના પાડી હતી.

ત્યારબાદ તેઓ પોતાના ઘર તરફ જતા હતા ત્યારે વાદળી અને કાળા રંગના ચોકડીવાળો શર્ટ પહેરેલા શખ્સે ઉશ્કેરાઈને ત્યાં પડેલો લાકડાનો ધોકો ઉઠાવી તેમના ડાબા હાથમાં માર્યો હતો.

આ દરમિયાન અજયસિંહનાં માતા નંદુબા તેમને છોડાવવા વચ્ચે પડતાં આરોપીએ તેમના ડાબા હાથમાં પણ ધોકો માર્યો હતો. ત્યારબાદ આરોપી ત્યાંથી ભાગવા લાગતાં અજયસિંહનો ભાણેજ યુગરાજ તેની પાછળ ગયો હતો. અજયસિંહનાં નાનાં બહેન સોનલબા પણ આરોપીની પાછળ દોડ્યાં હતાં. થોડે આગળ જતાં આરોપીએ યુગરાજને મારવાનો પ્રયાસ કરતા વચ્ચે પડેલાં સોનલબાને ડાબા હાથમાં ધોકો મારી ઈજા પહોંચાડી હતી અને ત્યારબાદ આરોપી નાસી છૂટ્યો હતો.

ત્રણેય ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જયાં અજયસિંહને ડાબા હાથની બે આંગળીઓમાં ફેક્ચર જેવી ઈજા, સોનલબાને ડાબા હાથના કાંડાના ભાગે ફેક્ચર જેવી ઈજા અને નંદુબાને ડાબા હાથની કાંડીએ મૂઢમારની ઈજા થઈ હતી.

બનાવ બાદ બાજુમાં રહેતા વિજયભાઈ રબારીએ હુમલો કરનાર શખસનું નામ જયદીપભાઈ આહીર હોવાનું જણાવ્યું હતું. પરિવારના સભ્યો સારવારમાં રોકાયેલા હોવાથી હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે આ અંગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

હાપામાં રેલવે કર્મચારીનો ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો

મૃતકના સબંધીઓ દ્વારા ઉપરી અધિકારીના કથિત ત્રાસના આરોપ લગાવાયા

જામનગર : જામનગરના હાપા રેલવે કોલોની વિસ્તારમાં રહેતા અને વર્ગ ૪ ના કર્મચારી તરીકે રેલવેમાં નોકરી કરતા યુવાને અકળ કારણોસર ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લેતા પોલીસે મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે. બીજી બાજુ મૃતકના પરિજનો દ્વારા રેલવેના ઉચ્ચ અધિકારીઓના કથિત ત્રાસનો આરોપ લગાવાઈ રહ્યો છે.



પ્રાપ્ત વિગત મુજબ જામનગરના હાપા રેલવે કોલોની વિસ્તારમાં રહેતા ખલાસી તરીકે નોકરી કરતા રવિચંદ્ર પ્રકાશભાઈ કોટાઈ નામના યુવાને ગત તા. ૨૪ ના રોજ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાનો બનાવ સામે આવ્યો હતો. જેના મોતને લઈ વિસ્તારમાં અરેરાટી વ્યાપી હતી. મોતનું કારણ અકબંધ રહેતા પંચકોશી એ ડિવિઝન પોલીસે દોડી જઈ તપાસ હાથ ધરી હતી.

બીજી બાજુ યુવાનના અંતિમ પગલું ભરી લેવા પાછળ રેલવેના ઉપરી અધિકારીના કથિત ત્રાસની ચર્ચા પણ ઊઠી રહી છે. મૃતકના સબંધીઓના જણાવ્યા અનુસાર યુવાને તા. ૦૮/૦૯ ના રોજ એક મારામારી અને ઝપાઝપીના આરોપ સાથે રેલવે વિભાગમાં એક અરજી પણ આપી હતી. સબંધીઓએ ૩ અધિકારીઓના નામ જોગ ગંભીર આરોપ લગાવી મૃતક યુવાનને સસ્પેન્ડ કર્યો હોવા છતાં ઓફિસમાં બેસાડી રાખવા સહિતનો ત્રાસ આપતા હોવાના આક્ષેપ પણ કર્યા છે. જો કે, આ મામલે સત્તાવાર કારણ આગળ પોલીસ તપાસમાં સામે આવશે.

લાલપુરના કાના છિકારી ગામે છાતીમાં દુખાવો ઉપડતા કામદારનું મૃત્યુ

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના કાના છિકારી ગામની સીમમાં આવેલા બેટરી પ્લાન્ટમાં એક શ્રમિક એકાએક બેભાન થઈ જતા તેમનું મૃત્યુ થયાનો બનાવ મેઘપર (પડાણા) પોલીસ મથકમાં નોંધાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ મૂળ બિહારના ભોજપુર જિલ્લાના રહેવાસી અને હાલ લાલપુર તાલુકાના કાનાલુશ સીમ વિસ્તારમાં આવેલી એલસી-૯ કોલોનીમાં રહેતા અસમાન રામ (૫૦) તેઓ મજૂરીકામ કરતા હતા. તેઓ તા.૨૩ના રોજ બપોરેના કામ પર જતા હતા ત્યારે છાતીમાં દુખાવો થતાં બેભાન થઈ ગયા હતા. ત્યારબાદ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમનું સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. પ્રાથમિક વિગતો મુજબ, હાર્ટ એટેક આવવાને કારણે તેમનું મૃત્યુ થયું હોવાનું જણાવાયું છે.


આ બનાવ અંગે મેઘપર (પડાણા) પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (બી.એન.એસ.એસ.)ની કલમ ૧૯૪ મુજબ અકસ્માતે મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. તપાસ એ.એસ.આઈ. વી.સી. જાડેજા કરી રહ્યા છે.

જામનગરમાં સ્કૂટરમાંથી દારૂના ૩૭ ચપલા મળી આવતા શખ્સની અટકાયત

જામનગર : જામનગરના બેડેશ્વર વિસ્તારમાં દારૂની બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડ્યો હતો. જ્યાં એક શંકાસ્પદ સ્કૂટર દારૂનાં ૩૭ ચપલાં સાથે એક શખસને ઝડપી લીધો હતો. પોલીસે દારૂ અને સ્કૂટર સહિત કુલ રૂ. ૫૩ હજારનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે શહેરના બેડેશ્વર બાલ્કની પાનની સામેની ગલીમાં રોડ દરોડો પાડી સ્કૂટરમાં વેચાણ અર્થે દારૂની હેરાફેરી કરતા હુશેન એલીયાસભાઈ કમોરા (ઉ.વ.૩૨ રહે.બેડેશ્વર બેડી ઈદ મસ્જીદ રોડ કબ્રસ્તાનની બાજુમાં)ને પકડી પાડ્યો હતો. જેની પાસેથી રૂ. ૩,૭૦૦ ની કિંમતના ૩૭ ચપલાં અને દારૂની હેરાફેરીમાં વપરાયેલું રૂ. ૫૦ હજારની કિંમતનું સ્કૂટર સહિત રૂ. ૫૩,૭૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. વધુમાં દારૂનો જથ્થો આરોપી ક્યાંથી લાવ્યો અને કયા પહોંચાડવાનો હતો? તે સહિતની દિશામાં પૂછપરછ હાથ ધરી સંડોવાયેલા શખ્સોને પકડી પાડવા તપાસ લાંબાવી છે.

શરદપૂર્ણિમાની રાત્રિએ દ્વારકાની ગોમતી નદીના જળ પર ચંદ્રમાની ચાંદનીનો નજારો



દ્વારકા : શરદપૂર્ણિમાની રાત્રિએ યાત્રાધામ દ્વારકામાં ગોમતી નદીના પવિત્ર જળ પર ચંદ્રમાની શીતળ ચાંદની રેલાતાં અલૌકિક નજારો સર્જાયો હતો. ચંદ્ર પ્રકાશથી ઝળહળતા ગોમતીના જળ અને આસપાસના ધાર્મિક વાતાવરણમાં કુદરતી સૌંદર્યની અદભુત છટા જોવા મળી હતી. આ નયનરમ્ય દશ્યે દ્વારકાની આધ્યાત્મિક આભામાં અનોખી સુંદરતાનો ઉમેરો કર્યો હતો.

સલાયામાં યુવતી સાથે વાતચીતના પ્રશ્ને બે યુવાન ઉપર ત્રણ શખ્સો તૂટી પડયા

અન્ય બનાવમાં શૌચક્રિયાના પ્રશ્ને ભાઈ ઉપર દંપતીનો લાકડાના ધોકાથી પ્રહાર

ખંભાળિયા : સલાયામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન બે જગ્યાએ માથાકૂટમાં બનાવ પોલીસ દફતરે નોંધાયા છે. જેમાં એક યુવતી સાથે વાતચીતના મામલે ડખ્ખો થતા બે યુવાન ઉપર ત્રણ શખ્સે છરી વડે હુમલો કરી એકને જીવલેણ ઈજા પહોંચાડી હતી તેમજ અન્ય બનાવમાં બાળકીના પ્રશ્ને પરિવાર વચ્ચે ડખ્ખો થતા ભાઈ ઉપર દંપતીએ લાકડાના ધોકાથી પ્રહાર કરવા સબબ સ્થાનિક પોલીસ દફતરે બે જુદી - જુદી ફરિયાદ દાખલ થઈ છે.

મળતી માહિતી મુજબ જામનગરમાં બેડેશ્વર ખાતે ગરીબનગર વિસ્તારમાં રહેતા અને કન્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા ઈમરાન હાસમભાઈ સોઢા નામના ૩૮ વર્ષના યુવાન ઉપર હુસેન અલીભાઈ ગંઢાર, મુનાફ આમીનભાઈ સંધી અને નાસીર મુસ્તાકભાઈ ભગાડ નામના ત્રણ શખ્સે છરી વડે હુમલો કરી ડાબા પગના સાથળના પાછળના ભાગમાં તેમજ માથાના ભાગમાં નાની - મોટી ઈજા પહોંચાડી હતી ઉપરાંત મામદ ઉર્ફે સીકંદરને જાનથી મારી નાખવાના ઈરાદે છરીથી છાતીના ભાગમાં પ્રહાર કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી આથી ત્રણેય સામે ઈમરાન સોઢા દ્વારા સલાયા પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આરોપી હુસેનને કોઈ યુવતિ સાથે વાતચીત ચાલુ હોઈ ત્યારબાદ મનદુઃખ ચાલતુ હોઈ જેના કારણે મામલો બિચકયો હતો અને હુસેન સહિતના શખ્શોએ બે યુવાન ઉપર હુમલો કર્યો હોઈ ત્યારે પી. આઈ. એસ. આર. ખરાડી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ઉપરાંત ખંભાળિયા તાલુકાના સલાયામાં રહેતા હુસેન નુરમામદ જસરાયા નામના ૪૬ વર્ષના યુવાન ઉપર અબ્બાસ નુરમામદ જસરાયા, મેરૂનબેન અબ્બાસભાઈ જસરાયા નામના દંપતીએ પથ્થર વડે હુમલો કરી મોઢાના ભાગે, લાકડાના ધોકાથી ફટકારી માથાના પાછળના ભાગે સામાન્ય અને હોઠના ભાગે છ ટાંકાની ઈજા પહોંચાડી હતી આથી દંપતી વિરૂધ્ધ હુસેનભાઈ જસરાયા દ્વારા સલાયા પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવતા એ. એસ. આઈ. વી. વી. માયાણી આગળની તપાસ ચલાવી રહ્યા છે.

હુમલાનો ભોગ બનનાર હુસેનભાઈ જસરાયાના દીકરાની દીકરી ઘરની બહાર શૌચક્રિયા કરતી હોય જે બાબતને લઈને પરિવારમાં ડખ્ખો થયો હોવાનું ફરિયાદમાં જાહેર થયુ છે.

પડાણા પાટિયા પાસે બેફામ કારચાલકે ત્રણ વાહનો તેમજ કોન્ટેબલને હડફેટે લીધા

કેટા કારનું ટાયર પગ પરથી ફરી વળતાં કોન્ટેબલને ફેક્ચર, ચાલકની શોધખોળ

જામનગર : જામનગર-ખંભાળિયા હાઈવે પર આવેલા પડાણા પાટિયા પાસે બેફામ કેટા કારના ચાલકે બે થી ત્રણ વાહનો અને ત્યારબાદ મેઘપર પોલીસ મથકના કોન્સ્ટેબલને ઠોકરે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને અંજામ આપ્યા બાદ આરોપી કારચાલક રફુચક્કર થઈ ગયો હતો. જ્યારે કારની અડફેટે ઘવાયેલા કોન્સ્ટેબલને પગમાં ફેક્ચર સહિતની ઈજા થતા મેઘપર પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

લાલપુર તાલુકાના મેઘપર પોલીસ મથકમાં ફરજ બજાવતા અને ખાયડી ગામે રહેતા કમલેશભાઈ ડોસાભાઈ ગોજીયા અને અન્ય સ્ટાફ ગત તા. ૨૦ ઓક્ટોબરના રોજ પડાણા પાટિયા નજીક ટ્રાફિક સર્જાતાં કામગીરી અર્થે ગયા હતા. આશાપુરા હોટલ નજીક લોકોનું ટોળું એકત્ર થયું હતું અને ટ્રાફિક જામ થયો હતો. આથી બંને પોલીસ કર્મચારીઓ ત્યાં પહોંચ્યા હતા. સ્થળ પર જતી વેળાએ ખંભાળિયા તરફ જતી કેટા કારના ચાલકે બેફામ સ્પીડે કાર ચલાવી કમલેશભાઈને ઠોકર મારી હતી. રોડ પર ઢળી પડ્યા બાદ કારનું આગળનું ટાયર પગ પરથી ફરી વળતાં ફેક્ચર થયું હતું.

અકસ્માત બાદ આરોપી કાર લઈને નાશી છૂટ્યો હતો. જ્યારે ઈજાગ્રસ્ત કોન્સ્ટેબલને ૧૦૮ની મારફતે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પગમાં ઓપરેશન સહિતની સારવાર ચાલી છે. મહત્વનું છે કે, કારચાલકે અગાઉ પણ બે-ત્રણ વાહનો સાથે અકસ્માત સર્જ્યા હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસ સીસીટીવીના આધારે તપાસ ચલાવી રહી છે.

જામનગરમાં મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચિલઝડપ કરી બે શખ્સો પલાયન

જામનગર : જામનગરમાં ચીલઝડપના કિસ્સામાં ચિંતાજનક વધારો નોંધાવી રહ્યો છે. ત્યારે જામનગરના તિરૂપતિ પાર્ક-૧ વિસ્તારમાં ઘરની બહાર ખુરશી પર બેઠેલી મહિલાના ગળામાંથી બે અજાણ્યા શખ્સો સોનાની ચેનની ચીલઝડપ કરીને ફરાર થઈ જતાં ચકચાર મચી છે. બાઈક પર આવેલા શખ્સોએ મહિલાના ગળામાંથી ૭૦ હજારની કિંમતના આશરે સાત ગ્રામ સોનાના ચેનનો ટુકડો ઝૂંટવી લેતા વિસ્તારમાં દેકારો બોલી ગયો હતો.

શહેરના તિરૂપતિ પાર્ક-૧ વિસ્તારમાં રહેતા મહિલા મમતાબેન અરવિંદભાઈ શ્રેષ્ઠનાથસિંહ રાજપૂત (ઉ.વ. ૪૫) તા. ૨૪ ઓક્ટોબરની રાત્રે પોણા નવ વાગ્યાના અરસામાં પોતાના ઘરની બહાર ખુરશી પર બેસીને મોબાઈલ ફોન જોઈ રહ્યાં હતાં, ત્યારે એક શખ્સ કાળા રંગનું બાઈક લઈને તેમની પાસે ઊભો રહ્યો હતો અને અન્ય શખ્સે તેમના ગળામાંથી સોનાની ચેન ખેંચી હતી. મહિલાએ ચેન પકડી રાખવાનો પ્રયાસ કરતાં ચેન તૂટી ગઈ હતી અને તેનો એક ટુકડો તેમના હાથમાં રહી ગયો હતો, જ્યારે આશરે સાત ગ્રામ સોનાનો ટુકડો ઝૂંટવી બંને શખ્સો બાઈક પર ઢીચડા તરફ જતા સિમેન્ટ રોડ પરથી નાસી છૂટ્યા હતા. મહિલાએ બૂમાબૂમ કરતાં પાડોશીઓ એકત્રિત થયા હતા અને શખ્સોને પકડવા દોડ્યા હતા, પરંતુ તેઓ હાથ લાગ્યા ન હતા. ચીલઝડપ કરનાર શખ્સોમાં બાઈક પાછળ બેઠેલા શખ્સે મોઢા પર માસ્ક અને કાળા રંગ જેવી ટોપી પહેરી હતી. આ બનાવ અંગે મમતાબેને જામનગર પોલીસમાં બે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

જામજોધપુરના જામવાડી ગામે પત્ની સાથે ઝઘડો થતા શ્રમિક યુવાને કૂવો પૂર્યો

અન્ય યુવતી સાથેની વાતચીત અને ઓડિયો કલીપને લઈને ઝઘડો થતા અંતિમ પગલું ભર્યું

જામનગર : જામજોધપુર તાલુકાના જામવાડી ગામે વાડી વિસ્તારમાં રહેતા મધ્યપ્રદેશના આદિવાસી શ્રમિક યુવાનને પત્ની સાથે ઝઘડો થતા તેઓ કૂવામાં કૂદી આપઘાત કરી લેતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

પ્રાપ્ત વિગત મુજબ મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ જામજોધપુર તાલુકાના જામવાડી ગામે રહેતા કિશનભાઈ ચેનસિંહ અજનાર નામના ૨૪ વર્ષીય શ્રમિક યુવાન જામવાડી ગામે ભગવાનજીભાઈ રણછોડભાઈ ભાણવડિયાની વાડીએ મજૂરી કામ કરતા હતા. કિશનભાઈ કોઈ રિયાંસી નામની યુવતી સાથે સંદેશા અને ઓડિયો ક્લિપ મારફતે વાતચીત કરતા હોવાની બાબતે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો હતો. આ બાબતનું મનમાં લાગી આવતાં કિશનભાઈએ તા. ૨૫ના રોજ વહેલી સવારે કૂવામાં કૂદી આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે તેમની પત્ની ગુડીબેન (ઉ.વ. ૨૨)એ જામજોધપુર પોલીસને જાણ કરતાં ઘટનાસ્થળે દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.